રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## સૌરાષ્ટ્ર લોકશાળાસંઘ દ્વારા આયોજિત ૫૭મી શિક્ષણ - સંગોષ્ઠિ 'રેલી'



સ્થળ : કળસાર

વિષય : 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'

તારીખ :
૧૫-૦૨-૨૦૨૩, બુધવારથી
૧૯-૦૨-૨૦૨૩, રવિવાર



સ્થળ : થોરડી

બેશુમાર વેગે આવી રહેલી અજોડ અને અમાપ શક્તિ ધરાવતી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની નવી ટેકનોલોજી માનવ અને બ્રહ્માંડ સાથેની સુસંવાદી એવી સર્વોદયલક્ષી સંસ્કૃતિની આધારશિલા બનશે કે સર્વનાશ નોતરશે એ તો સમય જ કહી શકે પણ અત્યારે તો આ અભ્યાસ કરવો આપણા માટે અનિવાર્ય બની ગયો છે.

વર્ષ: ૭૬ અંક : ૦૮ ૧૫ માર્ચ, ૨૦૨૩

# ૫૭મી શિક્ષણ- સંગોષ્ઠિ 'રેલી' કાર્યક્રમ : કળસાર












# કોડિયું

વર્ષ : ૭૬ | માર્ચ : ૨૦૨૩ | અંક : ૦૮

## અનુક્રમણિકા


૦૧ **ખુલ્લા આંખ-કાન અને દ્રષ્ટિ હોય ચકોર તો મળતું રહે નવું નક્કોર!** ...૩૩૪
હીરજી ભીંગરાડિયા

૦૨ **કાયદાના શાસનનો વિચાર** ...૩૩૮
ડંકેશ ઓઝા

૦૩ **પદ્મશ્રી ગફુરભાઈ બિલખિયા** ...૩૪૦
ડૉ. દિનુ ચુડાસમા

૦૪ **સંસ્મરણો** ...૩૪૩
બાલુભાઈ ગોહિલ

૦૫ **સમય - ગઈકાલનો, આજનો અને આવતીકાલનો** ...૩૪૫
કાલિન્દી પરીખ

૦૬ **પીડપરાઈને ઉજાગર કરનાર : અલ્પેશ બારોટ** ...૩૪૭
ડૉ. મહેશ સી. વાઘેલા

૦૭ **ભૂલાતી માતૃભાષા, ભૂલાતો એનો શબ્દવૈભવ...!** ...૩૪૯
રવજી ગાબાણી

૦૮ **બાહુબળથી અદકેરું આત્મબળ** ...૩૫૩
રણછોડ શાહ

૦૯ **શિક્ષણ પસંદગીનું હોય પ્રણાલીનું નહિ** ...૩૫૫
હા. શ. ભટ્ટ

૧૦ **ઈશ્વરના ચંપલ એટલે કુમાશનો કોશેટો** ...૩૫૭
પારસકુમાર

૧૧ **જોઈએ... જોઈએ... શિક્ષક જોઈએ છે!** ...૩૫૯
ડૉ. સંજય આર. તલસાણીયા

૧૨ **મહાત્મા ગાંધીજી અને હું...** ...૩૬૨
ડૉ. બળવંતભાઈ તેજાણી

૧૩ **સંસ્થા સમાચાર** ...૩૬૫
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

## ◆ સૂચના ◆

- ‘કોડિયું’ દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

## ◆ લેખ મોકલવા માટે ◆

‘કોડિયું’ કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

## ◆ લવાજમ ◆

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### ...હૈયે હરખ ન માય...

ગ્રામાભિમુખ કેળવણીમાં ગાંધીવિચારની ઔષધી એકરૂપ કરી કાર્યરત આપણી લોકદક્ષિણામૂર્તિ સંસ્થાઓએ છેલ્લા બે મહીનાઓમાં કાર્યક્રમોની હારમાળા સર્જીને સંસ્થાની સ્થાપનાના હેતુઓને સાર્થક કરી આપ્યાં છે.

ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને મણાર ખાતે યોજવામાં આવેલ રાષ્ટ્રીય સેવા યોજનાના અને અન્ય કાર્યક્રમો તથા ૫૭મી રેલીના કાર્યક્રમોને ખરા અર્થમાં જ્ઞાન-સપ્તાહ તરીકે ઊજવી બતાવ્યું. વિદ્યાર્થીકિન્દ્રી આ કાર્યક્રમો આજે ૬૫ વર્ષથી સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર ઊજવાઈ રહ્યા છે એથી મોટી ઉપલબ્ધિ શું હોઈ શકે ? આપણા દાર્શનિક દાદાઓના આત્મા રાજી થતા હશે.

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે વસુંધરાની વાણી, ગાંધી સપ્તાહ અને પછી વિજ્ઞાન સપ્તાહ આસપાસની શાળાઓ અને ગ્રામજનોની ભાગીદારીથી વિદ્યાર્થીઓ દ્વારા જે રીતે ઊજવણી કરી એણે તો નઈ તાલીમની અનુભવ અને પ્રવૃત્તિ દ્વારા અપાતી કેળવણીના મૂલ્યોને ચાર ચાંદ લગાવી દીધા. કેળવણીમાં જીવાતા જીવનનો ધબકાર ઊજાગર થયો એ ગમ્યું.

લોકભારતી અધ્યાપન મંદિર ગીરના જંગલો વચ્ચે અને સિંહોની મનમોહક હાજરી વચ્ચે નેસડાઓમાં જે બાળશિક્ષણ આપ્યું છે એ સૌ કોઈને ધન્યતા બક્ષનારું બની રહ્યું છે. લોકભારતી લોકવિજ્ઞાન કેન્દ્રની સાથે રહીને અધ્યાપન મંદિરે ગામડાઓમાં ઊજવેલ વિજ્ઞાન સપ્તાહે પણ જમાવટ કરી. જાણે વિજ્ઞાન ગ્રામાભિમુખ થઈ રહ્યું છે.

લોકસેવા મહાવિદ્યાલય દ્વારા પ્રવાસો, શિબિરો, સ્ટાર્ટઅપ અને વિવિધ નિવાસોએ સંબંધિતોને પૂરો સંતોષ આપ્યો. પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર પુનઃધબકતું થયું છે એ આનંદ-સંતોષની ઘટના છે. લોકભારતીના કૃષિ વિજ્ઞાન કેન્દ્રએ તો કાર્યક્રમોની રમઝટ બોલાવી છે. વિદ્યાવિસ્તરણ કાર્યક્રમો જે લોકભારતીના પ્રારંભકાળમાં થતા હતા તેની યાદ તાજી કરનારા આ કાર્યક્રમો ગામડાંઓની આજની માંગ પ્રમાણેની ગામડાંઓમાં તાજગી બક્ષી રહ્યા છે. મોજીલું શિક્ષણ આવું જ હોય છે.

લોકભારતી યુનિવર્સિટીએ જિલ્લા કક્ષાના અનેકવિધ કાર્યક્રમો યોજીને સમૂહમાધ્યમો દ્વારા સારી ચાહના મેળવી છે. ઘણા ટૂંકા સમયમાં સ્નાતકથી લઈ પીએચ.ડી. સુધીના કોર્સ શરૂ કરવા માટે સૌને અભિનંદન દેવા ઘટે.

આ બધા જીવનલક્ષી કેળવણીના કાર્યક્રમો લોકભારતીત્વને ઉજાગર કરી રહ્યા છે. તેનો તો સૌને હરખ છે જ પણ સૌથી મોટી વાત આ તમામ વિભાગોમાં સૌ કાર્યકરોનું ઊભું થઈ રહેલું ટીમવર્ક સંસ્થાને તંદુરસ્ત અને લાંબુ ભવિષ્ય બક્ષસે તેમાં કોઈ શંકાને સ્થાન નથી. ઋષિ વિનોબાનું સ્મરણ થઈ રહ્યું છે. 'શિક્ષણના મૂળ કડવાં છે પણ એના ફળ મીઠાં છે.'

— (signature)

## ૦૧ ખુલ્લા આંખ-કાન અને દ્રષ્ટિ હોય ચકોર તો મળતું રહે નવું નક્કોર!

**હીરજી ભીંગરાડિયા**

---

ઘણાં વરસો પહેલાં પંચવટી બાગમાં મોટેપાયે ફળઝાડોના રોપા અને કલમો તૈયાર કરવાની નર્સરી શરૂ કરેલી. નર્સરી બાબતેના કામકાજમાં સૌથી પહેલું અને અગત્યનું અને મુંઝવતું જો કોઈ કામ હોય તો તે છે પ્લાસ્ટીકની નાની નાની કોથળીઓમાં માટી ભરી બેડમાં ગોઠવવાનું. નાની નાની કોથળીઓમાં માટી ભરવાનું કામ બહુ વિલંબવાળું હોય છે. એક જણ એ નાનકડી થેલીનું મોઢું પહોળું કરી હાથથી ખુલ્લું પકડી રાખે અને બીજો જણ માટી ભરેલ ખોબા વચ્ચેથી પાતળી ધાર કરી એમાં જવા દે. ઘણા બધા મજૂરોની મજૂરી ચડે પણ બીજો રસ્તો મળેલો નહીં, એટલે આ વિલંબ સ્વાભાવિક લાગેલો.

**નવી ટેક્નિકના સંશોધકોઃ**

બનેલું એવું કે સમય હતો બરાબર ઉનાળાનો. અમારા મોટા કુટુંબના પાંચ-સાત બાળકોને નિશાળમાં વેકેશન ચાલતું હોવાથી જ સવારમાં જ એ સૌ અમારી હારોહાર વાડીએ આવવા ગાડામાં ચડી બેહતા. એ બધાને તો વાડીએ આવી બીજી તો શું પ્રવૃત્તિ કરવાની હોય ? બસ ટીટોડીએ ઈંડા ક્યાં મૂક્યા છે એનાં ઠેકાણાં શોધવાનાં, ખાવું-કૂદવું ને કુંડીમાં નહાવું-એવી મોજ-મસ્તી જ કરવાની હોય !! એમાં એના દેકારા-પડકારા સંભળાતા બંધ થતાં મેં ધ્યાન કર્યું તો આખી ટોળકીને દૂર લીંબડાને છાંયડે કંઈક બથોડા ભરતી ભાળી.ઝઘડતા તો નથીને ? એમ ધારી હું ત્યાં ગયો અને જોયું તો એમણે તો અમારા મજૂરોએ ફેંકી દીધેલી તૂટેલી-ફૂટેલી કોથળીઓ ઉપાડી જઈ ''નર્સરી-નર્સરી'' ની રમત શરૂ કરેલી. અને તેઓએ પણ અમારી જેમ થેલીઓમાં માટી ભરવાનું શરૂ કરેલું. હવે એ શું કરે છે તે જોવા હું ત્યાં જરાક રોકાઈ ગયો. ત્યાં તો એક ટાબરિયો દોડતો જઈ થોડે દૂર પડેલા દેશી નળિયાના ઢગલામાંથી એક નળિયું લઈ આવ્યો અને એ નળિયાના પાતળા છેડાને પ્લાસ્ટીક બેગના મોઢામાં ભરાવી, બીજો પહોળો છેડો માટીના ઢગલામાં ભરાવ્યો અને સવળો કર્યો તો નળિયા મારફત આખી થેલી માટીથી છલકાઈ ગઈ ! બીજો ટાબરિયો એ જોઈ ગયો. એ ય દોડાદોડ એક નળિયું લઈ આવ્યો. ત્રીજો-ચોથો —બધા જ એક એક નળિયું ઉપાડી આવ્યા અને એ રીતે થેલીઓમાં માટી ભરવા લાગ્યા. હું તો એની માટી ભરવાની શોધી કાઢેલી નવી ટેક્નિક જોઈને આભો બની ગયો ! માળાં ટાબરિયાં ! આ તો અમારાયે ગુરુ નીકળ્યાં ! અમને થયેલ મુંઝારાનો ઉકેલ તો આ લોકોએ જ આપી દીધો ! એટલે મેં પણ ત્રણ ચાર જણને બોલાવી દેશી નળિયાંના એ ઢગલામાંથી થોડાં નળિયાં ઉપડાવી, દરેકને એક એક સોંપી થેલીઓમાં માટી ભરવાનું કામ ઝડપથી કરવા માંડ્યું. તે દિવસોમાં મોબાઈલ ફોન તો હતા નહીં, એટલે દામનગર જઈ, એસ.ટી.ડી.માંથી નાનાભાઈ રામજીને સુરત ફોન કર્યો કે તમારી ફેક્ટરીમાંથી તળિયા વિનાના ગ્લાસ જેવા જે હળવાં બોબીન આવે છે તે મોકલો. અને આનાથી અમને મુંઝવતું એ આખું કામ સરળ બની ગયું.

**ભાંગ્યાના ભેરૂ :**

આપણ ખેડૂતોને ગાયો, બળદો. ભેંશો અને ગાડા-ટ્રેક્ટર સાથે વધુ વ્યવહાર હોય. એટલે પ્રશ્નો તો જાજા એને લગતા જ હોયને ? અમારો એક બળદ જીવ્હું અડી જતાં મરી જવાથી બીજો કાબરો બળદ ખરીદ્યો. જોયો હોય તો લોહીએ લથબથ – ભાળ્યે ભૂખ ભાંગે એવો ! હળવા કામે વાંધો નહીં – પણ બેડિયા બળદે રજકાવાયું ખેડવા લોઢાના હળે જોડ્યો ને માળો એક બે ને ત્રીજી ઉથલે અધવચ્ચે જ રહ્યો ઊભો ! ને પરોણો મારતા ગયો બેહી ! હવે ?' બાપો.....બાપો..., ઉઠ ભાઈ....ઉઠ ..' કહી

ફોહલાવ્યો- પણ વ્યર્થ ! નાથ પકડી આગળ ખેંચ્યો પણ માળો ઊભા થવાનું નામ ન લે ! અમારા સાથી ગોવિંદભાઈએ લીધો એક પરોણો ! ફડૂહ...ફડૂહ વાંહામાંને બરડે માંડ્યા દેવા ! પરોણાના સળ ઊઠી આવ્યા પણ, મારનેયે ગણકારે એ બીજા ! એતો લાબી ડોક ભોંયે અડકાડી આંખો મીંચી થઈ ગયો ઠોઠડો ! મારવો કેટલોક ? થાક્યા અમે તો ! શું કરવું હવે ? અમારા મુંજારાનો પાર ન રહ્યો. ત્યાં વાડીએ બેઠેલા અમારા કાકા આ ધમાલ જોઈ ગયા ને હાંકલો કર્યો અમને 'એલા મારોમા.....મારોમા..' ઉતાવળે આવી પહોંચ્યા અને કહ્યું "એક કામ કરો-એની રાશ ઢીલી કરી ઘો ને તરેલાની સંબોલ કાઢી લઈ-ધરમાંથી છૂટો કરી મેલો " અને એમ કર્યા ભેળું માળો હફડકદઈ ઊભો થઈ ગયો બોલો ! બળ કેટલું વાપરી જોયું અમે ? પણ એનાથી કામ ન થયું અને કાકાના આવા ખુંટલ પાસેથી કામ લેવાના તરીકાએ અમારો પ્રશ્ન ઉકેલી દીધો. ભાંગ્યાના ભેરુ અમારા કાકા બની રહ્યા બોલો !

**અદમ્ય ઇચ્છાની પૂર્તિ..........**

એ તો હવે પંદરેક વરસથી અમારા વિસ્તારમાં બીટી કપાસના વાવેતર ખૂ'બ વધ્યા છે, બાકી પહેલાં તો અમારે ત્યાં મગફળીનાં જ મોટાં વાવેતર થતાં. પણ મગફળી પાક પાસેથી વધુમાં વધુ ઉતારો મેળવવાના પૂરતા પ્રયત્નો કરવા છતાં એક વીઘે ૧૬ ગુંઠામાં વધુમાં વધુ ૨૮ મણ સુધી પહોંચી શકેલા. પણ જ્યારથી અમારા કૃષિ વિકાસ મંડળની મિટિંગમાં શ્રી રવજીભાઈ સાવલિયા પાસેથી સાંભળ્યું કે "પરદેશોના ખેડૂતો તો વીઘાદીઠ ૬૦-૬૫ મણ ઉતારો આસાનીથી મેળવી રહ્યા છે." ત્યારથી મનમા એક જ વાત રમ્યા કરતી હતી કે "એવું અઢળક ઉત્પાદન મેળવવાની ખેતી પદ્ધત્તિ નજરે જોવા-સમજવાનો મોકો ક્યારે ઊભો થાય ? અને ક્યારે હું પણ એવું રાક્ષસી ઉત્પાદન મેળવતો થાઉં ?

અને મિત્રો ! "મન હોય તો માળવે જવાય" એ ન્યાયે કુદરતને કરવું છે તે એ મોકો ઊભો થઈ ગયો ૨૦૧૦ની સાલમાં. ખાસ મગફળીની ખેતી નજરે જોવા અને તેની ખેતી પદ્ધત્તિને સમજવા સૌરાષ્ટ્રમાંથી ૬ ખેડૂતો અને બે વિજ્ઞાનીઓને "IOPEPC" દ્વારા ચીનમાં જવાનું ગોઠવાયું. અને ત્યાંના મગફળીના પાક પર આવેલા ખેતરોમાંથી એક ગુંઠો જમીન માપીને, અંદરની મગફળી જાતે ખેંચી, એમાંથી ડોડવા તોડી એનું વજન ચલીલા ડોડવા સામે સૂકા ડોડવા બદલીને કરતાં ૯૪ કીલો એટલે કે આપણા નાના વિઘે ૧૫૦૮ કીલો વજન ઉતર્યું ! મગફળીની ખેતી બાબતેના ઊભા થયેલા પ્રશ્નનો જવાબ અમને પરદેશની ખેતીમાંથી મળ્યો બોલો ! અને અમે પંચવટી બાગમાં ચાઇનામાંથી જાણી લાવેલ મગફળીની ખેતી પદ્ધત્તિને અમલમાં મૂકી આપણી પરંપારિક પદ્ધતિ કરતા વીઘે બમણું ઉત્પાદન મેળવવા બાબતે સફળતા મેળવી ત્યારે સંતોષ થયો..

**મુંઝવણનો ઉકેલઃ**

૧૦૦ વિઘાનો આખેઆખો પંચવટી બાગ "ટપક સિંચાઈ પદ્ધતિ" ને ચરણે ધર્યો એને તો આજ પૂરા ૩૨ વરસ થઈ ગયાં. પણ આરંભમાં ફળપાકોમાં અંદરની જમીનમાં ખેતીકામોમાં નડતરરૂપ ન બને અને વારંવાર લેટરલને પાથરવા-સંકેલવા જેવી કડાકૂટમાથી બચી શકાય એ વાસ્તે ઝાડના થડથી ૪-૫ ફૂટ દૂર બન્ને બાજુ એક એક લેટરલ લાઈન જમીનમાં ૬ ઇંચ ઊંડે દાબી જોઈ હતી. પણ ચાર જ મહિનામાં અમે જોયું કે કેટલાક ડ્રીપર્સ પાણી છોડતાં બંધ જણાતાં અમે એને બહાર કાઢીને તપાસ કરી તો જોવા મળ્યું કે બંધવાઈ ગયેલાં બધાં જ ડ્રીપર્સની અંદર પાકનાં મૂળિયાં ઘૂસી ગયેલાં છે ! અને અમારે બધી જ લેટરલ બહાર ખેંચી લેવી પડેલી. તે દિવસનો એક સવાલ મનમાં રમ્યા કરતો હતો કે લેટરલ જમીનમાં દાબવા છતાં પાકના મૂળિયાં અંદર ન ઘૂસે એવો કોઇ ઉપાય ખરો ?

અને એ ઉપાય તાજેતરમાં ૨૦૧૫ની સાલમાં અમોને ઇઝરાયલની કૃષિયાત્રા દરમિયાન મળ્યો. અમે ત્યાં જોયું કે પેર, બદામ, સફરજન, આંબા જેવા વૃક્ષોના બગીચાઓમાં ક્યાંય ટપક પદ્ધત્તિની લેટરલ નજરે ન ચડતાં અમે પ્રશ્ન

કરેલો કે "ઝાડ ફરતે ક્યાંય લેટરલ લાઈન તો દેખાતી નથી, તો પછી તમે આ ફળઝાડોને પિયત કેવી રીતે આપો છો ?" એમનો જવાબ હતો કે "અમે ઝાડના થડથી ૫ ફૂટ દૂરી પર બન્ને બાજુ એક એક લેટરલ જમીનમાં ૬ ઇંચ ઊંડી દાબી દીધેલી છે." તો મેં એમને અમારો અનુભવ જણાવ્યો કે "અમે પણ એવું કરી જોયું હતું, પણ એમાં તો ડ્રીપર્સની અંદર પાકનાં મૂળિયાં ઘૂસી જઈ પાણી છોડવામાં રૂકાવટ ઊભી કરી દેતા ભાળ્યાં છે." તો કહે " અમારે ત્યાં ઈઝરાયેલમાં આવું નથી બનતું. કારણ કે અમે પાણીની ભેળું એવું રસાયણ ભેળવી દઈએ છીએ કે મૂળિયાં ડ્રીપર્સની નજીક આવે જ નહીં !" "વાહ ! તો પછી અમે ભારતમાં એ રસાયણનો ઉપયોગ ન કરી શકીએ ?" તો કહે "ના, એ રસાયણ તમારે ત્યાં માન્ય નથી." જવાબ સાંભળી અમે તો છક થઈ ગયા કે ઈઝરાયેલનું તો કહેવું પડે ભાઈ ! કોઇ સવાલ એવો નથી કે જેનો જવાબ ઈઝરાયેલ પાસે ન હોય!

**વારંવારની ધમાલમાંથી મૂક્તિ :**

અમે આમળાની ખેતી શરૂ કર્યા પછી ફળો ઉતરવાની શરૂઆત થયે જિલ્લાના બાગાયત-કેનીંગ સેંટરમાંથી એક વિષય નિષ્ણાંતને ઘેર બોલાવી ફળોમાંથી મૂલ્યવર્ધિત બનાવટો શીખવવાનો ત્રીસેક બહેનોનો એક વર્ગ લેવરાવેલો અને આમળા ફળમાંથી જીવન, જામ, મુરબ્બો, સરબત, મુખવાસ, અથાણા, પાવડર, તેલ અને કેંડી -ચોકલેટ જેવી બનાવટો કેમ બનાવવી તે શિખવાડેલું. અને એ બધી બનાવટો બનાવવામાં ગોદાવરીનો હાથ એવો બેસી ગયેલો કે ૨૦૦૧ની સાલમાં આણંદ કૃષિ યુનિ.માં આયોજિત હરિફાઈમાં ૩૫૦ કેંડીના નમૂનાઓમાં અમારે ત્યાં બનાવેલી કેંડી સૌથી પહેલા ઇનામને પાત્ર બનેલી. છતાં પણ હજુ "આનાથીયે ઉત્તમ કેંડી કેવી રીતે બનાવી શકાય"? એ ગોદાવરીને મન એક સંશોધનનો વિષય બની ગયેલ.

કેંડી બનાવવાની જે રીત એના વિષય નિષ્ણાંતે શિખવાડેલી એમાં આમળાને બાફવાના અને પછી ચાર-પાંચ વખત ચાસણી બનાવી તેમાં ડૂબાવ્યા કરી, પછી ચીરીઓ અલગ કરવાની, પછી જુદી પાડી સુકવવાની...જેવી લાંબી કડાકૂટને હિસાબે અન્ય સ્ત્રીઓ કેંડી બનાવવાથી દૂર રહેતી હતી. એટલે મનમાં એક જાતનો મુંઝારો કાયમ રહ્યા કરતો કે કેંડી બનાવવા માટેની બીજી કોઈ સહેલી રીત ન શોધી શકાય ? એ અંગેના થોડા પ્રયોગોના અંતે બાફેલા આમળાને ચાસણીમાં ડુબાડવાનું બંધ રાખી, દળેલી સાકર કે ખાંડ ચીરીયો સાથે ભેળવીને ત્રણેક દિવસ રાખી મૂકીએ ત્યાં ગળપણ આપોઆપ ચીરીયોમાં દાખલ થઈ જાય છે અને તૂરાશ-ખટાશ પાણીરૂપે બહાર આવી જાય છે, પરિણામે પરિણામ ચાસણીમાં ડુબાવ્યાથી પણ સારું મળી જાય છે-એટલો સુધારો કોઠાસૂઝથી એણે મેળવી જ લીધો હતો. કહોને વારંવાર ચાસણી બનાવવાની ધમાલમાંથી તો છૂટકારો મળી જ ગયો હતો ! બસ હવે એ રીતે જ બનાવવાનું અને અન્ય બહેનોને શીખવવાનું ચાલુ હતું.

એવામાં અમારા બેન-બનેવી રાજસ્થાનમાં સર્વિસ કરતા હતા ત્યાં આંટો જવાનું થયું. બહેનની બેનપણીને ત્યાં ચા-પાણી પીવા ગયા તો ત્યાં એ બહેને પણ આમળાની કેંડી બનાવેલી તે અમોને દેખાડી-ચખાડી. અરેઅરે ! આ તો અમે બનાવીએ છીએ એ કેંડી કરતાં પણ સારી છે એવું લાગતાં એમની પાસેથી તે બનાવવાની પદ્ધત્તિ જાણીને અમે તો દંગ રહી ગયા ! એ રીતમાં ફેરફાર બસ એટલો જ હતો કે આમળાને કુકરમાં નાખી બાફવાને બદલે બે દિવસ રેફ્રીઝરેટરના "ફ્રીઝર" બરફના ખાનામાં મૂકી રાખવાના અને પછીથી બહાર કાઢી ૩-૪ કલાક બહાર પડ્યા રહેવા દઈએ ત્યાં જાણે કે કુકરમાં બાફ્યા હોય એવા જ ઢીલાં પડી જાય છે. બસ, હવે એની દરેક ચીરીઓ હાથથી જુદી પાડી બીયા અલગ કરી દઈ, દળેલી સાકર કે ખાંડમાં ભેળવી – બે-ત્રણ દિવસ રાખી મૂક્યા પછી દરેક ચીરીઓ અલગ કરી સ્ટીલના ત્રાંસમાં પંખા નીચે સૂકાવી દેવાથી કેંડી તૈયાર થઇ જાય છે, જેને બાર મહિના ફ્રીઝમાં રાખવાની પણ જરૂર પડતી નથી.ઉત્તમ કેંડી બનાવવાની કોઈ ઉત્તમ રીતની

શોધમાં હતા,જે રાજસ્થાન માહ્યલા એક બહેન પાસેથી મળી ગઈ

**સીતાફળ ખાવા બાબતે સરળતા :**

જયારે અમે પંચવટી બાગમાં જામફળ, ચીકુ, લીંબુ, આમળા, દાડમ, બોર, ખારેક, ગુંદા અને સીતાફળ જેવા અનેક ફળઝાડોની ખેતી શરૂ હતી ત્યારે કાયમ અમને થયા કરતું કે " ચીકુ કે જમરૂખને તો સીધેસીધું મોઢું લગાડીને કે ચીરીઓ કરીને ખવાય, લીંબુ કે કેરીનો ઉપયોગ એનો રસ કાઢીને કરી શકાય, જ્યારે ખારેક, ગુંદા કે બોરને પણ સીધા હાથમાં પકડીને જ ખાઈ શકાય, પણ સીતાફળ એવું ફળ છે કે જેને નથી સીધેસીધું બટકુ ભરી ખાઈ શકાતું કે નથી એની ચીરીઓ કરી શકાતી, કેમ કેળાની જેમ એની છાલ અલગ કરીને પણ નથી ખાઈ શકાતું ! પાછું ફળ એવું મીઠું કે ખાધા વગર રહી પણ ન શકાય ! ખાતી વખતે એના બે ભાગ કરી, અંદરની કળીઓ હાથથી પકડી ખાતા ગોબરવેડા લાગે અને ખાવાની મજા બધી મારી જાય ! મનમાં કાયમ એવો વિચાર આવ્યા કરે કે સીતાફળ સરખી રીતે ખવાય એવી કોઈ રીત હશે કે હશે જ નહીં ?

એવામાં અમારે સજીવખેતીના પિતામહ ગણાય એવા શ્રી ભાસ્કરભાઈ સાવેની વાડી જોવા દેહરી જવાનું થયું. એમની વાડી જોયા પછી બાજુમાં આવેલ ગાલાફાર્મ જોવા ગયા. ત્યાં અમારા સ્વાગતમાં દરેકને બેબે સીતાફળ ભરેલી એક એક ડીશ અપાઈ. પણ સાથે આ શું ? દરેકની ડીશમાં બે સીતાફળની સાથે એક ચમચી શા માટે મુકાઈ હશે? અમારામાંથી કોઈને આ કોયડાનો ઉકેલ મળતો નહોતો. અમે સૌએ થોડી ધીરજ ધરી. થોડી વારે વાડીના માલિક આવ્યા અને એમને માટે પણ અમારી જેમ જ મૂકાયેલી ડીશમાંથી એક ફળને ડીંટિયું નીચે રહે તેમ ડાબા હાથમાં પકડ્યું અને જમણા હાથે ફળની ઉપલી છ-સાત કળીઓની ઉપરની છાલ હળવે હળવે ઉપાડી લીધી અને પછી ચમચીથી જેમ આઇસ્કીમ ખાતા હોઈએ એમ ફળમાં ઉપરથી ચમચી દાખલ કરી,અંદરનો ગર બીજ સાથે ચમચીમાં લઈ ખાવાનું શરૂ કર્યું. બીજ ચગળીને પછી કાઢી નખાય વાહ ! સીતાફળને લિજ્જતથી કેમ ખવાય તેનો ઉપાય અમને અહીં નજરો નજર મળી ગયો ! અત્યાર સુધી સીતાફળ ખાવામાં હાથ બગડે અને જે ગોબરવેડા થતા તેના હિસાબે સીતાફળ ખાવાનું બંધ રાખતા, પણ પછીથી કાયમ ચમચી વડે સીતાફળ ખાતા થઈ ગયા, અને ઘણાબધાને એ રીતે ખાતા કરી દીધા. તમે પણ સીતાફળને આ રીતે ખાવાનું ગોઠવશો તો ઓર મજા આવશે, કરી જોજો !

આંખ-કાન ખુલ્લા રાખીએ તો ઉપાયો - નુસ્ખાઓ અને નવી વાતો ગમે ત્યાંથી હાથ લાગી જાય છે.

(પંચવટીબાગ —માલપરા જિ.બોટાદ, મો.૯૩૨૭૫ ૭૨૨૯૭)

**સાર્થક જીવન**

તથાગત પાસે એક સાધક આવ્યો ત્યારે તથાગતે પૂછયુંઃ 'હે સાધક, તમારી ઉંમર કેટલાં વર્ષોની છે ?'

સાધકઃ 'મને ચાર વર્ષ થયા.'

સાધકને જોતા જવાબ સાંભળી બુદ્ધે વિસ્મિત થતા પૂછયું : 'ભાઇ, તમારી ઉંમર તો ઘણી વધારે દેખાય છે ?'

સાધકઃ 'પ્રભુ, ચાર વર્ષથી જ હું સાધનાના મારગે વળી જીવનની સમજણ પામ્યો છું.

એ પૂર્વેના વર્ષો તો હું અભાન અવસ્થામાં જીવતો હતો, હવે સભાન બનવા તરફ ગતિમય થયો છું.'

સાધકની વાત સાંભળી ભગવાન બુદ્ધે ભિક્ષુસંઘને સંબોધન કરતા કહેલું : 'ભિક્ષુઓ, તમો પણ તમારા જીવનના વર્ષો આ રીતે જ ગણજો.'

## ૦૨ કાયદાના શાસનનો વિચાર

**ડંકેશ ઓઝા**

આ જગતમાં મોટા ભાગમાં લોકો ભાગ્યે જ કશું ગંભીરતાથી વિચારે છે. જન્મથી મૃત્યુ સુધીનું જીવન બહુ લાંબી જાહેર વિચારણા વિના પૂરું થઈ શકે છે. કઈ કૉલેજમાં જવું, કેવી છોકરી પસંદ કરવી, કેવી નોકરી સારી, કેવું ઘર બાંધવું એવા વિચારો તો બધા કરે છે અને કરવા પડે છે. આપણે જે વિચારની વાત કરીએ છીએ એ તો દુન્યવી જીવનથી ઉપરની વાત છે. એવો વિચાર જેમાં માત્ર પોતાનું નહિ પણ બધાનું કલ્યાણ સમાયેલું હોય એવો વિચાર મહત્ત્વનો હોય છે.

માણસ અન્ય પ્રાણીઓથી અલગ એ અર્થમાં છે કે એની પાસે વિચાર કરવાની શક્તિ છે. વિચારને વ્યક્ત કરવાની સુવિધા છે, આવડત છે. માણસનું અસ્તિત્વ જ એના વિચારને કારણે હોય છે. આ જગતમાં ઘણાં વિચારકો થઈ ગયા. ગ્રીક તત્ત્વજ્ઞાની પ્લેટો કહે છે કે આપણે તો તેનું પુનરાવર્તન માત્ર કરીએ છીએ. હાથમાં ન આવે એવા વિચારને વાસ્તવમાં જીવવો એ થોડું કઠીન કામ છે. આપણે ભૌતિક જીવન જગતમાં જીવીએ છીએ. પ્રાચીન માણસે વનમાંથી ઉપવન તરફ ગતિ કરી. આપણે તેને વધુ સારું બનાવવા પ્રયત્નશીલ છીએ. તેમ કરવામાં વિચારની બહુ મોટી ભૂમિકા છે. મને જે મળ્યું તે બાકી બધાને મળે એવી સંવેદના, ભાવના માણસમાં જ પડેલી હોય છે. એ ભાવને ચરિતાર્થ કરવાનો પ્રયાસ બહુ ઓછા લોકો કરે છે. માનવ સમાજની પ્રગતિ જોતા એવું કહી શકાય એમ છે કે આવો પુરુષાર્થ કરનારા થોડાક તો હોય જ છે.

સ્વાર્થ તરફથી પરમાર્થ તરફ ગતિ એ અગત્યનો વિચાર છે. વ્યાપક સમાજને લાભપ્રદ થાય તેવા વિચાર કરવા અને વહેચવા એથી વધુ ઉત્તમ શું હોઈ શકે? વિચાર સાથે ભલે તત્ત્વજ્ઞાન અને તાત્વિક પ્રશ્નો કાયમથી સામેલ હોય પરંતુ માનવ જિંદગીને વધુ સરળ, સુગમ, ઉદાત્ત બનાવવાનો વિચાર જ પાયાનો વિચાર છે. એ દ્રષ્ટિએ વિચારીએ તો રાજાશાહી, સરમુખત્યારશાહી, મૂડીવાદ, સમાજવાદ અને લોકશાહી આ બધા સત્તાશાહી સ્વરૂપો છે. પ્રત્યેકનો દાવો માણસની સુખાકારીને વધારવાનો રહ્યો છે. આજે આપણે માનવ અધિકાર વધુ મહત્ત્વના ગણીએ છીએ. એ પેલી લાંબી પ્રક્રિયામાંથી પસાર થયા હોવાને કારણે.

માણસ માત્રનું ગૌરવ કેવી રીતે જળવાય એ વિચાર આજે મૂળભૂત વિચાર છે. મને પણ એમાં જ વધુ રસ છે. રાજકીય સરકારો ચૂંટાય, આવે અને જાય પણ એવી વ્યવસ્થાઓ કાયમી બનવી જોઈએ. જેનાથી માનવના ગૌરવની ચિંતા થતી હોય. એમાંથી રાજાનું કે સરકારનું શાસન નહિ પણ 'કાયદાનું શાસન' એવો વિચાર પેદા થયો. આ કાયદો બધા માટે સમાન અને એક જ રહે. કાયદા સમક્ષ બધા સરખા. કાયદાની સમાનતા સ્થાપવાનો ઉપક્રમ અતિ મહત્ત્વનો છે. કાયદો ઘડનાર અને કાયદાના આધારે ન્યાય તોળનાર પણ કાયદાથી બંધાયેલા છે. કાયદાનો લાભ બધાને સુલભ થવો જોઈએ. કાયદાનો ગેરલાભ થતો હોય તો એમાં સુધારો પણ થઈ શકે અને આખો કાયદો બદલી પણ શકાય પણ કાયદો જ્યાં સુધી અમલમાં હોય છે ત્યાં સુધી કાયદાનું પાલન આખા સમાજની ફરજ બને છે.ગાંધીજીએ અંગ્રેજ શાસન સામે લોકોને સજાગ કર્યાં ત્યારે કાયદાનું પણ પાલન કર્યું હતું. નુકસાન કરનારા કાયદા હોય અને તેનો ભંગ કરવાનો સમય આવ્યો ત્યારે કાનૂનભંગની આગળ 'સવિનય' શબ્દ ઉમેર્યો. સવિનય પાછળ અહિંસાનો વિચાર પડેલો હતો. અરાજકતા ન ફેલાય અને હિંસક અથડામણ પણ ન થાય એવો વચલો માર્ગ એ ગાંધીની દેણ છે.

આપણું બંધારણ પણ અહિંસક સમાજ રચનાનું સ્વપ્ન સાકાર કરવા માંગે છે. લોકશાહીમાં હિંસાને કોઈ સ્થાન

નથી. સરકારનો વિરોધ કરવો એ રાષ્ટ્રદ્રોહ નથી. અહિંસક દેખાવો કરવા એ પ્રજાનો અધિકાર છે. આવી બધી જ બાબતોના આપણે લાભાર્થી છીએ. કોઈથી ડરવાનું નથી. કોઈને ડરાવવાના પણ નથી. એ ગાંધીનો સંદેશ છે.

ગરીબમાં ગરીબ માણસના અને વંચિત વર્ગના કલ્યાણ માટે કાયદો છે. વડીલ, મહિલા અને બાળકોની સુરક્ષા તેમજ સમાજની સલામતી અને શાંતિ રહે તે માટે કાયદો અને વ્યવસ્થાની જાળવણી અનિવાર્ય છે. પશ્ચિમની સામાજિક લોકશાહીમાં કાયદાનું શાસન જે રીતે સ્થાપી શકાયું છે અને જેનો પર્યાપ્ત માત્રામાં લાભ પ્રજા મેળવતી રહે છે એવું હજી આપણે ત્યાં બનતું નથી. તે માટે સરકાર અને પ્રજા બંને સરખા જવાબદાર છે.

આ પરિસ્થિતિને કારણે લોકશિક્ષણ અને સિવિલ સોસાયટીની ભૂમિકા ઊભી થાય છે. જે વર્ગ વધુ જાગૃત છે તેની ફરજ બને છે કે તે પ્રજા અને સરકાર બંનેની ભૂલચૂક બતાવે અને સુધારાનો માર્ગ પણ ચીંધે. ભણેલો ગણેલો, અનુભવી અને શાણો વર્ગ જયારે પોતાની આ ફરજ નિભાવતો નથી ત્યારે પરિસ્થિતિ વધુ વિકટ બને છે. કામ કરનારની જરૂર છે તેમ એની ઉપર દેખરેખ રાખનારની વધુ જરૂર છે.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુચારુ ઢબે ચાલતી રહે તેમાં આખા દેશનું ભલું છે. રાજકીય ફેરફાર ભલે થતા રહે પણ કાયદાની સ્થિતિ ઉત્તમ રહેવી જોઈએ. પ્રજાને રાજકીય પરિવર્તનથી કોઈ ગેરલાભ ન થવો જોઈએ. એને ખાતરી હોવી જોઈએ કે મારું કામ કાયદા મુજબ થશે અને તેમાં મુશ્કેલી થશે તો હું ન્યાય મેળવીને રહીશ. લોકશાહી તંત્ર આવી બધી જ શક્યતાઓ માટે શ્રેષ્ઠ અવકાશ આપે છે.

**‘રામ’**

ભારતીય સમાજશાસ્ત્રમાં ‘રામ’ એ સંસ્કૃતિવાચક સંજ્ઞા છે.

ભારતીય સંસ્કૃતિની નસેનસમાં ‘રામ’ વહે છે. ગાંધીજીએ કહેલું:

‘રામ’ માંની મારી શ્રદ્ધામાં જો તમે પૂળો મૂકો તો પછી હું કેવળ માંસનો લોચો જ છું.’

ગાંધીજીને કોઈકે પૂછ્યું હતું: ‘બાપુ, આપ ‘રામ રામ’ કરો છો તે શું તમે દશરથપુત્ર રામની વાત કરો છો ?’

બાપુ: ‘ભાઈ, દશરથે જેના નામ પરથી પોતાના પુત્રનું નામ રાખેલું એ છે મારો ‘રામ’

રોમ રોમમાં, અણુંઅણુંમાં જે શ્વસી રહ્યો છે તે ‘રામ’. ’

**ઈબાદત**

પર્શિયાનો બાદશાહ રાતે નિત્ય બંદગી માટે બેસતો.

આખા દિવસના ખૂબ કાર્ય કર્યા પછી રાત્રે ઘણો સમય ધ્યાન, બંદગીમાં ગાળનારા બાદશાહને એના એક મિત્રે કહ્યું: ‘આ તો ભારે કહેવાય. તમારું દિવ્ય,ઈમાનપૂર્ણ જીવન જોતા તમારે આટલા બધા કલાકોના ધ્યાન, બંદગીની જરૂર નથી.’

બાદશાહે કહ્યું: ‘મિત્ર, આવું ન બોલ. રાત્રે હું અલ્લાહનો પીછો કરું છું અને દિવસે અલ્લાહ મારી પાછળ પાછળ રહેતો હોય છે.’

## ૦૩ પદ્‌મશ્રી ગફુરભાઈ બિલખિયા

**ડો. દિનુ ચુડાસમા**

પદ્‌મશ્રી ગફુરભાઈ બિલખિયા એટલે સરળ, સંવેદનશીલ માણસ. બાપુજીના ભાવભર્યા સંબોધનથી બધા લોકો આદર આપે છે. પ્રત્યેક માણસને નિઃસ્વાર્થ ભાવે ચાહનાર. માનવસેવાના ભેખધારી ઈન્સાને જીવનમાં અપાર ગરીબી પણ પરિશ્રમપૂર્વક જીવી અને મા લક્ષ્મીનું ઐશ્વર્ય પણ ઈમાનપૂર્વક જીવે છે.ગરીબીને શ્રમપૂર્વક અમીરીમાં રૂપાંતર કરનાર બાપુજી પાસે આર્થિક રીતે કશું ના હતું ત્યારે ય માનવીય સંવેદના છલોછલ હતી. મુશ્કેલીમાં આવેલ માણસને મદદ કરવી એવો જીવ. આજે ઔદ્યોગિકક્ષેત્રે સફળ થયા તોયે પગ જમીન પર તેથી માનવતા પનપતી રહે છે.

ગફુરભાઈનો જન્મ સાવરકુંડલા તાલુકાના શેલણા ગામે થયેલો નાનું ગામ અને આર્થિક અધૂરપમાં પણ શિક્ષણ લેવાની અને આપવાની ધગશ માતા નૂરબાઈએ સેવેલી.માતા એ સમયના દામનગરમાં જન્મેલા. સાત ધોરણ સુધી ભણેલા હતા. દામનગર સયાજીરાવ ગાયકવાડી સ્ટેટમાં હતું અને સયાજીરાવ-૩ એ દીકરીઓને શિક્ષણ ફરજિયાત કરેલું.મા નૂરબાઈમાં શિક્ષણ અને ગાંધીવિચાર પ્રત્યે ખૂબ શ્રદ્ધા હતી. એટલે પોતાના સંતાનોને શિક્ષણ મળે માટે શેલણા ગામ છોડી જયાં શિક્ષણ અપાતું તેવા વંડા ગામમાં રહેવા આવે છે. આ સ્થળાંત્તર સમયે ગફુરભાઈ ધોરણ પાંચમાં હતા. ખૂબ નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી દીધેલ એટલે ઘરમાં આર્થિક ખેંચ તો હોય જ એવી પરિસ્થિતિમાં પણ માતા નૂરબાઈ સંતાનોને ઉત્તમ શિક્ષણ પ્રાપ્ત થાય એ માટે સજાગ હતા પરિણામે એ સમયમાં ધોરણ સાત સુધીનું શિક્ષણ ગફુરભાઈ મેળવી શકયા. આગળ ભણવા માટે ઘરની આર્થિક સ્થિતિ સારી હતી નહીં માટે ગફુરભાઈ શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધી ના શકયા પરંતુ મન જિજ્ઞાસુ અને ભીતરનો માહ્યલો કરુણામય, સંવેદનાસભર તેથી કદી ઓછું શિક્ષણ એમના માનવીય વિકાસને અવરોધી શકયું નહીં. ગુજરાતી સાત ધોરણ સુધી જ ભણેલા પરંતુ જીવનની પાઠશાળામાં ઘડાયેલ ઘણું. વધારે શિક્ષણ લેવાયું નહીં એવી પરિસ્થિતિમાંયે ભીતરના કોઠાને તેજથી વણસ્પર્શ્યો રહેવા દીધો નહીં. જગતના મંચ ઉપર એક માણસ તરીકે, માનવીય અભિગમની અખિલાઈને ઉજાગર કરનારા બની રહ્યા. એક સાચુકલા,સેવાભાવી માણસ તરીકે એમના માટે જીવનમંત્ર બની રહ્યો;

બસ એટલી સમજ મુજને પરવરદીગાર દે
સુખ જયારે મળે જયાં મળે બધાનાં વિચાર દે
( મરીઝ)

બધાના વિચાર, અન્યને સુખ આપવાની તમન્ના આત્મસાત્ કરી જીવનારા જણનો સમસંવેદનાનો પાયો મજબૂત રહ્યો છે. જયારે આર્થિક અગવડતાઓ હતી ત્યારે પણ તડકે રહેલાં માનવોને છાયો આપવાની એમની લગન,ભીતરની ઉદારતા હતી.વંડામાં એક રૂમ ઓસરીના ઘરમાં રહેતા ગફુરભાઈ એક દિવસ દીકરાની ફી ભરવા મિત્ર પાસેથી ઉછીના રૂપિયા લઈ ઘરે આવતા રસ્તામાં ગામના એક માણસના ચહેરા પર માયુસી જોઈ પૂછેઃ ભાઈ, કેમ ઉદાસ છે,કાંઇ તકલીફ છે? ત્યારે સામેનો જણ આંખમાં આંસુ સાથે ઘરે પોતાની પરિવારના સદસ્યની બિમારીની વાત કહેતા જ દીકરાની ફી માટે ઉછીના લીધેલ રૂપિયા ગફુરભાઈ પેલા માણસના હાથમાં આપી દે છે. એવા તો કેટલાંયે લોકોના દુઃખના સમયે બાપુજીની કરુણા સામા માણસને ભીંજવતી રહેલી. આ બધી બિનાઓ ત્યારે બનેલી જયારે ગફુરભાઈની આર્થિક અધુરપ ચરમસીમાએ પહોંચેલી પણ ભીતરની ભાવના કે કોઇ પણ પરિસ્થિતિમાં માણસને મદદરૂપ થતા રહેવું, ખિસ્સા ભલે ખાલી હોય

પણ હ્રદયમાં કરુણા અકબંધ. દુઃખી લોકોને ફૂંફ આપતા રહેવું. ગરીબ દર્દીની સેવા ચાકરી કરવી, અભણ લોકોનું માર્ગદર્શન કરવું, જરૂરિયાતમંદ લોકોના પડખે ઊભા રહી એમને બેઠા કરવા એ એમના લોહીમાં જ રસાયેલું માટે આર્થિકરીતે ગરીબ હોવા છતાં ભીતરની અમીરીને બેફામ રીતે માનવતાવાદી કાર્યોમાં વાપરી. એક સાંધે ત્યાં તેર તૂટે એવા સંજોગોમાં પણ બીજા માણસને મદદરૂપ થવાની એમની આદત બની ગઈ હતી. એ આદત આજે તો એમના લોહીના લયમાં એકરૂપ બની ગઈ છે. ખલિલ જિબ્રાન ખરું કહી ગયા,

મહાન માણસોને બે હ્રદય હોય છે એકમાંથી રકતધારા વહે છે અને બીજામાંથી સ્નેહ ધારા.

આ સ્નેહધારાની સરવાણી એના સંસ્કાર એમના માતુશ્રી નૂરબાઈએ એમને પાયેલા માએ એમને માનવધર્મની દીક્ષા આપતા કહ્યું હતું;

'બેટા,છેતરાવામાં આનંદ માનજે પણ છેતરતો કોઈને નહીં'

માતાની આ શીખને પવિત્ર કુરાનની આયાત સમજી સાચી કરી જીવનમાં આચરણ કરી બતાવી એટલું જ નહીં પોતાના પરિવારમાં પણ માતાનો આ મંત્ર રોપ્યો

'તમે,છેતરાજો પણ બીજાને છેતરશો નહી.'

જયારથી સમજણા થયા ત્યારથી ગાંધીરંગે રંગાયા હતા.ગાંધીનો રેંટિયો ખાદી અને સાદગી એમની નસેનસમાં વહે. ગાંધી શ્વસે,ગાંધી હ્રદયમાં ધબકે,ગાંધી ખાય,પીએ,ઓઢે,પાથરેને આચરણ કરે. .ગાંધીજીના જીવનદર્શનથી અભિભૂત જીવ. માનવસેવાના ભેખધારી જીવને પોષણ આપનાર ગાંધીજીના વિચારો રહ્યા છે. મહાત્મા ગાંધીજી અને એમના સત્ય અહિંસાના વ્રતોને જીવનમાં જીવંત કરતા ગાંધીજન છે.

પોતાના જીવનમાં સત્યમ્ શિવમ્ અને સૌંદર્યના આરાધક અને નાગરિક ધર્મને ચરિતાર્થ કરતા આ ઈન્સાન ૮૮ વર્ષના થશે-તા.૦૯/૦૩/૨૩ના રોજ. સાડા પાંચ ફૂટ ઉંચાઇ ધરાવતા હંમેશા વર્ષોથી શ્વેત વસ્ત્રો-શાંતિના પર્યાયસમા ધારણ કરનારા (ખાદીનો લેઘો અને ઝબ્બો) તનાવ રહીત ચહેરો,ભીતરની શાંતિ ચહેરા પર કળાય, ખુદાઈ નૂર છવાયેલું અનુભવાય, નિર્મળ કરુણામય આંખો, તેજસ્વી કપાળ, લયબદ્ધ ચાલ ભીતરના ચેતનવંતા અજવાસને રેલાવતી રહે, જાત સાથેની ઈમાનદારી, નીતિમય જીવનશૈલીને કારણે નૂરીજન ગફુરભાઇના સંપર્કમાં આવનાર માણસોને પણ એમની આધ્યાત્મિક સુગંધની અનુભૂતિ થાય.જાણે કે અલ્લાહના ફરિશ્તા ગફુરભાઈ બની પૃથ્વી ઉપર ભ્રમણ કરતા હોય.

બુદ્ધના ચાર આર્યસત્યો કરુણા,મૈત્રી,મૃદિતા અને ઉપેક્ષા એમના અંતરમાંથી વહેતા રહે .માયાલો પરોપકારી હોવાને નાતે તેઓ જયારે હાથ લાંબો કરે ત્યારે નિરાધારને આધાર પૂરો પાડે. તડકે રહેનારને શીતળ છાયો મળે. પડેલા માણસો ઊભા થાય,લંઘડાતા લોકોને બળ મળે. એમનો હેતાળવો હાથ હારી ગયેલાઓને હિમ્મત પૂરી પાડે. જીવનથી ડગી ગયેલાઓ અડગ બને.અકર્મીઓ કર્મરત બને અને દુઃખીઓને ફૂફ આપે. ગફુરભાઈ જયારે ચરણ ઉપાડે ત્યારે તે સફર યાત્રાસમી જ હોય. જયાં જયાં એમના પાવન પગલાં પડે ત્યાં ત્યાં સાદગી,પવિત્રતા અને સત્ત્વ પ્રસરતું રહે છે. એમના ચરણ માનવતાનો,સેવાનો જયાં સાદ પડે ત્યાં પહોચવા માટે તત્પર હોય. એ પછી આદિવાસી વિસ્તારોના બાળકોને શિક્ષણ આપવાનું હોય તો એમના માધ્યમથી, પ્રેરણાથી હઝ્ઝારો બાળકોને શિક્ષણ અપાય છે. આદિવાસી બાળકોને લેપટોપ કમ્પ્યૂટરના માધ્યમથી કેળવાયેલા શિક્ષકો દ્વારા શિક્ષણ મળે એવું આયોજન ગફુરભાઈ ગોઠવી આપે છે.તેઓ ખૂબ ઓછું શિક્ષણ લઈ શકયા પણ જેને ભણવું છે એમને આર્થિક સહયોગ આપે છે. એ માટે ઉત્તમ શિક્ષકોને આવા નેક કાર્યોમાં સહજરીતે સાંકળી શકે છે.સાચા શિક્ષણથી જ વિકાસ છે એ સૂત્ર પછાત વિસ્તારોમાં પહોંચાડી કાર્ય કરાવે છે. શિક્ષણવિદ્દોનું માર્ગદર્શન મેળવતા રહી વનવિસ્તારોમાં ખરી કેળવણીના યજ્ઞો પ્રજ્જવલિત રાખે છે. આ યજ્ઞોમાં સમીધ અર્પવા પ્રતિબદ્ધ ઇન્સાન એટલે

ગફુરભાઈ બિલખિયા.

આર્થિક અગવડમાં રહેનારા દર્દીઓને સારવાર આપવાની હોય તેવા સ્થળોએ એમના ચરણ જવા બ્હાવરા બને જતા રસ્તામાં કોઈને અગવડતા કે દુઃખી જુએ તો ત્યાં સગવડતાઓ અને સુખ મૂકી આપે, એમનુ ચાલવું પણ યાત્રા બની રહે.બેરોજગારોને એમના શબ્દોથી રોજી રોટી મળે,તેઓ જયારે બોલવા ઊભા થાય ત્યારે ખૂબ ઓછું બોલે પણ જે બોલે તેમાંથી એક દાર્શનિકની છવિ અંકિત થાય,સત્યનો રણકો સંભળાય, સંવેદનની સરિતા રેલાય. ખૂબ ઓછું બોલે વધારે તો એમની આંખો અને મૌન જ બોલે,જયાં જયાં એમની નિર્મળ આંખો જુએ ત્યાં આશિષ આપતી રહે છે. ચહેરા ઉપર સહજ હાસ્ય પ્રસરતું રહે ને આયાત સમી એમની ગિરા ભાવકને પાવન કરી જાય.

ઓલિયાજીવ ગફુરભાઈના જીવન દર્શનમાંથી એમના સંવેદનશીલ વ્યકિત્વમાંથી એક અલ્લાહનો ફરિશ્તો ઉજાગર થાય છે.જે માનવધર્મની દીક્ષા આપતો રહે..ઘણા લોકો એમની જ્ઞાતિ પૂછે એ કહે પણ પછી ચહેરા ઉપર સ્મિત લાવે, મલકાય જાણે જ્ઞાતિથી ઉંચે ઊઠવાનો સંદેશ મૂક રીતે આપતા હોય અને કોઈ વિશ્વમાનવની કલ્પનાને,ભાવનાને સેવતા હોય જયાં વાડાબંધી,જ્ઞાતિવાદ ના હોય માણસનો માણસ તરીકે સ્વીકાર હોય. ગફુરભાઈ સાથે વાત કરતા જાણ્યું કે આજથી ૬૦ વર્ષ પૂર્વે પોતાના ગામ વંડામાં એક વણકર છાત્રને પોતાના ઘરમાં રાખી જમવાની રહેવાની ભણવાની વ્યવસ્થા તેમણે કરેલી.

એ ગુણ આજના ઐશ્વર્યના દિવસોમાં પણ કાયમ છે.સર્વજનોનો સ્વીકાર બધા એક પિતાના સંતાન.એટલે તો વંડાની બિલખિયા કૉલેજના વાર્ષિકોત્સવમાં બોલતા પૂ.મોરારિબાપુએ ગફુરભાઈ વિશે કહેલું:

'ગફુરભાઈ આ વિસ્તારને,પોતાનું વતન છે અને મારે કહેવું જોઇએ કે આ માણસે એનામાં રહેલાં સંસ્કારના બીજની સાથે ખુદાઇ ખિદમત,માનવતા,દરેકને ઉપયોગી થવું ,અજવાળું પ્રગટાવવું, શિક્ષણના નામે અનેક ક્ષેત્રોમાં એ બધું કરીને વંડામાં વંડાના એ માણસ પણ એણે કોઇ વંડો વાળ્યો નહીં,પોતાની વિચારધારાને એમણે સિમિત ન કરી.ઈસ્લામ ધર્મના ઉપાસક છે સાહેબ અને છતાં અહીં સરસ્વતીની તસ્વીર મૂકાઈ આ કેટલો મોટો સમન્વય છે! શિક્ષણનું ક્ષેત્ર છે સરસ્વતી મૂર્તિ પૂજા છે,ઈસ્લામ મૂર્તિ પૂજામાં માને નહીં એ એમની નિરાકારની ઉપાસના છે છતાંયે ગફુરભાઇએ વંડો નથી વાળ્યો ઇ મને ગમે.'

ગફુરભાઈ શિક્ષણને સર્વોપરી માને છે અને ખરી કેળવણીને માનવના ત્રીજાનેત્ર તરીકે ઓખખાવે છે. તેઓ જીવનલક્ષી જીવંત શિક્ષણના હિમાયતી રહ્યા છે.

ગફુરભાઈ ખાદી પ્રચારના હિમાયતી છે.કેન્દ્રિય ખાદી કમિશનના મેમ્બર તરીકે ઉત્તમ સેવા આપી હતી. સફેદ વસ્ત્રોમાં શોભતો - સૂફી માણસ જયારે અલ્લાહની બંદગીમાં હોય ત્યારે ખરેખર ખુદ ખુદા પણ એમને નિરખતા હશે.જેવો સફેદ પોશાક એવા જ ભીતરથી પવિત્ર અને શાંત સહજ માણસ.નિયમિત ખુદાની નમાજ અદા કરવી એ એમનો ગુણ. તેઓ દર વર્ષે હજયાત્રાએ જાય અને ઘણા લોકોને હજયાત્રા પણ મૌનપૂર્વક કરાવે. એક દિવસ કૉલેજ પરિસરમાં ચાલતા ગફુરભાઈને મારાથી સહજ પૂછાયું હતું:

'બાપુજી,તમે દર વર્ષે હજ પઢવા જાઓ છો? ત્યારે અલ્લાહ પાસે દુઆ-બંદગી કેવી કરો?'

ત્યારે બાપુજીનો જવાબ હતો:

'જગતના દરેક માણસ સુખી થાય,શાંતિથી જીવે જગતમાં અમન અને ભાઇચારો જળવાય રહે એવી દુઆ અલ્લાહને કરતો રહું છું.'

ખુદ માટે નહીં સમસ્ત માનવસમાજ માટે જીવતાં ગફુરભાઈને ભારત સરકારે પદ્મશ્રી આપી પોંખ્યા છે. ચાલો, એક મૌનમય કાર્યોમાં લાગેલા માણસની સાચી વાતો સહજરીતે સરકારની નજરે આવી ગઈ. જીવંત કર્મની સુગંધ પ્રસરે છે.ફકીર માણસની ઊર્જા રેલાય છે...

(સંપર્ક : ૯૯૭૯૧ ૮૭૫૮૭)

## ૦૪ સંસ્મરણો

### બાલુભાઈ ગોહિલ

---

(ભરતભાઈ ભટ્ટના સહાધ્યાયી)

(તા.૧૧-૧૧-૨૦૨૨ ના રોજ ભરતભાઈ ભટ્ટને સન્માનવાનો કાર્યક્રમ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ — સણોસરા મુકામે યોજવામાં આવ્યો હતો તેના અનુસંધાને પ્રસ્તુત છે થોડાક સ્મરણ)

હાસ્યકાર ભરતભાઈ — ભરતભાઈનો સ્વભાવ રમુજી, હાસ્યરસ તેમનો પ્રિય રસ. ભરતભાઈ પોતાની જાત પર હસી લે છે. અન્યને હસાવે છે. ભરતભાઈને કોઈકે પૂછ્યું. : ''ભરતભાઈ તમે ભણવા શા માટે ગયેલા ?'' તેમણે જણાવ્યું; ''હું નવરો ધૂપ જેવો, મારી પાસે કંઈ કામ ન હતું. આથી ભણવા ગયેલો.'' આ બાબતને અસરકારક બનાવવા આપણા હાસ્યસમ્રાટ જ્યોતીન્દ્રભાઈ દવેને યાદ કરેલા. જ્યોતીન્દ્રભાઈ દવેને પણ કોઈકે પૂછેલું, ''જ્યોતીન્દ્રભાઈ ! તમે નાના હતા ત્યારે શું કરતા હતા?'' તેમનો જવાબઃ ''હું મોટો થતો હતો.''

હાસ્ય એ આપણા જીવનમાં ખૂબ ઉપયોગી છે. આપણે ખડખડાટ હસીએ એટલે આપણા ફેફસામાંથી કાર્બન ડાયોકસાઇડ નીકળી જાય તન-મન તંદુરસ્ત બને. તેમના આ વિનોદી સ્વભાવનું પ્રતિબિંબ તેમના લખાણમાં દ્રષ્ટિગોચર થાય છે.તેમણે લખેલ ''આનંદ મંગલ લોકે '' સ્મરણ ગાથાનો પ્રથમ પ્રસંગ ''અર્જુનનો રથ'' તેનું દ્રષ્ટાંત છે.

એ વખતે ગ્રા.દ.મૂ. આંબલા સંસ્થામાં વાહન તરીકે ઘોડાગાડીનો ઉપયોગ થતો હતો. એક વખત નાનાભાઈ ભટ્ટ અને બે કાર્યકરો ઘોડાગાડીમાં બેસીને ગૌશાળાથી સંસ્થામાં આવવા નીકળ્યા.

થોડુંક ચાલ્યા ત્યાં ઘોડો ભડકયો. સામે પગે કૂદવા લાગ્યો.ચાલકના કાબુ બહાર ! નાનાભાઈને સંસ્થામાં જવાનું હતું. ઘોડાએ સંસ્થાના દરવાજા સામું પણ ન જોયું. આંબલા ગામની વાટપકડી! રસ્તાની બન્ને તરફ રથ દોડતો જતો હતો. જોનારાં નવાઈ પામતાં આટલી બધી ઝડપથી જતી ઘોડાગાડીમાં નાનાભાઈ બેસીને કયાં જતા હશે ?

આંબલા ગામથી થોડે દૂર સંસ્થાની વાડી આવેલી છે. અમે તેને 'છેટીવાડી' કહેતાં. આંબલા ગામ વટાવીને અર્જુનના રથે છેટીવાડીએ જવા માટેની નેળ પકડી. નેળ એટલે ખૂબ ખરાબ રસ્તો. ઊંડો, બંને બાજુ ભેખડો. ગારો, ખાડા-ખડિયા વાળો. ચાલવામાં પણ મુશ્કેલી પડે તેવો.

થોડે સુધી તો ઘોડો ચાલ્યો. પણ તેને પણ ચાલવામાં મુશ્કેલી પડવા લાગી. છેવટે તેને ઊભા રહેવું પડ્યું. નાનાભાઈ અને કાર્યકરો સુખરૂપ સંસ્થામાં આવ્યા.

હવે આ પ્રસંગ એટલે વાંચનારને આશ્ચર્ય, ચિંતા, દહેશતની લાગણી થાય પરંતુ ભરતભાઈએ એનું ચિત્રણ કરેલું છે કે વાંચનારને હસવું આવે. પ્રસંગ લેખનું શીર્ષક જ જુઓને, ''અર્જુનનો રથ ! ''

બીજો પ્રસંગ એટલે ''ત્રિલોકમાં ચા'' ત્રણ લોક એટલે દક્ષિણામૂર્તિ ભાવનગર, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, લોકભારતી સણોસરા. નાનાભાઈને વામન કલ્પી તેમનાં આ ત્રણ ચરણો ! આ પ્રસંગ લેખમાં ભરતભાઈએ લખ્યું છે કે આ ત્રિલોકના ચારેય દાદાઓ ચાના પ્યાસીઓ છે.!

નાનાદાદાને સવારનાં બે મગ ભરીને ચા જોઈએ. મનુદાદા બે કપ ચા થાળીમાં રેડીને ઠારીને પીવે. રકાબી નાની પડતી. મૂળશંકર દાદા ચા પીતા હોય અને કોઈ આવી ચડે તો તેને પણ આગ્રહ કરીને ચા પીવડાવે. બુચદાદાની તો વાત જ જવા દો !આમ ચારેય દાદાઓ ગાંધીજીના ચૂસ્ત અનુયાયીઓ અગિયાર મહાવ્રત પાળવા વાળા. અને ચાના રસિયા !

હા, ભરતભાઈએ લખ્યું છે, ચારેય દાદા ચાના ચાહકો.આ વાત ભરતભાઈ જ લખી શકે. બીજા કોઈનું કામ નહી. જો કે ભરતભાઈએ ચા નો બચાવ પણ કરેલો. બીડી સીગારેટ પીનારને કે પાન માવા ખાનારાને ગળાનું

કેન્સર થાય છે. ડ્રગ-દારુનું સેવન કરનારના શરીર અને મન બરબાદ થાય છે. પરંતુ ચા પીવાથી કોઈને કંઈ નુકશાન થયું જાણ્યું છે? ચા તો જનતાનું પીણું છે. વ્યસનમાં ન ગણાય.

ચોથા દાદા એટલે ન.પ્ર.બુચ. ગ્રા.દ.મૂ. આંબલા સંસ્થાના નાયબ નિયામક. મારા જેવા સેંકડો વિધાર્થીઓના પિતા સમાન હતા. પિતા કરતાં પણ વિશેષ પ્રેમ અમને તેમના તરફથી મળેલો.અંગ્રેજી, સંસ્કૃત, વિષયના તજજ્ઞ. અમે તેમની પાસે અંગ્રેજી ભાષા શીખેલા. મને આજે પણ યાદ છે. એ વખતનું અંગ્રજી પાઠયપુસ્તક હતું "ગુલીવર્સ જર્ની ટુ લીલીપુટ" આ પાઠ્યપુસ્તક પણ હાસ્યરસના પ્રંસગોથી ભરપૂર ! એક છ ફૂટિયો લંબુસ વેંતિયા ઠીંગણા માણસોના પ્રદેશમાં જઈ ચડે છે. અને પછી શરૂ થાય છે. હાસ્યરસથી સભર પ્રસંગો !

બુચદાદાને પણ ચા પ્રત્યે એટલો જ પ્રેમ. ચા તેને મન કાવ્યનો વિષય. શ્લેષ અંલકાર પ્રયોજી ચાનો મહિમા કાવ્યોમાં વર્ણવતા.હાસ્યરસના ઉપાસક એક કાવ્યની બે પંક્તિઓ જોઈએ.

"ટીપી ટીપી આ ઘટ ઘડિયો
માટીની આ માયા માટીની એ કાયા."

'ટીપી' શબ્દનો અર્થ થાય ટીપવું. બન્ને અક્ષરો જુદા પાડીએ તો "ટી" એટલે અંગ્રેજીમાં "Tea"

ચા. 'પી' એટલે પીવું. ચા પીતાં પીતાં આ ઘડો ઘડિયો છે. તેમ અર્થ થાય.

'માટી' નો સીધો સરળ અર્થ જમીન, ધૂળ એવો થાય બન્ને અક્ષરો જુદા પાડી અર્થ કરીએ તો "મા" એટલે માતા. "ટી" એટલે ચા. ચા માતા. એમ પણ થાય.ચાને વિષય બનાવી શ્લેષ અંલકાર પ્રયોજીને હાસ્યરસ નિષ્પન્ન કર્યો. સામાન્ય રીતે સમાજમાં એવું જોવા મળે છે કે જે તે નામ પ્રમાણે ગુણ હોતા નથી. બુચભાઈએ તેના નામ મુજબ ગુણ નથી તે આ પ્રમાણે દર્શાવ્યું. બુચભાઈનું આખું નામ નટવરલાલ પ્રભુલાલ બુચ. કાવ્યમાં તેમણે આ મુજબ દર્શાવ્યું.

"નામે નર્તક પણ નાચવાનું ઠેકાણું નૈ
પુત્તર પ્રભુનો પણ ઈશ્વરને જાણું નૈ
અટકે અબુડ પણ તરવાનું જાણું નૈ"

(શીશીનું ઢાંકણ બુચ સાવ હળવું હોવાથી પાણીમાં ડુબે નહીં. પાણીમાં તરે)

ભરતભાઈ સારા તરવૈયા છે. તેમને નાનપણથી જળાશયો સાથે ભીનો નાતો.આંબલા સંસ્થાની નજીકથી પસાર થતી નદીના ધૂનામાં કેડે ખાલી કેરોસીનનું કેન બાંધીને તરવાની શરૂઆત કરી..અમારા વખતમાં તો તરવામાં કુશળ થઈ ગયેલા.દર સોમવાર રજાના દિવસોએ ગૃહપતિ ગુણવંતભાઈ ઉપાધ્યાયની નિગરાની નીચે સંસ્થાની નજીકમાં આવેલ તળાવે અચૂક નહાવા-તરવા જતા.તળાવના કાંઠા ઉપરથી ભૂસ્કા મારવા અને તરવાનું. ખૂબ મજા પડતી.ભરતભાઈને ભૂસ્કા મારવામાં બહુ રસ નહિ.પરંતુ લાંબા અંતરે તરવામાં વિશેષ રસ તળાવના આ કાંઠાથી તરવાનું શરૂ કરે સામે કાંઠે તરતા-તરતા જાય. ત્યાંથી જમીનને પગ અડાડી આરામ કરવાનો નહીં. પણ ફરી આ કાંઠા સુધી આવે. લગભગ દોઢેક કિ.મી. જેટલું અંતર થાકયા વગર તરે.

આંબલા સંસ્થાને ગાયોને ચરિયાણ માટેની વીડી છે.ચોમાસામાં વરસાદ પડે એટલે વીડીમાં એક જગ્યાએ ધોધ પડે છે.એક વખત ખૂબ વરસાદ પડેલો. સમાચાર આવ્યા કે ધોધ શરૂ થયો છે. એટલે મનુભાઈ પંચોળીની આગેવાની નીચે અમે સૌ ધોધે ન્હાવા ઉપડેલા.મનુભાઈ ખૂબ સારા તરવૈયા હતા. ભેખડ ઉપરથી ધરામાં ભૂસ્કો મારવાના માહિર! તેઓ પેલોંક્રિયો ભૂસ્કો મારતા.

પેલોંક્રિયા ભૂસ્કો એટલે ભેખડ ઉપરથી કૂદકો મારવાનો,પાણીની સપાટીએ પહોંચતાં પહેલાં પલોંઠી વાળવાની,પલોંઠી સાથે પાણીમાં ભૂસ્કો મારવાનો જેમ ગણપતિની મૂર્તિ જળમાં પધરાવીએ છીએ એ રીતે આ પ્રકારનો ધુબકો મારવામાં પાણી ખૂબ ઉછળે. મનુભાઈ જેટલું પાણી કોઈ ઉછાળી શકતા નહીં. છેક ઉપર સુધી ફૂવારાની માફક પાણી પહોંચે. મનુભાઈ સાથે નહાવાનો ધુબકા મારવાનો અનેરો લાભ મળેલો.

('ઉમંગ' બટારવાડી, ઠે.પટેલ ડીઝલ પાછળ, મુ.પો.અમરેલી-૩૬૫૬૦૧, મો. ૯૯૭૯૧૮૮૫૫૦)

## ૦૫ સમય - ગઈકાલનો, આજનો અને આવતીકાલનો

**કાલિન્દી પરીખ**

સમયનું ચક્ર હંમેશા ફરતું રહેતું હોય છે. સમય કે કાળ પરિવર્તનશીલ છે. ગઈકાલે જે સમય હતો એ આજે ન હોય અને આજે છે તેવો સમય તેના તે જ સ્વરૂપે આવતીકાલે ન હોય. કારણ કે આપણે એક ને એક જળમાં પગ મૂકી શકતાં નથી. નદીનાં જળની સાથે સાથે સમય પણ સતત વહેતો રહે છે. પરિવર્તનને આવકારવું રહ્યું પરંતુ તેમાં વિવેક હોવો જરૂરી છે. ગઈકાલનો સમય સોનેરી હતો કે ભવ્ય હતો અને આજનો સમય એવો સુવર્ણમય કે ભવ્યાતિ ભવ્ય નથી રહ્યો એમ કહેવાનો આશય નથી. પરંતુ એટલું જરૂર કહેવું રહ્યું કે આપણા પૂર્વજો થોડામાં પણ સુખી અને સંતુષ્ટ જીવન જીવતાં હતાં. તેમની પાસે મોટા બંગલાઓ, ગાડી, ઈલે. ઉપકરણો કે આધુનિક સગવડો નહોતી છતાં નિરાંતનું જીવન જીવતાં હતાં. તેમને કોઈ ઉતાવળ કે અધૈર્ય ન હોતા. લોકોના મન વિશાળ હતાં. સંયુક્ત પરિવારની હૂંફ હતી. સહુ એકબીજાના સુખ-દુ:ખમાં ભાગ લેતાં હતાં. પરસ્પર પ્રેમ, સદ્ભાવ અને સુમેળ હતો.

આજે સમય બદલાયો છે. લોકો ભૌતિક સાધનોથી સજ્જ છે. બધું જ છે છતાં શાંતિ નથી. વિભક્ત કુટુંબોને કારણે આત્મીયતા રહી નથી. એકલતા આજના યુગનો અભિશાપ છે. કુટુંબ, સમાજ વેરવિખેર થવા લાગ્યા છે પરિણામે રાષ્ટ્રને એકસૂત્રે બાંધી રાખવાનું કઠિન થતું જાય છે. લોકો સ્વકેન્દ્રી બની ગયા છે. શ્રમનું સ્થાન મશીનોએ લીધું છે. પરિણામે સ્વાસ્થ્ય કથળ્યું છે. પર્યાવરણનો પણ નાશ થઈ ગયો છે. પહેલાંનાં ગામડાંઓ જેવા ચોખ્ખા હવા-પાણી આજે નથી રહ્યાં. પંખીઓનો કલરવ સાંભળવો દુર્લભ થતો જાય છે. હરિયાળા ખેતરોનું સ્થાન ફેક્ટરીઓએ લઈ લીધું છે. ગામડાંઓ ભાંગીને તેનું શહેરીકરણ થઈ ગયું છે. ઊંચી ઊંચી ઈમારતો છે પણ મનની ઊંચાઈ કે વિચારોની ઊંચાઈ જોવા મળતી નથી. અલબત્ત પહેલા એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું હોય તો મહીનાઓ લાગી જતા હવે તો એક દિવસમાં એક શહેરથી બીજે શહેર તો શું અન્ય દેશમાં પણ પહોંચી જવાય છે. ધૂળિયા ઉબડખાબડ માર્ગોની જગ્યાએ આસ્ફાલ્ટની સડકો થઈ ગઈ છે. ગામડાંમાં પણ પાકા મકાનો બની ગયાં છે. વીજળી અને ગેસની સુવિધા થઈ ગઈ છે. પ્રત્યેક ગ્રામ જ્યોતિગ્રામ બની ગયું છે.

સહુથી મહત્ત્વપૂર્ણ વાત તો એકે બહેનોની સ્થિતિમાં ઘણો સુધારો થયો છે. શિક્ષણ અને સ્વાતંત્ર્યને કારણે તેમનો વિકાસ થઈ રહ્યો છે. અલબત્ત વૈદિકકાળમાં નારી ઘણી આગળ પડતી હતી પરંતુ મધ્યકાળમાં સ્ત્રીઓની અવનતિ અને દુર્દશા ઘણા મોટા પાયે થઈ હતી. નારી અપમાન અને તિરસ્કારનો ભોગ બનતી હતી. તેમની ઈચ્છા કે અભિપ્રાયની કોઈ દરકાર કરતું નહીં જ્યારે આજની નારી સ્વતંત્ર નિર્ણયો લેતી થઈ છે. ભ્રૂણ હત્યાને ગુનો માનવામાં આવે છે અને તે માટે સજા પણ આપવામાં આવે છે જે ઘણું ઉજળું પાસું છે. પહેલાના સમયમાં પુત્ર જન્મને વધાવવામાં આવતો અને પુત્રીને દૂધ પીતી કરી દેવામાં આવતી હતી. જ્યારે આજે પુત્રી જન્મને વિશેષ ઉલ્લાસથી આવકારવામાં આવે છે. પુત્ર અને પુત્રીમાં કોઈ જ ભેદભાવ રાખવામાં આવતો નથી. તેના વિકાસ માટે સમાન તકો આપવામાં આવે છે. રમત-ગમત, શિક્ષણ, વિજ્ઞાન, કલા, સાહિત્ય, સંગીત, ઉદ્યોગ, એમ દરેક ક્ષેત્રમાં નારીનું પ્રદાન અને સિધ્ધિઓ જોવા મળે છે.

સાથે સાથે આજના સમયમાં છૂટાછેડાનું પ્રમાણ ખૂબ વધી રહ્યું છે જે ચિંતનીય બાબત છે. વળી, લિવ ઈન રિલેશનશીપને કારણે અંતે વેઠવાનું તો મહિલાઓના ભાગે જ આવે છે. ત્યારે પહેલાના સમયની લગ્નપરંપરા અને કુટુંબ વ્યવસ્થામાં આવશ્યક સુધારા લાવી પુનઃ સ્થાપિત

કરવી જરૂરી જણાય છે.

આજ રીતે પૂર્વે ગુરુકુળ પધ્ધતિથી શિક્ષણ અપાતું હતું. ગુરુશિષ્યને પરા અને અપરા બંને વિદ્યાઓ શિખવતા હતા. ત્યાર પછી પૂ. ગાંધીજી પ્રેરિત બુનિયાદી તાલીમ આપવામાં આવતી જેના કારણે વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થતો, હજુ ક્યાંક ક્યાંક આ બુનિયાદી તાલીમ પ્રવર્તમાન છે. પરંતુ આજના સમયમાં પાશ્ચાત્ય શિક્ષણપધ્ધતિના પ્રભાવમાં અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ અપાતું હોવાથી માતૃભાષા ભૂલાવા લાગી છે. પરિણામે ભારતીય સંસ્કૃતિનું પણ અવમૂલ્યન થવા લાગ્યું છે. આજનો યુવાન દિશા શૂન્ય બની ગયો છે. દેખાદેખીના કારણે ખરી કેળવણીથી વંચિત રહે છે. આજે ગુરુ-શિષ્યના સંબંધોની ગરિમા રહી નથી. શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો માત્ર ડિગ્રી પૂરતા થઈ ગયા છે.

આજનો સમય અનેક રંગોથી રંગાઈ ગયો છે પણ પોતાનો મૂળ રંગ ક્યો છે, તેની જ ખબર રહી નથી. આવનારા સમયમાં મનુષ્યએ પોતાનો મૂળ રંગ શોધી લેવો પડશે, તો જ આવતીકાલ રંગીન બની રહેશે નહીં તો તે ધૂંધળી બની જશે. જીવન એક નદી છે. નદી બે કાંઠા વચ્ચે વહે તો જ સંસ્કૃતિ પાંગરી શકે નહીં તો વિનાશ થાય. પ્રાચીનતા અને આધુનિકતારૂપી આ બંને કિનારાઓનું જતન કરવાથી જ આવતીકાલ સમૃધ્ધ થશે.

આવતીકાલ ડિઝિટલ હશે જેનો પ્રારંભ આજથી જ થઈ ગયો છે. આવતો સમય રોબોટ જેવા યંત્ર માનવોનો હશે. પૃથ્વી નામના ગ્રહની જગ્યાએ મનુષ્ય જીવન ચંદ્ર કે મંગળ પર પાંગરતું હશે. તે કેવું હશે તે તો આવનારો સમય જ કહી શકે. વળી, મનુષ્યની આવતીકાલ આ જે સંકુચિત કે પછી વિશાળ વિચારધારાને અપનાવે છે તેના પર આધાર રાખે છે.વિજ્ઞાન, ટેકનોલોજી અને અધ્યાત્મના સંતુલનથી આવનારો સમય મનુષ્યજાતિને સાચા વિકાસના પંથે લઈ જશે. આ રીતે આવતીકાલ સહુ કોઈ માટે સુરમ્ય અને સુચારુ પણ બની શકે તેમ છે. પુનઃ રામરાજ્ય કે સુવર્ણકાળ આવી શકે તેમ છે. અભિજ્ઞાન શાકુંતલમાં તો કહ્યું છે, 'પૃથ્વી રમણીય છે. પણ તેના માટે તેમાં જ નિરૂપિતનિઃ સ્વાર્થ પ્રેમથી જ આ શક્ય બનશે.'

આજે તો મહામારીઓના કારણે બધું અનિશ્ચિત બનતું જાય છે ત્યારે મનુષ્ય જાતિએ સાવધ રહેવાનો સમય પાકી ગયો છે. ભાવિ વર્તમાનમાં નિહિત છે, એ ન ભૂલવું જોઈએ.

(૩, દેનાબેંક સોસાયટી, સ્ટેશનરોડ, અમરેલી, ૩૬૫૬૦૧, મો.૯૪૨૯૧૩૯૧૪૫)

**સાયુજય**

એક સૂફી ફકીરને એક જિજ્ઞાસુ માણસે પૂછયુ : 'આપની કુટિરમાં તમારો આખો દિવસ કેવી રીતે પસાર થાય છે?'

ફકીરનો જવાબઃ 'ધરતી પર ઊગેલ કૂંપળને પાણી પાવા કરતાં ચડિયાતા કોઈ કર્મની મને ખબર નથી.

નાના શિશુને, ઊગતા સૂર્યની જેમ નિહાળી રહેલી માતાના દિવ્યાનંદથી ચડિયાતા કોઈ આનંદની મને ખબર નથી. હું મારી ઝૂંપડીને બ્રહ્માંડનો જ એક અંશ માનું છું અને મારી ઝૂંપડીનો અવકાશ બહારના વિરાટ વિશ્વના અવકાશથી લગીરે જુદો નથી.

મારા જીવનની દરેક ક્ષણ અનંત, અનાદીકાળ સાથે એકરૂપ થયેલી છે.'

## ૦૬ પીડપરાઈને ઉજાગર કરનાર : અલ્પેશ બારોટ

**ડૉ. મહેશ સી. વાઘેલા**

પૂજ્ય મહાત્મા ગાંધીજીએ આઝાદીની લડતની સાથે સાથે આવનાર આઝાદીના પ્રજાજનોના સમાજ ઘડતર માટે એકાદશવ્રત અને અઢાર વિધ રચનાત્મક કાર્યક્રમોની ભેટ આપેલ છે. અઢાર વિધ રચનાત્મક કાર્યક્રમોને સન્મુખ રાખીને સ્વતંત્ર્ય સૈનિકો, ગાંધી અનુયાયીઓ, યુવાનો ગ્રામીણ વિસ્તારમાં જઈને બેઠેલા છે. આ સદ્કાર્યમાં સમય, કાળ, સ્થળને આધારિત અનેક નવા આંગતુકો જોડાઈ રહ્યા છે. ગુજરાતમાં આવા અનેક યુવા-દંપતિઓ કાર્યરત છે. નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકા મથકથી ૨૫ કિલોમીટર દૂર આદિવાસી વિસ્તારમાં માંકડ આંબા ગામમાં યુવાન અલ્પેશભાઈ આવી જ કંઈક મથામણ કરી રહ્યા છે.

ગુંદી- ભાલપ્રદેશમાં૧૯૮૪-માં જન્મ. ઉત્તર બુનિયાદી વિદ્યાલય-ગુંદી ખાતે થયો. લોકવિદ્યાલય - વાળુકડ, ગ્રામભારતી- અમરાપુર, ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદમાં શિક્ષણ મેળવે છે. એમ.એસ.ડબલ્યુ.ના અભ્યાસ બાદ સદ્ભાવના સંઘ - મુંબઈ ખાતે સારા પગારદાર તરીકેની નોકરી કરે છે. એમ.એસ.ડબલ્યુ.નો અભ્યાસ અને મુંબઈની દોઢ વર્ષની નોકરી દરમિયાન મનમાં અનેક પ્રશ્નો, સવાલો ઊભા થાય છે. તેના ઉકેલની ઝાંખી અનુભવાય છે. અને મુંબઈની નોકરી છોડીને ગુજરાતમાં વડોદરા - છોટાઉદેપુર - નર્મદા જિલ્લામાં યુનિસેફ - પ્રતિકાર ટ્રસ્ટ સાવલી કાર્યન્વીત "બાળ અધિકાર - બાળ સુરક્ષા"ના પ્રોજેક્ટમાં છ વર્ષ સુધી કાર્ય કરવાનું બન્યું. જેના કારણે ૪૦૦ ગામોની મુલાકાત , પરિચય થયો. ગામડાને ખૂબ નજીકથી, સાચા સ્વરૂપે, અલગ - અલગ સમયે જોવાનો મોકો મળ્યો. સંખેડા, નસવાડી, ગરુડેશ્વર તાલુકામાં આદિવાસી વિસ્તારમાં સતત કાર્ય કરવાથી એક બાબત જાણવા મળી કે મોટાભાગના આદિવાસી લોકો જમીન વિહોણા છે. જે આદિવાસીઓ જમીન ધારક છે. તે જમીન નાના નાના ટુકડા સ્વરૂપે છે. ડુંગરાળ વિસ્તારમાં ખેતી કરવાનું મુશ્કેલ ભર્યું હોય છે. આવા અનેક કારણોસર આદિવાસી પરિવારોને આજીવિકા અર્થે, રોજગારી મેળવવા માદરે વતનથી ૩૦૦થી ૪૦૦ કિલોમીટર દૂર સૌરાષ્ટ-કચ્છના અનેક વિસ્તારમાં ખેતી કાર્યો માટે મજૂરીએ, ભાગે ખેતી કરવા જવું પડતું હતું. વડોદરા, સુરત, વલસાડ, નવસારી, વાપી, અંકલેશ્વરના ઓદ્યોગિક વિસ્તારોમાં રોજગારી અર્થે જવું પડે. આ કારણથી પરિવારના બાળકો શિક્ષણથી વંચિત રહે. નાની ઉંમરે મજૂરી કામે લાગવું પડતું આ બે દારૂણ બાબતો અલ્પેશભાઈના ધ્યાને આવી. પોતાના વિચારો સાથે એકરૂપતા ધરાવતા યુવાસાથીઓ, મિત્રો સાથે ચર્ચા - વિચારણા કરીને પોતાની અંગત બચત મૂડી ૫૦,૦૦૦/-રૂપિયા અને મનમાં સેવેલ સ્વપનાઓ, ભાવનાઓ, લાગણીને મૂર્તિમંત કરવાને સારુ જૂન-૨૦૧૬માં છોટાઉદેપુર જિલ્લાનું સૌથી મોટુ ગામ - બાર ફળીયા ધરાવતા—કુકરદા ગામમાં નાનજીભાઈ ડુંગરા ભીલના ઘેર ૧૩ બાળકોથી સહયોગ છાત્રાલયોનો આરંભ કરવામાં આવ્યો.

શિક્ષણથી બાળક વંચિત ન રહે, તક વગરના બાળકોને શાળાએ પહોચાડવા, ભાવિવિહોણા બાળકોને શાળા તરફ દોરવા જેવા શુભ કાર્યો નાના પાયા ઉપર, નિષ્ઠાપૂર્વક, સ્વાવલંબન, સહભાગિતા, સ્વચ્છતા જેવા અનેક ઉમદા હેતુથી કુકરદા ખાતે છાત્રાલયમાં સારી રીતે શરૂ થાય છે. બાળકોની સંખ્યા વધે છે. જગ્યાનો પ્રશ્ન ઉદ્ભવતા જૂન-૨૦૧૮થી નસવાડી તાલુકાની સરહદે, ગરુડેશ્વરથી ૨૫ કિલોમીટર દૂર માંકડ આંબા ગામે સ્થળાતર કરવામાં આવે છે. સરકારની એક રૂપિયાની ગ્રાન્ટ લીધા વિના સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, શુભેચ્છકો,ગાંધીવિચારમાં શ્રદ્ધા ધરાવતા સ્નેહીજનો થકી છેલ્લા ચાર વર્ષમાં એક કરોડ

રૂપિયાના મૂલ્યનું કામ થયું. છાત્રાલય પરિસરમાં ૩૦ લાખ રૂપિયાના બાંધકામો કર્યા. આજ સુધી બાળકોને સંપૂર્ણ રીતે વિના મૂલ્યે જરૂરિયાત મુજબની સારામાં સારી સગવડ, વ્યવસ્થા આપવા માટે આદર્શ પ્રયાસ કરવામાં આવેલ છે. છાત્રાલયના બાળકોને ટ્રેનની મુસાફરીનો પ્રથમ અનુભવ કરાવ્યો અમદાવાદ શહેરની મુલાકાત કરાવીને ગૂજરાત વિદ્યાપીઠ, સાબરમતી આશ્રમ, કાંકરિયા પ્રાણી સંગ્રહાલય વગેરેથી અવગત કરાવ્યા. ૩૦ બાળકોને મૈત્રીટ્રસ્ટ - સુરત સંચાલિત માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક, છાત્રાલયમાં અભ્યાસ અર્થે મોકલ્યા. લોકસહયોગની શરૂઆતથી જ ગુજરાતના ગાંધીજનો, કર્મશીલો, રચનાત્મક કાર્યકરો, ગૂજરાત વિદ્યાપીઠ, ગ્રામભારતી અમરાપુર, લોકનિકેતન - રતનપુર, મંગલભારતી - બહાદરપુર જેવી સંસ્થાઓ જરૂરી સલાહ, માર્ગદર્શન થકી ઉત્સાહમાં અવિરતપણે વધારો કરી રહ્યા છે. જે બાબત લોકસહયોગ અલ્પેશભાઈ માટે ઉપયોગી છે.

૨૦ ઓક્ટોબર - ૨૦૧૯ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ ખાતે પ્રસિધ્ધ કટારલેખક–વિવેચક શ્રી જય વસાવડાએ અલ્પેશભાઈના કાર્યને પોંખવાના શુભાશયથી "પીડ પરાઈ જાણે રે" કાર્યક્રમ થકી યુવાનોને લોકસહયોગની કામગીરીથી અવગત કરાવવાનો સુંદર કાર્યક્રમ થયો. જે લોકસહયોગ અને યુવાસાથીઓમાં ઉત્સાહ, શ્રધ્ધા, આત્મવિશ્વાસમાં અતૂટ વધારો કરનાર બની રહી છે. વર્તમાન કોરોનાની મહામારી વચ્ચે માંકડ આંબાની આજુબાજુના ગ્રામીણ વિસ્તારમાં જાગૃતતા પ્રસરાવવાની કામગીરી થકી જરૂરિયાતમંદોને અનાજ, કપડા, પગરખા, પ્રાથમિક દવાઓ, રમકડા, સુકો નાસ્તો વગેરેનું વિતરણ કરવામાં આવેલ છે. આદિવાસી સમાજના મુખ્ય તહેવારો દિવસો, જન્માષ્ટમી, દિવાળી, હોળી મુખ્ય છે. તેની ઊજવણીમાં સહભાગી બનીને જાગૃતિ લાવવા પ્રયત્નો કરે છે.

લોકસહયોગના કાર્ય માટે અલ્પેશભાઈ પૂર્ણ સમય કાર્ય કરે છે. યુવાસાથીઓનો સહયોગથી જરૂરિયાતના સમયે અચૂકપણે હાજરી આપીને પોતાનું યોગદાન આપતા રહે છે. ગ્રામભારતી અમરાપુર– ભૂતપૂર્વ વિદ્યાર્થી સન્માન, સમજકાર્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદ થકી સન્માન- પ્રોત્સાહન જેવી નાની ઘટનાઓ અલ્પેશભાઈને ચોક્કસ હૂંફ, બળ આપશે. લોકસહયોગનું કામ કોઈ એક વ્યક્તિ કે સંસ્થાનું નથી પરંતુ મારુ, તમારુ, આપણા સૌનું સહિયારુ અભિયાન છે તેમ સમજી સ્વીકારીને અલ્પેશભાઈનો મનસુબો, આત્મવિશ્વાસ બુલંદ બનાવવામાં આપણે કોઈપણ સ્વરૂપે યોગદાન આપીને આ માનવીય કાર્યના યજ્ઞમાં આહુતિ આપીએ..

(મો:-૯૪૨૭૬૬૫૦૨૧)

**ક્ષણમાં હોવું**

એક મુલાકાતીએ ઝેન ગુરુને પૂછયું: 'તમે કઈ રીતે સાધના કરો છો?'

ગુરુ જવાબ આપે છેઃ 'મને ભૂખ લાગે છે ત્યારે હું ભોજન કરું છું. અને થાક લાગે છે ત્યારે સૂઈ જાઉં છું.'

મુલાકાતીઃ 'એ તો સૌ કરતાં હોય છે.'

ત્યારે ગુરુએ ભારપૂર્વક કહ્યું: 'મોટાભાગના લોકો જયારે ભોજન કરતા હોય છે ત્યારે હજારો વિચારો કરતા હોય છે. જયારે સૂઈ જવાનું કહે છે ત્યારે હજારો વિચારોની દખલ એમના મનમાં ચાલતી હોય છે. આ બાબતમાં પાયાનો ભેદ છે.'

## ૦૭ ભૂલાતી માતૃભાષા, ભૂલાતો એનો શબ્દવૈભવ...!

**રવજી ગાબાણી**

નદીના વહેણ માફક સમય વહેતો રહે છે. સમયના અવિરત વહેતા પ્રવાહમાં અનેક પુરાણી બાબતો વહી જતી હોય છે. આવી વહી ગયેલી બાબતો કે, જેને પછીની મોટાભાગની પેઢીઓ યાદ કરી માત્ર ગૌરવ લેતી હોય છે. સમજદાર,જાગૃત પેઢીઓ આવા ગૌરવને યાદ કરવાની સાથે, એને સાચવવાનો પણ પ્રયાસ કરતી હોય છે. સમાજ અને સભ્યતા આવી પેઢીને ડાહી પેઢી તરીકે નવાજતી હોય છે. અંગ્રેજ પ્રજા આવી ડાહી પેઢીની વ્યાખ્યામાં આવે છે.આપણે ત્યાં અતિતને સાચવવાની બાબતમાં અંગ્રેજ પ્રજા જેટલી જાગરૂકતા બીજી કોઈ પ્રજામાં નથી. હા, આપણે ખાલી ગૌરવ કરવાનું હોય તો પાછીપાની નથી કરતા. પણ, ખાલી ગૌરવથી શું વળે?

ગુજરાતી ભાષા આપણી દૂધભાષા છે, માતૃભાષા છે.એનું જતન અને ગૌરવ આપણે કરતાં આવ્યાં છીએ. આપણાં સાહિત્યકારોએ પણ ભાષાનું ગૌરવ સચવાય એ માટેના ઉમદા પ્રયત્નો કર્યાં છે.નર્મદ,ગૂજરાત વિદ્યાપીઠ અને ગોંડલ નરેશ તથા અન્ય ઘણા સર્જકોએ ગુજરાતી ભાષાના શબ્દભંડોળને ઉચિત રીતે સાચવી રાખવા અમૂલ્ય કામ કર્યું છે. તેમ છતાં, પાશ્ચાત સંસ્કૃતિનાં વાયરામાં,માતૃભાષાનો મહિમા ઘટતો ચાલ્યો છે. આજે માતૃભાષામાં શિક્ષણ મેળવવું જૂનવાણી ગણાવા લાગ્યું છે. આજે નવી પેઢીને ગુજરાતીમાં ભણવું કે બોલવું માફક નથી આવી રહ્યું. દસમાં ધોરણમાં ગુજરાતી ભાષાના પેપરમાં બબ્બે લાખ વિદ્યાર્થીઓ નાપાસ થાય એને આપણે શું સમજાવાનું? આ મુદ્દે વધું વાતો કરવાના બદલે આપણે નક્કર ઉપાય શોધી કાઢવો જ રહ્યો.

ગુજરાતી ભાષામાં એની ઉદારતા અને વિશાળતાના કારણે અન્ય ભાષાના શબ્દો સતત ઉમેરાતા પણ રહ્યાં છે. એ વાત સારી અને આવકારદાયક પણ છે. આવા બીજી ભાષાના ઉમેરાયેલા શબ્દોએ ગુજરાતીપણું ધારણ કરી લીધું હોય એવું પણ બન્યું છે. તેમ છતાં ગુજરાતી ભાષાના અમૂક મૂળ શબ્દો, તળપદા શબ્દો સતત નામશેષ થઈ રહ્યા છે. કાળક્રમે આવા શબ્દો વણવપરાયેલા રહેતા શબ્દકોશ પૂરતા જ સિમિત રહે એવો ઘાટ ઘડાવાનો છે. એવા સેંકડો શબ્દો આપણને મળી આવશે કે જે સામાન્ય વપરાશના શબ્દો મટી અને કાળના પન્નામાં સમાઈ ગયા હોય. આવો, આજે આપણે કેટલાંક લુપ્ત થતાં આવા તળપદા શબ્દો ઉપર નજર કરીએ.

'ઓળાંડ',આજે ઓળાંડ શબ્દ લુપ્ત થઈ ગયો છે. જૂના સમયમાં નવા કે જૂના, ધોયેલા અને નહીં ધોયેલા કપડા મૂકવા માટે દરેક ઘરમાં ઓળાંડની વ્યવસ્થા રહેતી.ઘરમાં દિવાલને સમાંતર એક લાંબો વાંસ, બંને છેડે દોરડું બાંધી છત સાથે બાંધીને આડો લટકાવી રાખવામાં આવતો. આડા લટકાવેલા આ વાંસ ઉપર ઘરના સભ્યો કપડા લટકાવીને મૂકતા. આજે તો કબાટ, વોર્ડરોબ અને કપડા માટે હેંગર આવી જતા ગામડામાં પણ જૂની વ્યવસ્થા નથી રહી. એટલે બોલચાલની ભાષામાંથી આ શબ્દ લુપ્ત થઈ ગયો છે.

'અડાયા' ગાયના છાણના સૂકાયેલા છાણા કે જે હાથથી થાપીને બનાવેલા ન હોય, ગાયના છાણના આવા સૂકાયેલા છાણાને અડાયા કહેવામાં આવે છે. આ છાણાનો ઉપયોગ પવિત્ર અગ્નિ માટે અને અગ્નિકુંડમાં હોમ-હવન કરવા માટે કરવામાં આવે છે.

'આગવણ'

રસોડામાં રહેલા ગાર-માટીમાંથી બનેલા ચૂલાની રાખ સંકોરી એકઠી કરવા બનાવવામાં આવેલી ચૂલા બહારની તરતની જગ્યાને આગવણ કહેવાય.આજે માટીના ચૂલા જ નથી રહ્યાં તો પછી આગવણનો પ્રશ્ન જ ઊભો નથી થતો.

'કરો'—'ભીંત'—'પછીત'

આમ તો આ ત્રણેય શબ્દ દિવાલના જ પર્યાયવાચી

છે. તેમ છતાં એમાં દિવાલની ઓળખ સંદર્ભે જુદાપણું રહેલું છે. મકાનની પાછળની દિવાલને પછીત કહેવામાં આવે છે. જયારે બંને બાજુની અને વચ્ચેની દીવાલને કરો અને ભીંત તરીકે ઓળખવામાં આવે છે. નવી પેઢી માટે આ શબ્દો સાવ અજાણ્યા બની ગયા છે.

ગામડાની પ્રજાના રોજબરોજના વ્યવહારની બોલી સામાન્ય રીતે તળપદી બોલી જ રહેતી. આ બોલીના દેહાતી શબ્દો આ બોલીને અનેરી મીઠાશ બક્ષતા. અલગ લહેકા સાથે બોલાતા આવા શબ્દોનું જાનપદીપણું બોલી કે ભાષાને અનેરો વૈભવ અને ગરિમા આપતા.

બાળકો ગામડામાં જયારે દાદા-દાદીના ખાટલા આજુબાજુ કે ફળિયામાં રમતા હોય ત્યારે, એ તોફાન કરે કે અવાજ કરે, તો વડીલો છોકરાને થોડે દૂર રમવા માટે સૂચના આપતા. એ સમયે તેઓ એક શબ્દ પ્રયોજતા કે, 'મોકળા રમો'. મોકળા રમવું એટલે દૂર રમવું. પણ, આ શબ્દના અર્થને સમજીએ ત્યારે આ શબ્દનો વૈભવ આપણને સમજાય. મોકળા એટલે મોં-કળા, મતલબ કે મોં (મુખ)કળાય (ઓળખાય) એટલા દૂર રમવું. જેથી વડીલોને ઘોંઘાટ ન નડે અને છોકરાઓ પણ સામે નજરવગા રહે. વડીલોને બંને વાતે સુખ રહે. વાહ ! અદ્‌ભુત શબ્દ.

ગામડાની સ્ત્રી રસોડામાં સવારનું ભાથું તૈયાર કરતી ત્યારે સૌપ્રથમ કૂતરા અને ગાયની રોટલી બનાવતી. પછી જ ઘરના સભ્યો માટે રોટલા બનતા. નાનુ બાળક જયારે સવારનું શિરામણ (બ્રેકફાસ્ટ) કરવા રસોડામાં આવે કે તરત જ બા એ બાળકને કહેતી કે પહેલા કૂતરાને ચાનકી નીરી દે. મતલબ કે પહેલાં, કૂતરા માટે બનાવેલી રોટલી. બાળક કૂતરાને ખવડાવે અને પછી જ શિરામણ માટે બેસે. ચાનકી આમ તો અપભ્રંશ થયેલો શબ્દ છે. સાચો શબ્દ કદાચ શ્વાનકી (કૂતરા માટેની રોટલી) છે.

ઘેર કોઈ મહેમાન આવ્યું હોય અને ઘરના મોભી આવા મહેમાનને રોકાઈ જવા આગ્રહ કરતા હોય ત્યારે, ઉતાવળ હોવાના કારણે આવી વ્યકિત જયારે રોકાતી નથી ત્યારે, પરિવારના આગ્રહને વશ થઈ આ વ્યકિત ફરી વખત આવવા માટે એક શબ્દનો પ્રયોગ કરતી. 'હું પછી ચાયને આવી જઈશ' અથવા 'હું પછી સાયને આવી જઈશ' એવો વાકયપ્રયોગ મહેમાન જતી વખતે કરતા. 'ચાય'ને કે 'સાય'ને શબ્દ અપભ્રંશ થયેલ શબ્દ છે. વાસ્તવમાં મૂળ શબ્દ ચાહીને છે. અર્થાત અત્યારે ઉતાવળ છે, પણ ફરી વખત હું ચાહીને (પ્રેમથી) પછી આવી જઈશ. કેવો ભાવ! શબ્દનો સાચો અર્થ સમજાય ત્યારે જ શબ્દની સાચી મજા આવતી હોય છે.

વેપારી પોતાના વેપારની શરૂઆત કરતા ત્યારે ચોપડા (નોંધવહી)માં 'શ્રી૧।' લખતા. શ્રી૧। લખવા પાછળ પણ ઉમદા ભાવ હતો. વેપારી લક્ષ્મીપૂજન કરી ચોપડામાં 'શ્રી૧।' લખતો ત્યારે એ લક્ષ્મીજીને પ્રાર્થના કરતો કે હે દેવી ! અમારો ધંધો સવાયો થાય. અમારો રૂપિયો સવાયો થાય.વધુ નફાખોરીની ભાવના ન હતી.વિસરાઈ ગયેલાં આવા કેટલાક શબ્દો ઉપર નજર કરીશું તો આપણને એના આગવા મિજાજનો પરિચય થશે.ચાલો,આવા કેટલાક શબ્દો જોઈએ.

દૂઝાણું( દૂધ આપનાર ગાય કે ભેંસ), આવત(ખેડૂત દ્વારા અન્ય જ્ઞાતિઓને બાર મહિને અપાતું અનાજ વગેરે), નિહાર(પાણીનો નિકાલ), પાગડવાશ(પરોઢ), ગાભ(ગર્ભ), પોરો(વિસામો), દાડી(મજૂરી), ઢાલે જવું(કામનાં બદલામાં કામ કરવા જવું), બુઝારું(માટલાને કે ગોળાને ઢાંકવાનું વાસણ), કળશ્યો( લોટો), ભાલિયો(નાની માટલી), બોઘરણું(પિત્તળનું ગાગર કે ઘડા જેવું વાસણ), ડામચિયો(ગાદલાંગોદડાં રાખવાનો લાકડાનો નકશીદાર માંચડો), ઈસ- ઉપળું(ખાટલાનું આડું- ઊભું લાકડું), લોંઠકુ( મજબૂત), પાણિયારું (ઘરમાં પાણી ભરેલા વાસણો રાખવાની જગ્યા) , દેતવા ( લાકડાના સળગતા લાલ લાલ ટુકડા), પાટિયો ( માટીનું રસોઈ માટેનું પાત્ર), નભાઈ (ભાઈ વિનાની), ડોબું (ભેંસ), રોંઢો (બપોરનુંભોજન), વાળુપાણી (સાંજનું ભોજન), ગોઢલ્યા(નાના બળદ), વરત(વ્રત) વરત (જાડું રાંઢવું- રસ્સો), પરબ (તહેવાર, વિવા (વિવાહ) જેવા તળપદા શબ્દો આજે કાળક્રમે લુપ્ત થયા છે. સ્વાભાવિક જ નવી પેઢીનો એનાથી નાતો છૂટી ગયો છે.આજે આવા અનેક શબ્દો વિસરાયેલો વારસો થઈ ને રહી ગયાં છે.આ વારસો સચવાય એ બહુ મહત્ત્વનું છે.

**પરિપત્ર ૨ માર્ચ ૨૦૨૩**

**ગાંધીભારતી—ગાંધીનો ધબકાર**

**'આજે આપણે શાંતિ અને યુદ્ધ, બુદ્ધિ અને ભૌતિકતાવાદ, લોકશાહી અને આપખુદી વચ્ચે ઝૂલી રહ્યા છીએ. આપણો ઉગાર અહિંસાથી જ, અને તે પણ મહાત્મા ગાંધીએ આધુનિક પરિપ્રેક્ષ્યમાં યોજેલી સામુદાયિક અહિંસાથી જ થશે.' - દલાઈ લામા**

આપણે માનવઈતિહાસના એવા બિંદુએ ઊભા છીએ જ્યાં આપણા હાથે, આપણે જે સર્જેલું નથી તેનો વિનાશ થઈ જવાની પૂરી શક્યતા છે - એટલે કે પૃથ્વી અને તેનું જીવનદાયી પર્યાવરણ. આ ઉપરાંત વિશ્વ યુદ્ધ, ભૌતિકવાદ, આપખુદી, આર્થિક અસમાનતા, શોષણ, ટૅક્નોલૉજીનો અતિરેક જેવા પ્રશ્નો સામે પણ ઝઝૂમી રહ્યું છે.

**ગાંધીભારતી -લોકભારતી સણોસરાનું જ્ઞાનકેન્દ્ર**

જીવનલક્ષી કેળવણી, ગોપાલન, સમૂહજીવન, શરીરશ્રમ, ખાદી-ગ્રામોદ્યોગ, સંસ્કૃતિ અને પ્રકૃતિનાં સંરક્ષણ-સંવર્ધન દ્વારા સ્થાયી વિકાસ માટે શિક્ષણ, સંશોધન અને સમાજલક્ષી કાર્યોની ગુણવત્તાથી વિશ્વભારતીના સ્તરે પહોંચેલી લોકભારતીમાં મહાત્મા ગાંધીના વ્યક્તિ અને સમાજના તંદુરસ્ત વિકાસ માટેના જીવનના દરેક પાસાને ધ્યાનમાં રાખીને કરેલા સફળ પ્રયોગોને નવી પેઢી સુધી પહોંચાડવા એક વિશ્વકક્ષાના જ્ઞાનકેન્દ્ર 'ગાંધીભારતી'ની સ્થાપના થઈ છે.

'ગાંધીભારતી'નું કેન્દ્ર ગાંધીજીવનદર્શનનું અધ્યયન, સંયોજન, વિસ્તરણ અને વ્યાપક આચરણ છે. 'ગાંધીભારતી'ગાંધીને એક વ્યક્તિ કરતાં વિશેષ એક વિચાર-એક જીવનશૈલી તરીકે જુએ છે અને નવી પેઢીમાં સારપ સાથે જ્ઞાન, સાહસ અને નિષ્ઠા જેવાં મૂલ્યોનું સંયોજન કરવા પ્રતિબદ્ધ છે. ગાંધીવિચાર તેમ જ ટકાઉ જીવનશૈલીના અભ્યાસ માટે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને તમામ પ્રકારની ભૌતિક તથા બૌદ્ધિક સુવિધાઓ, નીવડેલા પ્રયોગો અને તાલીમી કાર્યક્રમો પૂરાં પાડવાં એ આ કેન્દ્રની એક મહત્ત્વની યોજના છે.

**શૈક્ષણિક શિબિરોઃ ગાંધીભારતીનું અનોખું અભિયાન**

ગાંધીભારતી શૈક્ષણિક શિબિરો આનંદપૂર્ણ, મજેદાર, બંધિયાર યાંત્રિક રુટિનને તાજી હવા આપનારી અને સાથે એક ઘડી માટે પણ પોતાનું ધ્યેય ન વીસરનારી છે. કયું ધ્યેય? લોકભારતી અને ગાંધીભારતીનું મુખ્ય ધ્યેય એક જ છે, વિદ્યાર્થીને સારો માણસ બનાવવો અને શાશ્વત પ્રસન્નતા તેમ જ ખરો વિકાસ આપતી જીવનશૈલી જીવતો કરવો. ગાંધીભારતી આવા વૈજ્ઞાનિક તેમ જ સર્જનાત્મક અભિગમને કેળવતી અનેક સ્તરીય વિવિધ શિબિરોની શ્રેણી પૂરી પાડે છે.

આ શિબિરોમાં કોણ જોડાઈ શકે?

- ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓના તેમ જ કૉલેજોના વિદ્યાર્થીઓ અને શિક્ષકો
- બી.એડ., ડી.એડ., પી.ટી.સી.ના વિદ્યાર્થીઓ(ભાવિ શિક્ષકો)
- કૉર્પોરેટ કલ્ચરના અધિકારીઓ અને કર્મચારીઓ
- લગ્નોત્સુક યુવાનયુવતીઓ, ભાવિ અને વર્તમાન માતાપિતાઓ, વરિષ્ઠ નાગરિકો
- સમાજસેવા કરવા ઈચ્છનારાઓ
- ખેડૂતો-ભૂમિ સાથે જોડાયેલા લોકો

આ શિબિરો દ્વારા તેઓ શાનો અનુભવ કરશે?

- શિક્ષણ અને તેની સાથે જોડાયેલું ભાવાવરણ
- શિક્ષણનો જિવાતા જીવન સાથેનો અનુબંધ
- પ્રકૃતિનાં રહસ્યો, પ્રકૃતિ અને વિજ્ઞાન
- નિર્મળ પ્રસન્નતા અને ખરો વિકાસ
- જીવનલક્ષી શિક્ષણ માટેનો વૈજ્ઞાનિક અભિગમ
- પરિશ્રમ અને કૌશલ્યનો વિકાસ,
- નાગરિકધર્મ અને રાષ્ટ્રભાવનાની ખીલવણી
- વ્યક્તિત્વનો, ક્ષમતાઓનો વિકાસ
- પોતાની નવી ઓળખ
- માનવધર્મની, મનુષ્યત્વની ખીલવણી
- સાદુ જીવન - મિનિમાલિઝમનો પરિચય
- આત્મવિશ્વાસ, આત્મનિર્ભરતા અને સ્વાવલંબન
- પ્રવૃત્તિઓ અને અનુભવ દ્વારા 'શીખતાં શીખે' - લર્નિંગ ટુ લર્ન —નો સઘન અનુભવ

**શિબિર કેવી રીતે ગોઠવવી?**

- થીમ તમે નક્કી કરો
- એક્સપર્ટ તમે નક્કી કરો અથવા ગાંધીભારતી શોધી આપે
- પ્રાકૃતિક પરિસર આપીએ
- રહેવા-જમવાની સગવડ આપીએ
- કુદરતમય-મૈત્રીપૂર્ણ ભાવાવરણ અમે પૂરું પાડીએ
- લેક્ચર હોલથી માંડી લાઈવ લોકેશન અને જરૂરી દશ્ય-શ્રાવ્ય સુવિધાઓ આપીએ
- લોકભારતી પહોંચી ગયા પછીની તમામ વ્યવસ્થા સંભાળીએ

શિબિરનો ખર્ચ : લાભાર્થીઓની સંખ્યા, શિબિરના દિવસો અને શિબિરના પ્રકાર આધારે જે તે શિબિરની આર્થિક ગણતરી સાથે મળીને કરવામાં આવશે.

આપણી નવી પેઢીને માનવમૂલ્યો તરફ અભિમુખ કરવાનો આ એક સહિયારો પુરુષાર્થ છે.

ગાંધીભારતી - આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, લોકભારતી
સંયોજકો:
સંપર્ક: ડૉ. દિનુભાઈ ચુડાસમા - ૯૯૭૯૧ ૮૭૫૮૭, સોનલ પરીખ - ૯૮૩૩૭૦૮૪૯૪
email: appliedgandhi150@gmail.com

## ૦૮ બાહુબળથી અદકેરું આત્મબળ

**રણછોડ શાહ**

---

બાળપણમાં પડેલ ટેવો જીવનપર્યંત રહે છે. 'પડી પટોળે ભાત, ફાટે પણ ફીટે નહીં આ સનાતન સત્ય છે. જીવન ઘડતરનો આ અત્યંત નાજૂક અને અગત્યનો તબક્કો છે. આ ઉંમરે મનમાં રોપાતા વિચારોરૂપી બીજ જ ત્યારબાદ વૃક્ષ સ્વરૂપે વિકસે છે. સાચે જ અને સાચું જ કહેવાયું છે કે કુમળા છોડને જેમ વાળીએ તેમ વળે. નાનપણમાં રોપવામાં આવેલા સ્વચ્છતા, સત્ય અને સ્વાવલંબનના ગુણો જ યુવાનવયે ઉપયોગી બને છે. શાળા અને કુટુંબની એ જવાબદારી છે કે બાળકમાં ઉત્તમ ગુણોનું આરોપણ થાય તેની કાળજી રાખે. આ ઉંમરે જ નિર્ભયતા, આત્મવિશ્વાસ અને સાહસના બીજ રોપાઈ જવા જોઈએ. જો તેમ કરવામાં ચૂક થાય તો મોટપણે તે ગુણો વિકસાવવાનું ખૂબ મુશ્કેલ બને છે.

એક હાથી પાસેથી યુવાન પસાર થઈ રહ્યો હતો. તેણે હાથીનું કાળજીપૂર્વક નિરીક્ષણ કર્યું તો જોયું કે હાથી બહુ દૂર સુધી ચાલીને જઈ શકતો નથી. યુવાનને થયું કે આટલું કદાવર જાનવર કેમ લાંબુ અંતર ચાલી શકતો નથી. હાથીની નજીક જઈને તેને જોયું તો હાથીનો પગ પાતળી દોરીથી એક ખીંટી સાથે બાંધી દેવામાં આવ્યો હતો. તેથી હાથી વધારે દૂર સુધી હાલીચાલી શકતો ન હતો. અરે ! તે તેને બાંધવામાં આવેલા કમ્પાઉન્ડની બહાર ફરવા પણ જઈ શકે તેમ શકય નહોતું. એટલું જ નહીં પરંતુ હાથી તે દોરી તોડી શકવા સમર્થ હોવા છતાં પણ તે પ્રયત્ન કરતો નહીં. યુવાનને આ જોઈને આશ્ચર્ય થયું !

યુવાને હાથીને તાલીમ આપતા ભાઈને ત્યાં ઊભેલા જોયા. તેમને પૂછયું, ''આ હાથી આટલી પાતળી દોરી પણ તોડી શકતો નથી? દોરીને કારણે તો તેનું હરવા ફરવાનું મર્યાદિત થઈ ગયું હોવા છતાં પણ તે દોરીના ત્રાસમાંથી છૂટવા માંગતો નથી? તાલીમ આપનાર ભાઈ બોલ્યા, ''દોસ્ત, આજ તો તકલીફ છે. સાચી વાત તો એ છે કે હાથી નાનો હતો ત્યારે આ દોરીથી તેને બાંધવામાં આવ્યો હતો. તે ઉંમરે તે જરૂરી હતું.વળી તે નાનો હતો ત્યારે કદાચ દોરી તોડી શકે તેવી શકિત ધરાવતો નહતો. પરંતુ તે મોટો થયો પછી પણ તે તોડવા સમર્થ નથી તેવું તેના મનમાં જડબેસલાક બેસી ગયું હતું.આ તેની મર્યાદા બની ગઈ.

યુવાન તો આશ્ચર્યચકિત થઈ ગયો. આટલા કદાવર હાથી માટે તો આટલી પાતળી દોરી તોડવાનું કામ તો રમત વાત હતી. પરંતુ તેની માન્યતા એવી દ્રઢ થઈ ગઈ હતી કે તે દોરી તોડી શકશે જ નહીં અને તેથી તે દોરી તોડવાનો પ્રયત્ન પણ કરતો ન હતો. નાના બાળકોને પોલીસની, બાવાની, કોઈ પ્રાણીની કે ભૂતની બીક બતાવી ધારેલું કામ કરાવી લેતા મોટેરાંઓએ સમજવા જ તૈયાર નથી કે આ બીક તો જીવનભર ઘર કરી જાય છે. કેટલાય યુવાનો—યુવતીઓ વંદા, ગરોળી કે કૂતરાને જૂએ તો ત્યાંથી ભાગી જાય છે. નાનપણમાં બનેલ કોઈ પ્રસંગે તેમને ભયભીત બનાવ્યા હોવાથી મોટી ઉંમરે પણ તે બીક તેમના મનમાંથી દૂર થતી નથી. બાળપણમાં જ બાળકોમાં આત્મવિશ્વાસ, હિંમત અને સ્વાવલંબન જેવા ગુણો સ્થાપિત કરવા જોઈએ.

એક ઉદ્યોગપતિ મોટા દેવામાં ડૂબી ગયાં. તેમાંથી બહાર નીકળવાનો કોઈ રસ્તો તેમને મળતો ન હતો. લેણદારો કડક ઉઘરાણી કરી રહ્યા હતા. તે બગીચામાં બેઠો બેઠો વિચારી રહ્યો હતો કે તેની કંપનીને બંધ થતી કેવી રીતે અટકાવી શકાય?ત્યાં જ અચાનક એક વૃદ્ધ માણસ તેની પાસે આવ્યો અને બોલ્યો, ''તમે કોઈ તકલીફમાં હોય તેમ લાગો છો?'' ઉદ્યોગપતિની મુશ્કેલી સાંભળ્યા બાદ વૃદ્ધે કહ્યું, ''હું તમને મદદ કરી શકું તેમ છું. તે વૃદ્ધે દસ લાખ ડોલરનો

ચેક લખ્યો અને ઉદ્યોગપતિના હાથમાં મૂકતાં બોલ્યો, ''લો, આ ચેક. આજથી બરાબર એક વર્ષ બાદ તમે મને આજ જગ્યાએ મળજો. ત્યારે મને ચેકની રકમ પરત કરજો. આટલું કહી વૃદ્ધ ત્યાંથી જતો રહ્યો. ઉદ્યોગપતિએ તેની શરત સ્વીકારી એક વર્ષ બાદ રકમ પરત કરવાનું વચન આપ્યું.

ઉદ્યોગપતિએ જોયું તો તેને દસ લાખ ડોલરનો ચેક મળ્યો હતો.ચેક ઉપર દુનિયાના સૌથી વધુ ધનિકોમાંના એક તેવા વોરેન બફેટની સહી હતી. ઉદ્યોગપતિની આર્થિક સમસ્યા ઉકલી ગઈ. ચેકને બેંકમાં જમા કરાવવાને બદલે તે ચેક પોતાની પાસે સાચવી રાખ્યો. તેણે વિચાર્યું કે જો કોઈ કટોકટી ઊભી થશે તો તેની પાસે ચેક તો છે જ. બદલાયેલ પરિસ્થિતિમાં તેણે પુનઃ કાર્યની શરૂઆત કરી. ઉત્સાહપૂર્વક સખત મહેનત સાથે પોતાનું કામ ફરીથી શરૂ કર્યું. તેને વધારે પ્રમાણમાં અને મોટા મોટા ઓર્ડર્સ મળવા લાગ્યા. થોડાક જ મહિનામાં તે દેવું ચૂકતે કરી શકાય તેટલું ધન કમાઈ ગયો. ટૂંક સમયમાં તે ધનવાન બની ગયો.

વચન આપ્યા પ્રમાણે એક વર્ષ બાદ તે ચેક લઈને બાગમાં ગયો. તેને પેલા વૃદ્ધને ત્યાં બેઠેલો જોયો. ઉદ્યોગપતિ વૃદ્ધને ચેક આપવા જતો હતો ત્યાં જ એક નર્સ દોડતી આવી અને વૃદ્ધને પકડી લીધો. તે ઉદ્યોગપતિ તરફ જોઈ બોલી, ''તમને વૃદ્ધે કોઈ તકલીફમાં તો નથી મૂકયા ને? તે હંમેશા ગાંડાની હોસ્પિટલમાંથી ભાગી જાય છે અને લોકોને કહે છે કે તે વોરેન બફેટ છે! નર્સ વૃદ્ધને લઈને ત્યાંથી જતી રહી. ઉદ્યોગપતિએ આશ્ચર્યચકિત થઈ આંચકો અનુભવ્યો. સમગ્ર વર્ષ દરમિયાન તે એમ જ વિચારીને કાર્ય કરતો હતો કે તેની પાસે દસ લાખ ડોલરનો ચેક છે!

જીવનમાં સંપત્તિ કરતાં આત્મવિશ્વાસ મોટો ભાગ ભજવે છે. દોલત કરતા હિંમત ઘણી વધારે ઉપયોગી બને છે. સાધન કરતાં સાધના ચડિયાતી છે. ભૌતિક બાબતો બહારથી પ્રાપ્ત થાય. પરંતુ શ્રદ્ધા અને વિશ્વાસ તો અંતરના ઊંડાણમાંથી આવે. હાર્યા વિના,હિંમતથી આગળ વધતી વ્યકિત વિજય પતાકા લહેરાવી જ શકે છે. ગમે તેવા અંધકારમાંથી આત્મવિશ્વાસને અજવાળે આગળ વધી જ શકાય છે.

(ઍમિટી સ્કૂલ, ભરૂચ. સંપર્કસૂત્ર : ૯૯૭૯૮૬૧૬૩૧)

### નિંદા ઘોર અપરાધ

શેખસાદી નાના હતા ત્યારે આખી રાત કુરાન પઢતા હતા ત્યારે તેની બાજુમાં કેટલાંક માણસો પથારીમાં પડયા પડયા મોટેથી નસકોરા બોલાવી ઘોરતા હતા, આ જોઈ શેખસાદીએ એના પિતાને કહ્યુંઃ 'અબ્બાજાન, જુઓને આ લોકો કેવા છે? ખુદાની નમાજ પઢવાને બદલે ઊંઘમાં ઘોરે છે. કોઈ માથું યે ઉંચું નથી કરતું!'

સાંભળી શેખસાદીના અબ્બાજાન બોલ્યા : 'બેટા, તું પણ આ લોકોની જેમ સૂઈ ગયો હોત તો ઘણું સારું થાત, જેથી તું કોઈની નિંદા તો ન કરત ! ને ખુદા તારાથી નિરાશ ન થાત.'

### વાહ! વાહ!

રમણ મહર્ષિને એમના એક શિષ્યે કહ્યું: 'આપની ગેરહાજરીમાં એક ભાઈ તમારી ખૂબ નિંદા કરે છે.'

રમણ મહર્ષિએ સહજ રહી જવાબ આપ્યો હતોઃ 'હું હાજર ન હોઉં ત્યારે એ લોકો મારી નિંદા કરશે ને? એ જ પ્રમાણે હું ગેરહાજર હોઉં ત્યારે મારી હત્યા કરે તો શું હું સાચે જ મૃત્યુ પામું?'

## ૦૯ શિક્ષણ પસંદગીનું હોય પ્રણાલીનું નહિ

**હા. શ. ભટ્ટ**

---

દુનિયાના મોટા ભાગના લોકોને સામાજિક પ્રણાલી સાથે જીવવામાં ગૌરવ અનુભવાય છે, અને એ પ્રણાલીને જ કાયમી અને અંતિમ સમજી અનુસરાય છેકે જીવાય છે.પ્રણાલી સામાજિક રીતિ-રિવાજોની,અમુક ચોક્કસ માન્યતાઓની કે ધર્મની હોય.સમાજનો અર્થ ખૂબ સાંકડો છે,સમાજ એટલે એકચોક્કસ પ્રકારનું ઝુંડ કે ટોળું!સામાજિક પ્રણાલીમાં મોટા ભાગની બાબત ગૌરવ કરવા યોગ્ય અને સૈદ્ધાંતિક છે, એમ માનીને માતા પિતા અને શિક્ષકો એ જ પ્રણાલીઓને બાળકોના મનમાં ખોસવા પ્રયત્નો કરે છે. જેથી કરી તે વ્યવહારિક અને સામાજિક સલામતી અનુભવે. શિક્ષક જો આ વાડા બહારનું શીખવવા જશે તો સમાજ એ શિક્ષકને અસ્વીકૃત કરશે અને તેનો બહિષ્કાર કરશે.

શિક્ષકોની કે શિક્ષણની કરુણતા છે કે શિક્ષકો સમાજ આધારિત છે,સમાજ શિક્ષકો આધારિત નથી. સમાજ પોતાને શિક્ષકો કરતા વધુ ઉંચો અને શિક્ષકોને નોકરિયાત સમજે છે. જો કોઈ બાળક આ પ્રણાલીની કે પરંપરાની બહાર જઈ જીવવાનો કે વિચારવાનો પ્રયત્ન કરે, અને રાબેતા મુજબના શિક્ષણને અવગણીને પોતાના ગમતા વિષયમાં પોતાનો રસ્તો બનાવી આગળ જવા ઈચ્છે તો મા-બાપ, શિક્ષકોઅને સમાજને અસલામતી અને વામણાંપણું અનુભવાય છે.બાળકની સ્વત્રંતા, હિંમત અને મૌલિકતા આપમેળે ખુલે અને ખીલે તો આ લોકો આ બાબતને પોતાની નિષ્ફળતા માનતા હોય છે અને છેવટે બાળકોને પ્રણાલીના વાડામાં ઢસડીને રાખવાના પ્રયત્નો કરે છે.

આ પ્રણાલીઓ કોને બનાવી હોય છે એવો વિચાર કરવા જેવો છે .આવી પ્રણાલીઓ એમને બનાવી હોય છે, જેમને પોતાની વાતનું કે વિષયનું અનુકરણ કરાવવાની ખૂબ મોટી લાલસા હોય. અનુકરણ કરાવવાની જરૂર કે લાલસા કેમ ? કારણ કે પાવરફુલ થવું, માનનીય થવું અને છેલ્લે ધનિક થવું એ દરેક લોકોની મૂળભૂત ઈચ્છા રહી છે.આવું બનવા અનુયાયીઓની જરૂર પડે છે,આવા અનુયાયીઓની લાલસામાં અલગ અલગ વિષયોના 'ઠેકેદારો'એ મોટા ભાગનો સમાજ લપેટમાં લઈ લીધો, એ કારણે જેમને વેદ,ઉપનિષદો 'સાંભળ્યા' અને ઈશ્વરીય શક્તિ અને મનની શક્તિ વિષે સાંભળ્યું એમને એના વિષે અભ્યાસ કે અમલ કરવાના બદલે ધર્મ ,પરંપરા , સંસ્કૃતિ,અને જ્ઞાનની વાતોને 'હથિયાર' બનાવી પોતાનો 'સ્વવિકાસ' કરવા લોકોને પોતાની મરજી પ્રમાણેની પરંપરા,સંસ્કૃતિઓ,ધર્મ, સિદ્ધાંતો આપ્યા. કા તો નવા આપ્યા યા તો હતા તેમાં પોતાની મરજી અને જરૂરિયાત પ્રમાણે બદલાવ કરી આપ્યા. આપ્યા તેટલું નહિ પણ સાથે ડર અને કટ્ટરવાદથી એ બધું બીજા આગળ અનુકરણ પણ કરાવ્યું.

માતા-પિતા અને શિક્ષકો પણ સમાજનો હિસ્સો છે. દરેક ભાષાના કવિ-લેખકોએ માતા-પિતા અને શિક્ષકોને તેમની કૃતિઓમાં ભગવાન બરોબરનો એટલે કે બધી રીતે પરિપૂર્ણ હોવાનો દરરજો આપ્યો છે, પરંતુ મોટા ભાગની વાસ્તવિકતા એ રહી કે સમાજની,ધર્મની,અને પરંપરાની મર્યાદામાં માતા-પિતા અને શિક્ષકોને પણ વીંટળાઈ ગયા છે. આવી મર્યાદાથી ઘેરાયેલા અને એ મર્યાદાને જ પરમ સત્ય માનનારા કેવી રીતે તેના બાળકો કે વિદ્યાર્થીને પૂર્ણ વિકસિત કરી શકે ?!

જો કોઈ પોતાની મરજી પ્રમાણે વિકસે , મરજીના વિષયમાં જીવે અને કોઈને ના અનુસરે તો તેને પાપી,નરાધમ,નાસ્તિક કહી અપમાનિત અને બહિષ્કૃત કરાતો તેથી છેવટે લોકો કહેવાતા 'મોટા' લોકોના માનસિક અને શારીરિક ગુલામો જ રહ્યા .બૌદ્ધિક અપંગતા કાયમ રહેવી જોઈએ એ 'મોટા' લોકોનું મૂળ લક્ષ્ય હતું.

શિક્ષણમાં કોઈ પણ વિષયોમાં પ્રયોગ અને

સર્જનાત્મકતાનો સમન્વય થાય તો એ શિક્ષણ પચે અને વિદ્યાર્થીનો ખરો વિકાસ કરે. વૈચારિક પરાવલંબન હજારો વર્ષોથી ચાલ્યું આવે છે માટે તેની ઉપર પ્રશ્ન કરવો પણ માણસના મૂળિયાં હલાવી નાંખનાર હોય છે તેથી પરાવલંબીઓ તેમના અસ્તિવનું વજૂદ જતું રહે એવી મોટી અસલામતી અનુભવે છે. એમનામાં તમામ પ્રકારની મૌલિકતા કે ખુદની પ્રણાલી વિકસાવવાની હિંમત નથી હોતી.તેથી એ સમાજમાં વધુ પ્રમાણમાં સ્વીકારાયેલા ધર્મગુરુઓ, નેતાઓ, કલાકારો,રમતવીરો,તત્વજ્ઞાનીઓને હવાલે પોતાની જાત કરી દે છે,આ બધા લોકોને એ કા તો પૂરતી અંધશ્રદ્ધાથી કે પૂરતી કટ્ટરતાથી માને છે અને અનુસર્યા કરે છે.

કરુણ બાબત તો એ છે કે આ પરાવલંબીતા જ એમને સલામતી, સ્વમાન અને સંસ્કારનામહાન વિશેષણો આપે છે, માટે કશુંપણ શીખ્યા કે જાણ્યા વગર માત્ર તેમને અને તેમની વાતોને અનુસરવાથી મહાનતા અનુભવાતી હતી. એથી જ તેઓ બસ રોજગારલક્ષી શિક્ષણ લેતા રહ્યા બાકી બધું એ કહેવાતા 'મોટા' લોકો અને સંસ્થાઓ પર છોડી દીધું. ખરા અર્થમાં 'જીવવાની' કે તેની કેળવણી લેવાની સહેજ અમથી પણ ઈચ્છા ના જન્મી. અને જન્મી તો તેવી ઈચ્છાઓ બિનજરૂરી અને વાહિયાત છે એમ કહેવાતા 'મોટા' લોકો દ્વારા શીખવી દેવામાં આવ્યું .

અમુક લોકો માત્ર ભક્તિભાવથી નહિ તર્કથી કોઈના હવાલે થાય છે અને એમ માને છે કે ,'હું તો દરેક બાબત તર્કથી સમજ્યો છું, અને બીજા કરતા હું હોશિયાર છું માટે ખોટી અંધશ્રદ્ધામાં ફસાયો નથી' આવા લોકોને નથી ખબર કે કહેવાતા 'મોટા' અને 'સ્વીકારેયલ' લોકો અત્યારે તર્કથી વિચારવાવાળાને પણ મેન્યુપેલેટ કરતા શીખી ગયા છે. અને એ પણ ખૂબ અસરકારક રીતે.તેથી જ ભણવામાં મોટી ગણાતી ડિગ્રીવાળા લોકો પણ આવા 'મોટા' માણસો અને સંસ્થાઓના ભક્ત થતા જોવા મળે છે.

સંસ્કાર અને સંસ્કૃતિના ઠેકેદારો સ્વતંત્રતાની વાતો કરે છે,પણ જો ખરેખર દરેક અનુયાયીઓ સ્વત્રંત અને મૌલિક થઈ જાય તો દરેક કહેવાતા 'ગુરુઓ', 'માર્ગદર્શકો', માતા-પિતા અને શિક્ષકો પણ ગંભીર તણાવમાં આવી જતા હોય છે.

ઉપરોક્ત બાબત થોડી વિગતે જણાવવાનો હેતુ એ જ કે શિક્ષણ પ્રણાલી મૂળમાંથી આજ સુધી કેવી રહી અને તેના પરિણામો અને આડઅસરો કેવા રહ્યા તે સમજવા માટે છે. હવે આપણે આ આખું પરાવલંબી વાતાવરણ નહિ બદલી શકીયે પરંતુ આપણે કેવી રીતે 'જીવી'શકીયે અને જીવનની 'અનુભૂતિ' કરી શકીયે તેની કેળવણી જાત અનુભવ કરી લેવાની રહી . જીવન 'કળા'લાગવા માંડે, 'કરુણા, અને 'પ્રેમ' લાગવા માંડે તો સમજવું કે આપણે શિક્ષિત થઈ રહ્યા છીએ.જીવનના સુખ,શાંતિ પાછળ ભાગવાના બદલે 'જે છે, તે' અને 'જેટલું છે, તે' સુંદર લાગે ત્યારે આપણે કેળવણીને વર્યા હોય એમ સમજીયે. જીવનમાં કળા, પ્રેમ, કરુણા આપણને સમજાતી કે અનુભવાતી ના હોય તો કોઈપણ પ્રકાર શિક્ષણ લઈએ તેનો શું અર્થ સમજવો?! કેળવણી દ્વારા જ આપણે બીજા પ્રાણીઓ કરતા અલગ છીએ. બાકી સર્વાઈવલ તો દરેક પ્રાણી કરે છે, ભૌતિક સગવડતા(ખાવાની અને રહેવાની )તો એ પણ બહેતર બનાવે છે.

પોતાનો માર્ગ જાતે પસંદ કરો અને તેના પર શંકા રાખ્યા વગર ચાલવું, હકારાત્મક કે નકારાત્મક પરિણામ આવે તો તમે જ તે પરિણામના મલિક છો એ ખ્યાલ રાખવો, દરેક પરિણામ આપણને કેળવતું હોય છે,આવી રીતે મેળવેલ કેળવણી આપણો સર્વાંગી વિકાસ કરે છે.

દુનિયામાં જેમ સ્વાર્થી અને ઢોંગી માર્ગદર્શકો છે તેમ નિઃસ્વાર્થી અને શુદ્ધ મહાપુરુષો પણ છે. આ ઓળખ પણ જાત સફર અને તેના અનુભવથી કરવી. તમને તમારી પ્રકૃતિ મુજબનું મળી જ જશે. માતા-પિતા, ગુરુજનોને માર્ગદર્શક તરીકે સમજવા, નહીં કે 'જીવન સાથી' તરીકે, તમારા પોતાના સિવાય બીજું કોઈ તમારો ઉત્તમ 'જીવન સાથી' હોય ના શકે. આ સંદર્ભે રવીન્દ્રનાથ ટાગોરની પંક્તિ યાદ આવે કે' જોડી તોર ડાક શુને કેઉં ના આશે..., તોબે એકલા ચૌલો રે.એકલા ચૌલો,એકલા ચૌલો, એકલા ચૌલો રે..!

## ૧૦ ઈશ્વરના ચંપલ એટલે કુમાશનો કોશેટો

**પારસકુમાર**

---

એક માણસે કોઈ નેતા પર ચંપલ ફેંક્યું.નિશાન યોગ્ય જગ્યા પર લાગ્યું,માણસ હરખાઈ ગયો અને નેતા શરમાઈ ગયા.પણ ચંપલ ડરનું માર્યું થર થર ધ્રુજવા લાગ્યું. કોઈએ ચંપલને રડવાનું કારણ પૂછ્યું ત્યારે જવાબ મળ્યો,'અમે બેઉ ચંપલ તો એ માણસના પગમાં અખંડ યુગલ બનીને બેઠાં હતા,અમે અમારા માલિકને અગનજ્વાળા ઓકતી જમીન સામે અને માર્ગમાં વેરાયેલાં કંટક સામે હંમેશા એકસરખું રક્ષણ આપ્યું હતું, તો પછી મને એકલાને પગમાંથી ફેંકવાનું કારણશું? મને મારા જોડીદારથી જુદો કરવાનું કારણ શું? મારી સાથે પક્ષપાત કરવાનું કારણ શું?નેતા તો ઠીક પણ મારો વાંક શું? મારી આબરૂ અને મારી ગરિમાનું શું?' ચંપલના સવાલો તેના હીબકામાં લપાતા રહ્યા અને માણસનું હૈયું હીબકાના ઘૂંટડામાં ઘૂંટાતું રહ્યું.

ચંપલની જોડમાંથી એક ચંપલ ખોવાઈ જાય ત્યારે ચંપલનું યુગલત્વ ખંડિત થઈ જાય. ચંપલની જોડ તો કપલ કહેવાય. એક ખોવાય એટલે બીજાનું અસ્તિત્વ ખોરવાય. પ્રત્યેક ચંપલના પેટમાં સારસયુગલનો આત્મા પૂરાયેલો હોય છે.એકપ્રાણ ત્યજે ત્યારે બીજાએ સતીપ્રથાની પરંપરા પાળવા રઝળવું પડે. ચંપલની એકલતા એ પગનું એકાંત નથી. ચંપલ તૂટે ત્યારે ચંપલની એકલતાની અનુભૂતિ પ્રેમાળ પગને થતી હશે કે નહીં? પ્રત્યેક પગને ચંપલની અને દરેક ચંપલને પગની જીવંતતાની ચિંતા હોય છે. કુમળા પગને મુલાયમ પલંગ પર બિરાજમાન થઈને પદયાત્રા કરવાનું મન થયું અને ચંપલનો જન્મ થયો. જીવનમાં ચંપલ સાથે સંકલન કરવું એ પગનો સ્વભાવ છે.ચંપલ વિનાના પગની પીડા કોઈ ચંપલનું હૃદય જ અનુભવી શકેછે. હે ઈશ્વર! તું વખત આવ્યે એક ચંપલને બીજી ચંપલથી દૂર કરજે પણ કોઈ કુમળા પગને ચંપલના સહવાસથી દૂર ન રાખજે.

જમીન પર વેરાયેલા કાંટા તલવારના પૂર્વજ છે,તો ચંપલ ઢાલની વંશજ છે. પગનું તળિયું તો કુમાશનું સરનામું કહેવાય.પગને ચંપલની વ્યાખ્યા પૂછવામાં આવે તો જવાબ મળે,ચંપલ એટલે કુમાશનો કોશેટો. પગના તળિયાને જયારે પહેલીવાર મુલાયમ ચંપલનો સ્પર્શ થયો હશે ત્યારે સ્વયં પગને કુમાશનો મર્મ પ્રાપ્ત થયો હશે. પ્રત્યેક ચંપલને પગના તળિયા સાથે મૈત્રીનો વ્યવહાર હોય છે.ચંપલ તૂટે પણ મૈત્રીની વિરાસત ન છૂટે.બે પગને જેમ સમાંતર રાખીને ચાલી શકાતું નથી તેમ જીવનમાં પણ સત્ય અને અસત્યને સમાંતર રાખીને જીવી શકાતું નથી.ચંપલ તો સુખ દુઃખની દીવાદાંડી છે,એક ડગલે સુખ તો બીજે ડગલે દુઃખ,ત્રીજે ડગલે સુખ તો ચોથે ડગલે ફરી પાછું દુઃખ.કોઈ ચંચળ મનનાં ચંપલનું દુઃખ કેવું હોય ? સાંભળોઃ

એક માણસના ચંપલ ચોરાઈ ગયા ત્યારે એક ચંપલે બીજી ચંપલને કહ્યું, 'આપણે ખોવાયા નથી,ચોરાયા છીએ. આપણું અપહરણ કરવામાં આવ્યું છે.આપણા ધનવાન માલિકને આપણા સુધી પહોંચવાને બદલે નવા ચંપલ ખરીદવાનું સહેલું પડશે.' દુખિયારાં ચંપલ અંતિમવાર પોતાના માલિકનું આંગણું નીરખવા ઈશ્વરને વિનવતા રહ્યા. છેવટે તેમને ખબર પડી કે ચોરાયેલા ચંપલને ધારણ કરનાર દુખિયારા પગે તો જીવનમાં કયારેય ચંપલ જ પહેર્યા નથી. એ પગના તળિયામાં પીડા છે, દર્દ છે અને દુઃખના ઊંડા ઊંડા છાલા છે. લાગણીશીલ ચંપલ બધું ભૂલીને પ્રાર્થના કરવા લાગ્યા, 'હે હરિ! અમે અહીં સુખી છીએ, અમારું અપહરણ નહીં પણ અવતરણ થયું છે.પ્રભુ! તું અમારા અવતારકૃત્યને કૃતજ્ઞ કરજે.'

આપણે ઘણીવાર કહેતા હોઈએ કે ચંપલ લપસી ગયું.વાસ્તવમાં ચંપલને બદલે માણસ લપસી પડતો હોય

છે. લપસી પડવાનો સઘળો દોષ ચંપલ પર આવી પડે ત્યારે કુમળું ચંપલ પણ હળવી ચીસ પાડી બેસે. ચાલતી વેળાએ ચંપલમાંથી જે અવાજ આવે તેને ચંપલની ચીસ જરૂર કહી શકાય. પગનો પગરવ હોય તેમ ચંપલનો પણ સ્વર હોય.પ્રત્યેક ચંપલના શોરબકોરને પગરખાં સ્ટેન્ડમાં પોઢી જવાની ટેવ હોય છે.પગરખાનું સ્ટેન્ડ તો ચંપલનું ઘર કહેવાય.પગરખાં-ઘરમાં કોઈ ચંપલને બૂટ સાથે ઝઘડો થતો હશે ખરો? કોઈ બૂટને ચંપલની ઈર્ષ્યા તો નહીં થતી હોય ને?બૂટ પહેરવા ઝૂકવું પડે,ચંપલ પહેરવા ઝૂકવું ન પડે. એક સમયે ચંપલને ઘરનો ઉંબરો ઓળંગીને ઘરમાં પ્રવેશવાની મનાઈ હતી. લાચાર ચંપલ ફળીયામાં મૌન મને બેઠા રહેતા. ઉંમર થતાં ઉંબરો ઓગળી ગયો અને ઘરમાં મલમલ જેવા ચંપલ પહેરવાનો રિવાજ શરુ થઈ ગયો. મલમલ જેવા મુલાયમ ચંપલ એટલે પગને તળીયે ખીલેલું ચંપાનું ફૂલ.

ખોવાયેલા ચંપલની ચિંતા એ ચંપલનું જીવનમાં સ્થાન દર્શાવે છે. એક સમયે માણસ તીર્થસ્થળોમાંથી દર્શન કરીને બહાર આવતો ત્યારે નવાનક્કોર ચંપલ લગભગ ખોવાઈ જ જતા.ચિંતાતૂર માણસ ઈશ્વરની આરાધનામાં ખોવાઈ જવાને બદલે ખોવાયેલા ચંપલની ચિંતામાં ખોવાઈ જતો. હવે મંદિરના આંગણામાં બૂટ ચંપલને બેંકના લોકરની જેમ સુરક્ષિત રાખવામાં આવે છે.માણસ જાણે છે કે કોઈકના ચંપલ કોઈક માટે ચરણપાદુકા છે.

માણસોએ મંદિરની બહાર ઉતારેલા ચંપલોનું ઝૂંડ એકવાર ચર્ચાએ ચડ્યું.એક એજ્યુકેટેડ ચંપલ કહેવા લાગ્યું, ‘ઈશ્વર સૌના છે,તો પછી આપણને ચંપલોને મંદિરમાં પ્રવેશવાનો હક કેમ નહીં? ચંપલને પગની ઢાલ બનાવીને દોડનાર માણસો મંદિરે પહોંચતાવેંત પોતાનું પોત પ્રકાશી બેસે છે, અસ્પૃશ્યવૃત્તિ તો માણસની પ્રકૃતિ છે, સ્વભાવે જાય છે પ્રાણી.’ છેવટે એક બુઝુર્ગ ચંપલે વાતાવરણ હળવું કર્યું, ‘આપણે ઈશ્વરના દરબારમાં જવાને બદલે સ્વયં ઈશ્વરને આપણા દરબારમાં તાણી લાવીએ તો?’ થોડીવાર પૂરતો સભામાં સન્નાટો છવાઈ ગયો. સૌ મૌન થઈ ગયા.બરાબર ત્યારે જ દર્શન કરવા આવેલું એક બાળક ચંપલ ઉતારતા ઉતારતા પિતાને પૂછી બેઠું, ‘પપ્પા, મંદિરમાં કોની મૂર્તિ છે?’ જવાબ મળ્યો, ચરણપાદુકાની. ‘ચરણપાદુકા એટલે શું?’ પિતા બોલ્યા, ‘ચરણપાદુકા એટલે ઈશ્વરના ચંપલ.’ આટલું સાંભળ્યા પછી મૌન મને બેઠેલું ચંપલોનું ઝૂંડ એકાએક ઉછળી પડ્યું,સૌ નાચી ઉઠ્યા,પોતાનો કોઈ નાતભાઈ, કોઈ ચંપલ મંદિરમાં ઈશ્વર બનીને પૂજાતો હોવાની વાતે સૌ ગૌરવ લેવા લાગ્યા.રાસડાં લેતા સઘળાં ચંપલોની છાતી ગજ ગજ ફૂલવા લાગી.

(મોબાઈલઃ૯૮૨૫૯૯૬૫૩૯)

**શ્રદ્ધાંજલિ**

- હિન્દ સ્વરાજ મંડળના સ્થાપક સચિવ અને ગાંધીમૂલ્યો સાથે સાંપ્રત સમન્વયના હિમાયતી શ્રી વાસુદેવભાઈ વોરાનું તા. ૧૪-૦૨-૨૦૨૩ના રોજ ૭૩ વર્ષની વયે અમદાવાદ ખાતે દુઃખદ અવસાન થયેલ છે.
- લોકભારતીના પૂર્વ વિદ્યાર્થી અને સરકારી વહીવટી તંત્રમાં એક આગવી ઓળખ ઊભી કરનારા શ્રી અર્જુનભાઈ છગનભાઈ ગોપાણીનું તા. ૦૩-૦૩-૨૦૨૩ના રોજ ૮૩ વર્ષની વયે ગાંધીનગર મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
  સંપર્ક : ડૉ. હિરેનભાઈ ગોપાણી,
  મો. ૯૮૨૫૭૨૨૨૬૯

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પરમેશ્વરને પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૧૧ જોઈએ... જોઈએ... શિક્ષક જોઈએ છે!

**ડો. સંજય આર. તલસાણીયા**

---

શાળામાં શિક્ષકની આવશ્યકતા અનિવાર્ય અને અગત્યની છે. શિક્ષક વગરની શાળાની કલ્પના કરવી દુષ્કર છે. ભલે આજે ગુગલ ગુરુએ વિશ્વમાં પોતાનો ડંકો વગાડયો હોય પરંતુ ગુરુ તો ગુરુ છે ! ગુરુનું સ્થાન કોઈ લઈ શકે એમ નથી, પરંતુ આજે એ ગુરુ કે શિક્ષક પોતાનું ગુરુપદ જાળવી શક્યો છે ખરો એ પ્રશ્ન છે, અને હા, એ અંગે સ્વયં શિક્ષકે જ ચિંતન કરવું જોઈએ. શિક્ષક તરીકે આપણે ક્યાં કાચા પડીએ છીએ ? એ જો આ સંજોગોમાં નહીં વિચારીએ તો છાત્રોના મનમાં ગુરુ તરીકે આપણું સ્થાન કાયમ ઉતરી જવા સંભવ છે. સત્વશીલ, કર્મઠ ,પ્રજ્ઞાવાન શિક્ષક હંમેશા વિદ્યાર્થીઓના મનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા પામે છે.આદર્શ શિક્ષકનો મૂળભૂત સ્વભાવ મિલનસાર, સહજ અને સરળ હોય છે. એવા શિક્ષકો વિદ્યાર્થી અને અન્ય શિક્ષકો માટે પ્રેરણાસ્રોત બની રહે છે. તે પોતાના જ્ઞાન અને પોતે કરેલ કાર્યનું અભિમાન ન કરે, વળી દરેકને માટે સમાન આદર, ધર્મસહિષ્ણુ, બિનસાંપ્રદાયિક્તાને માનનાર એક પ્રગલ્ભ વ્યક્તિત્વ એટલે ઉત્તમ શિક્ષક ! એમ કહેવાય છે કે નઠારો શિક્ષક બકબક કરે છે, સારો શિક્ષક ભણાવે છે અને ઉત્તમ શિક્ષક તક પૂરી પાડે છે. આવી તક પૂરી પાડે એવા આદર્શ શિક્ષકની કલ્પના આજના વિદ્યાર્થીઓ, વાલીઓ,શિક્ષણવિદો અને સમાજ પણ સેવી રહ્યો છે.

શિક્ષક હવે માત્ર શિક્ષક જ નથી રહેતો,તે હવે સંશોધક,મનોચિકિત્સક અને પરીક્ષક બને છે.હાલ રાષ્ટ્રીય શિક્ષણનીતિ નૂતન અભિગમ સાથે શિક્ષણમાં ધરખમ બદલાવ લાવવા તત્પર બની રહ્યું છે. એવી સ્થિતિમાં આજે શાળામાં જુદી-જુદી પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા કેવા- કેવા શિક્ષકોની જરૂર છે એ અંગે વાત કરવી છે.

**યોગ અને પ્રાણાયામના જાણકારઃ** વિશ્વ આજે ભારતીય પરંપરાને અનુસરી રહ્યું છે એ પ્રત્યેક ભારતવાસી માટે ગૌરવની વાત છે. એમાં પણ આપણાં યોગ,આસનો અને પ્રાણાયામનું તો વિશ્વના લોકોને ઘેલું લાગ્યું છે. ત્યારે આજે પ્રત્યેક શાળામાં એક એવા શિક્ષકની જરૂર છે કે જે યોગાસનો અને પ્રાણાયામનો જાણકાર હોય કે જે વિદ્યાર્થીઓમાં યોગ પ્રત્યે અભિરુચિ કેળવી શકે. જુદા-જુદા યોગ-પ્રાણાયામ અને આસનો સરળતાથી શીખવી શકે. વિદ્યાર્થીઓને ૐકારના ફાયદાઓ જણાવી એ અંગે માર્ગદર્શન આપે. યોગ,આસનો અને પ્રાણાયામોમાં જે વિદ્યાર્થીઓ ખૂબ સરસ પરફોર્મન્સ આપી શકે છે તેઓને જિલ્લા,રાજય અને રાષ્ટ્રકક્ષાએ આગળ લઈ જવામાં સહયોગ અને માર્ગદર્શન આપે એવા શિક્ષકની જરૂર છે.

**પર્યાવરણ અનુરાગી :** આપણે સહુ કથળતી પર્યાવરણની સ્થિતિથી પરિચિત છીએ. એને માટે આપણે સરકાર પર દોષનો ટોપલો ઢોળીએ છીએ. આપણે શિક્ષકોએ આ વિષયને વર્ગખંડ સુધી જ સીમિત રાખ્યો, આપણે તેને વર્ગખંડથી બહાર ગામ, શહેર, નદી તળાવ સમુદ્ર કે જળાશયો સુધી ન લઈ ગયા. આજથી ૧૫-૨૦ વર્ષ પહેલા શિક્ષકોએ જો રાજય અને દેશની નદી-પહાડ-સમુદ્ર-જળાશયો વિશે ગંભીરતાથી વિચાર્યું હોત,તેની જાળવણીની ચિંતા સેવી હોત અને આપણાં વિદ્યાર્થીઓને પર્યાવરણ પ્રત્યે પ્રીતિ જગાવી હોત તો આજે આપણાં ઘણા જળાશયો પીવા લાયક સચવાઈ શક્યા હોત,નદીઓ જે હદે આપણે પ્રદૂશિત કરી મૂકી છે કે આપણને આવનારી પેઢી કદીયે માફ નથી કરવાની. લોકો જંગલો જે હદે કાપી રહ્યા છે એવા વ્યક્તિઓને નાના હતા ત્યારે જો સમજાવી શકાયા હોત તો આજે અનેક પશુ-પક્ષીઓ, જીવ-જંતુઓ નામશેષ થઈ ગયા છે એને આપણે બચાવી શક્યા હોત.સો વાતની એક વાત આપણે શિક્ષકો પર્યાવરણ શિક્ષણને ભણાવવામાં નિષ્ફળ રહ્યા છીએ એતો સ્વીકારવું જ રહ્યું ! એ માટે પ્રત્યેક શાળામાં વિધાર્થીઓને પર્યાવરણ પ્રત્યે રસ જગાવનાર શિક્ષકની જરૂર છે. પશુ-પક્ષી-પ્રાણી વિશે ગહન અભ્યાસુ અને રસ ધરાવનાર શિક્ષકની જરૂર છે. વૃક્ષ,વનસ્પતિ-વેલા વગેરેના જાણકાર શિક્ષક જોઈએ છે કે જે વિદ્યાર્થીઓને માહિતી આપી શકે અને એ સંદર્ભે જાગૃતિ કેળવી શકે. નદી,તળાવ,સરોવર સમુદ્રતટે એક દિવસનો સેમિનાર ગોઠવી પર્યાવરણ તરફ

વાળી શકે,તેના કાંઠાની સફાઈ કરાવે. પર્યાવરણ વિષયક સ્વૈચ્છીક સંસ્થાઓ સાથે વિદ્યાર્થીઓને સાંકળી આપે એવા શિક્ષકની દરેક શાળાને જરૂર છે.

**પ્રયોગવીરઃ** આપણે જાણીએ છીએ કે બાળકોને નાના-મોટા પ્રયોગો કરવા ખૂબ ગમે છે. વિદ્યાર્થીઓને રોજ નવા-નવા પ્રયોગો કરાવી શકે એવા શિક્ષકની જરૂર છે. એવા શિક્ષક કે જે પ્રયોગશાળામાં જ નહીં વર્ગખંડમાં પણ સરળતાથી પ્રયોગો કરી શકે એવા પ્રયોગધર્મા શિક્ષકની જરૂર છે. નાના-નાના પ્રયોગો વિદ્યાર્થીઓ સમક્ષ મૂકી વૈજ્ઞાનિક દષ્ટિકોણ લાવી શકે એવા શિક્ષકની જરૂર છે. વિદ્યાર્થીઓને વ્યવહાર જગતના પ્રશ્નોને સમજાવવા માટે રસપ્રદ પ્રયોગો બતાવે એવા શિક્ષક જોઈએ છે.

**સાહિત્યનો ભાવક અને વાંચનપ્રિય શિક્ષકઃ** શિક્ષક જો સતત વાંચતો ન રહે તો એ વિદ્યાર્થીઓને નવું-નવું પીરસી ન શકે. ભલે એ ભાષાનો શિક્ષક હોય પરંતુ તેને ઇતિહાસ,ભૂગોળ, ખગોળ,વિજ્ઞાન ટેકનોલોજી દરેકમાં સમાન રસ ધરાવતો હોવો જોઈએ, જેથી આ અંગેનું સાહિત્ય વિભિન્ન રસ ધરાવતા વિદ્યાર્થીઓને વાંચન સામગ્રી રૂપે આપી શકે અને તેની જ્ઞાનભૂખ સંતોષી શકે. વિદ્યાર્થીઓને રજા હોય કે વેકેશનમાં એ શિક્ષક હંમેશા પુસ્તકાલયના દ્વાર ખોલી આપે. વર્ષમાં એક-બે વખત વાંચન-શિબિરનું આયોજન કરે અને એમાં વિદ્યાર્થીઓનો સહયોગ લે એવા શિક્ષકની જરૂર છે.

**પ્રવાસ-પર્યટનના શોખીન :** વિદ્યાર્થીઓ માટે પ્રવાસ-પર્યટન અતિ આવશ્યક અને અગત્યનો હોય છે.શાળાના પ્રવાસ-પર્યટન વિદ્યાર્થીઓ માટે કાયમી સાંભરણું બની જતો હોય છે. શિક્ષણ માત્ર વર્ગખંડમાંથી જ મળે છે એ વિભાવના ભૂલવાની જરૂર છે, કેમકે વિદ્યાર્થીઓની ભીતરની શક્તિઓની ઓળખ પ્રવાસ-પર્યટનથી જ જાણી શકાય છે અને તેની ખીલવણી પણ પ્રવાસ-પર્યટનથી જ થાય છે. માટે શાળામાં એવા શિક્ષકની જરૂર છે કે જે- વર્ષમાં એક વખત પગપાળા, સાઇકલ અને ટ્રેન દ્વારા પ્રવાસ ગોઠવે અને વિદ્યાર્થીઓને તેનો અનુભવ કરાવે. પ્રવાસ-પર્યટન પહેલા શું-શું કરવું,પ્રવાસ દરમિયાન અને પછી શું-શું કરી શકાય તેનું વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી શકે એવા પર્યટનપ્રિય શિક્ષકની પ્રત્યેક શાળામાં જરૂર હોય છે. પ્રવાસ દરમિયાન કઈ જગ્યાએ રાતવાસો કરી શકાય, ભોજનની સુવિધા ક્યાં સારી છે વગેરેથી અવગત હોય એવા શિક્ષકની જરૂર છે.

**સંશોધનવૃત્તિ ધરાવનાર :** શિક્ષણમાં આજ-કાલ સંશોધનને કારણે નોંધપાત્ર સુધારો આવ્યો છે. વિદ્યાર્થીઓના રસ જાણી અને નૂતન પ્રયોગો અમલીકૃત કરવા સંશોધનનો સહારો લેવામાં આવે છે. એવે વખતે જો સ્વયં શિક્ષક જ સંશોધનથી અજાણ હશે તો અધ્યયન,અધ્યાપનની પ્રક્રિયા શી રીતે આગળ વધી શકે ? એ માટે શાળામાં શોધવૃત્તિ ધરાવનાર શિક્ષકની જરૂર છે. વિદ્યાર્થી કયા વિષયમાં કાચા છે અને તેની એ કચાશ શું કરવાથી દૂર થઈ શકે એ જાણવામાં રસ ધરાવનાર શિક્ષક હોય તો શાળામાં પરિણામ ચોક્સ સુધરી શકે છે.વિદ્યાર્થીઓની આવડત અને કુશળતાઓ જાણવા-પરખવામાં સંશોધનનો સહારો લઈ શકે એવા શિક્ષકની જરૂર છે. વિદ્યાર્થીઓના વિકાસ સાથે તેમની સમસ્યાઓનું સમાધાન કરી શકે એવા શિક્ષકની જરૂર છે. વિદ્યાર્થીઓના મનોવલણ કયા સંજોગોમાં બદલાય છે? તેના ક્યાં કારણો છે ? તેનો સચોટ ઉપાય શું ? વળી એ અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી શકે એવું જાણનાર શિક્ષકની જરૂર છે.

**રમતવીર :** વિદ્યાર્થીઓને મનગમતી પ્રવૃત્તિ એટલે રમત-ગમત! શાળામાં જો કોઈ વિદ્યાર્થીઓને વહાલું હોય તો એ તેઓને જુદી-જુદી રમતો રમાડનાર શિક્ષક ! દરેક શાળામાં આવા એક શિક્ષક હોય તો શાળાનું વાતાવરણ પણ આનંદપ્રિય બને છે અને ઘણું ખરું શિસ્તના પ્રશ્નોનું પણ નિરાકરણ તેના દ્વારા આવે છે. એ માટે વિદ્યાર્થીઓને ભિન્ન ભિન્ન રમતોના જાણકાર અને વિદ્યાર્થીઓને રમતપ્રત્યે રસ જાગૃત કરાવી શકનાર શિક્ષકની જરૂર છે. વિભિન્ન રમતો જેમકે –કબડ્ડી,ખોખો,ઊંચીકૂદ,લાંબીકૂદ બરછીફેંક વગેરે રમતોના જાણકાર. રમૂજી રમતો જેમકે-કોથળા દોડ, રિલેદોડ, જોડિયા પગ,બંદરકૂદ લોટફૂંક અને દોરડાખેંચ વગરેને રમાડી વિદ્યાર્થીઓને આનંદ-પ્રમોદ કરાવી શકે એવા કાબેલ શિક્ષકની જરૂર છે.

**સંગ્રાહકવૃત્તિ :** આમતો વિદ્યાર્થીઓને જે રીતે રમતોમાં રસ હોય છે એમ નાનપણથી જ જુદી-જુદી વસ્તુઓને સંગ્રહવાનો શોખ પણ હોય છે. જેમકે બાકસની પટ્ટીઓ, લખોટીઓ, સોડાની બાટલીના ઢાકણ વગેરે. જો તેનો આ રસ શાળા કક્ષાએ પોસવામાં આવે તો એ જુદી-

જુદી વસ્તુઓને ઘરમાં સારી રીતે કલેક્શન કરી શકે અને પોતે આનંદ પણ માણી શકે છે તેમજ પોતાના સાથી-દોસ્તોને પણ પ્રેરણા આપી શકે છે.જો સ્વયં શિક્ષક વસ્તુઓને સંગ્રહ કરી વિદ્યાર્થી સમક્ષ મૂકતો હોય તો તેની આ પ્રેરણા અનેક વિદ્યાર્થીઓને માટે પ્રેરણાસ્રોત બને છે.

**ટેકનૉલોજીનો જાણકાર :** આજે ઘણું ખરું શિક્ષણ ટેકનૉલોજી પર અવલંબિત છે, વળી સરકારશ્રી દ્વારા ઘણી શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ વર્ગખંડ સુધી પહોચાડયું છે ત્યારે- વિધાર્થીઓને કોમ્પ્યૂટર વિષયક તમામ માહિતી આપી શકે અને શીખવી શકે એવા શિક્ષકની જરૂર છે. વર્ગખંડમાં દેશ-દુનિયામાં બનતી ઘટના, વૈજ્ઞાનિક ઘટનાઓ, અંતરિક્ષની હલચલ, સમુદ્રના પેટાળની જીવસૃષ્ટિ વગેરેને ટેકનોલોજીના માધ્યમથી વિધાર્થીઓ સમક્ષ પ્રસ્તુત કરી શકે એવા ટેકનોલોજીમાં દક્ષ શિક્ષકની જરૂર છે. વિદ્યાર્થીઓને વંદે ગુજરાતની ચેનલ અને વર્ચ્યુયલ ક્લાસરૂમનો લાભ આપી શકે એવા ટેકનોલોજીના જાણકાર માસ્તર જોઈએ.

**કલાપ્રિયઃ** સાહિત્ય,સંગીત,ચિત્ર એ શિક્ષણનો જ એક ભાગ છે, તેનાથી વિદ્યાર્થીઓના ભાવપક્ષ અને ઋજુતાને વધુ બળવત્તર બનાવી શકાય છે. કલા વિદ્યાર્થીઓની માનસિક તંદુરસ્તી માટે અતિ જરૂરી છે અને એ માનસિક તંદુરસ્તી તેના વ્યક્તિત્વને જ નહીં તેના હૃદયના કોમળભાવોને વધુ અસર કરે છે તેથી આજે ભાગદોડ ભરી જિંદગીમાં માનસિક સંતુલન જાળવવાનું કલા હાથવગું હથિયાર છે. તેથી નાનપણથી બાળકોમાં સાહિત્ય,સંગીત અને ચિત્ર વિશે જો શિક્ષક રસ જાગૃત કરી શકે તો કેળવણી ક્ષેત્રે મોટું કામ શિક્ષક કરી શકે છે. એ માટે શિક્ષક જ કલારસિક હોય તો વિદ્યાર્થીઓને તેનો ઘણો લાભ મળી શકે છે. રંગોના સંયોજન અને તેના વિજ્ઞાનને સમજાવી શકે એવા શિક્ષકની જરૂર છે.

**સંગીતના જાણકાર** : વિદ્યાર્થીઓના ઊર્મિ જગતની ખીલવણી માટે સંગીત અસરકારક ઉપકરણ છે.સંગીતમાં અભિરુચિ ધરાવનાર શિક્ષક વિદ્યાર્થીઓને પ્રાર્થના, લોકગીત,ભજન,ધૂન શીખવી શાળાના વાતાવરણને સંગીતમય બનાવી શકે. ઋતુગીતો,ઉષાગીતોને ગેય બનાવી તેના દ્વારા વિદ્યાર્થીઓને પ્રકૃતિ તરફ પણ વાળી શકે એવા શિક્ષકની જરૂર છે. દેશભક્તિ અને રાષ્ટ્રીયગીતો શીખવી વિદ્યાર્થીઓને દેશાભિમાન જાગૃત કરી શકે. રણગીતો, શૌર્યગીતો, સામાજિક તહેવારોને લગતા ગીતો જેમકે રક્ષાબંધન વગેરે શીખવી શકે. વિભિન્ન વાદ્યો જેમ કે તબલા,ઢોલક, મંજીરા, કેસિયો, હાર્મોનિયમ વગેરે શીખવી શકે.

**નાટ્યકલામાં રસ ધરાવનાર** : પ્રત્યેક કલા આનંદની જનની છે. જો જુદી-જુદી કલામાં કાબેલ શિક્ષક વિદ્યાર્થીઓને આ કલા હસ્તગત કરાવી શકે તો એ તેના ભવિષ્યનું ભાથું પણ બની શકે છે. ઘણી વખત એવું પણ બને છે કે શિક્ષકનો આ અંગે કરેલો નાનો પ્રયત્ન વિદ્યાર્થીઓને એટલા આગળ લઈ જાય છે કે તેણે કલ્પના પણ ન હોય એ સ્ટેજ સુધી પહોચાડે છે,માટે એક સભાન અને નાટ્યકલામાં નિષ્ણાંત શિક્ષકની પ્રત્યેક શાળામાં જરૂર હોય છે.

રાષ્ટ્રીય તહેવારો,સામાજિક તહેવાર નિમિત્તે જુદા-જુદા નાટકો શીખવે, તેમાં સંવાદો કેમ બોલવા, ક્યાં શબ્દ પર ભાર આપવો, ક્યાં વાક્યોને દોહરાવવા,સંવાદ અને ભાવને અભિનયથી પ્રગટ કરવાનું કહી શકે. કયા પાત્રો માટે કેવી વેશભૂષા હોય ? તેની સમજ પણ વિદ્યાર્થીઓને શીખવી શકે.સાદા-સરળ કપડાઓમાંથી પાત્રને અનુરૂપ વેશભૂષા પરિધાન કરી પાત્રને કઈ રીતે જીવંત બનાવવું એ પણ હોશિયાર શિક્ષક શીખવી શકે એવા શિક્ષકની જરૂર છે.

આવી જુદી-જુદી બાબતોમાં હોશિયાર અને નિષ્ણાંત શિક્ષકોનો ઘણી શાળાઓમાં દુષ્કાળ હોય છે. એક અર્થમાં એમ પણ કહી શકાય કે સમાજ અને દેશને પણ તેનો લાભ મળતો નથી.તેથી ઉપર જણાવેલ તમામ બાબતોમાં ભલે આપણે શિક્ષકો કાબેલ ન હોઈએ પરંતુ આપણી આસપાસ જો કોઈ આવા શિક્ષકો,વ્યક્તિઓ, જાણકાર,અનુભવી અને નિવૃત્ત શિક્ષક હોય તો તેને આપણી શાળામાં અવારનવાર બોલાવીએ, વિદ્યાર્થીઓ સમક્ષ વાત કરવા અને પ્રવૃત્તિઓ માટે આમંત્રિત કરીએ, જેથી વિદ્યાર્થીઓની પ્રતિભાને ન્યાય પણ મળે અને તેનો વિકાસ પણ થઈ શકે. પ્રત્યેક શાળામાં આવા ઉમદા ગુણોવાળા, જુદી-જુદી કળાના જાણકાર અને સન્નિષ્ઠ શિક્ષકો મળે કે જેના દ્વારા પ્રતિભાવાન વિદ્યાર્થીઓ તૈયાર થાય, ઈશ્વરને એ જ મંગલ પ્રાર્થના !

(શ્રેયાન વ્યાખ્યાતા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન ભાવનગર, મો.૭૯૯૦૫૦૯૨૯૩)

## ૧૨ મહાત્મા ગાંધીજી અને હું...

### ડૉ. બળવંતભાઈ તેજાણી

ગાંધીજી તો વીસમી સદીના એક મહામાનવ હતા-એ રીતે તો આપણે એમને જાણીએ છીએ, પણ આપણે એમ કહેવું જોઈએ કે તેઓ વીસમી સદીના મહામાનવો માટે પણ મહામાનવ હતા. એનો સીધો અર્થ જ એ થયો કે તેઓ સાર્વજનીન હતા. એમના સારાપણાના, એમની રીતિ અને નીતિના છૂટક છૂટક અંશો સર્વ-વ્યાપક જેવા હતા. આવી વ્યક્તિના જીવનને જાણનાર-ભલે કંઈક અંશે પણ સમજનાર, હૃદયથી એને સ્વીકારતા અને અપનાવતા તો થાય જ —એ નિઃશંક નિર્વિવાદ સત્ય છે : આ જ છે એમના જીવનની આભા અને પ્રતિભા.

મારું જીવન એ જ મારો સંદેશ —એ એમનું વિચારસૂત્ર નહોતું, એ એમનું આચારસૂત્ર હતું. કોઈનેય ખબર ન હોય, માત્ર પોતે જ જાણતા હોય એવી વાતને...પોતાની જ નબળાઈ કે ભૂલને એણે કોઈ દિવસ છૂપી ન રાખી. વળી કોઈ અંગત જણને કહી ને છૂટી ગયા એમ પણ નહિ; એવી હકીકતને એમણે જાહેરમાં મૂકી, ચોપાનિયામાં પ્રગટ પણ કરી ! અને એ નબળાઈનું પુનરાવર્તન ક્યારેય એમના જીવનમાં પાછળથી થયું નહિ. એમની મહાનતાની આનાથી મોટી બીજી બાબત કઈ હોઈ શકે...!

ચોથા ધોરણમાં ભણતો હતો ત્યારે ગુજરાતીમાં ગાંધીજી વિષે એક પાઠ આવતો હતો. હરિશ્ચંદ્રનું નાટક તેમણે જોયું અને સાચું બોલવાની મનોમન પ્રતિજ્ઞા લીધી. આ વાત ત્યારે થોડી વિચિત્ર તો લાગી, પણ વિશેષરૂપે માનસમાં અંકિત થઈ ગઈ અને એ ઉંમરની સમજ અનુસાર થોડું ચિંતન પણ થયું હતું કે, આખી જિંદગી માટે અને દરેક સમયે સાચું જ બોલવાનું બની શકે ખરું...? આ માણસમાં ત્યારે રસ તો પડેલો જ. પછી તો સમયાંતરે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો પોપટ-પાઠ પણ સાતમા-આઠમા ધોરણ સુધી થયા કર્યો...પણ બે-પાંચ વાતો જીવન સાથે જોડાઈ ગઈ કે, કોઈ અપ-શબ્દો બોલતું હોય ત્યાં ઊભું રહેવું નહિ; શક્ય હોય ત્યાં સુધી સાચું જ બોલવું. આપણા ખોટું બોલવાને કારણે કોઈને તકલીફ થાય કે નુકસાન થાય ત્યારે તો ગંભીરતાપૂર્વક એમ ન થાય તે જોવું...આપણી લીટી મોટી થાય તેવા પ્રયત્નો કરવા જ, પણ એમ કરતાં કોઈની લીટી આપણા દ્વારા નાની ન બને તે ખાસ જોવું. કોઈ ભોળા માણસની મશ્કરી ક્યારેય ન કરવી. એવી વ્યક્તિને કોઈ છેતરતું હોય તો, એવું ન થાય તે માટે પ્રયત્નો કરવા. કોઈના પ્રત્યે દ્વેષ-ભાવ જન્મે ત્યારે તટસ્થતાપૂર્વક ફેર વિચારણા કરવી. સારું કામ કરનારની પ્રશંસા કરવી...ખુશામતથી દૂર રહેવું. નિષ્ઠાવાનને તેઓ સાચા હોય ત્યાં વણમાગ્યે ટેકો કરવા પહોચી જવું...-આ બધી બાબતોનો જીવનમાં સ્વીકાર થયો-થઇ ગયો એના પાયામાં કેટલાક મહાપુરુષો છે,એમાં ગાંધીજી પ્રથમ ક્રમે છે. ........૧

બાપુજીનો વ્યવસાય ખેતીનો હતો. તેમને સખત અને સતત કામ કરતાં જ જોવાનું બનતું. એ કારણે ખેતીકામમાં પણ જોડાવાનું બનતું. એટલે શારીરિક શ્રમ તરફની દૂરતા તો કદી જન્મી જ નહી. વળી આવા શ્રમ કરનાર તરફ એક પ્રકારનો આદર જન્મ્યો...જે આજેય અકબંધ છે. કોઈ કામ કરતુ હોય ત્યારે એમની સામે આપણાથી બેસી રહેવાય જ નહિ-એ શૈલી આપોઆપ આત્મસાત થઇ ગઈ. સામેની વ્યક્તિ પરિચિત છે કે નહિ તેનો વિચાર કર્યા વિના તેને શારીરિક કે માનસિક રીતે મદદ કરવાની જીવનશૈલી ઉત્તરોતર દૃઢ બનતી રહી. એમ કરનાર માણસો અનાયાસ જ ગમતીલા બની ગયા છે...બની રહ્યા છે. બુદ્ધિના બળે અન્યનો વિચાર કર્યા વિના પેટ માટે જ પોટલાં બાંધનાર લોકો તરફ સતત અણગમો આજે પણ અકબંધ રહ્યો

છે...ક્યારેક તે વકર્યો પણ છે ! આ વાત ગાંધીઆચારથી થોડી જુદી પડે છે...પણ હેતુફેર થતો નથી. હા,સાધનશુદ્ધિ બાબતે થોડી છૂટછાટ એમાં લીધી ગણાય. પણ ગાંધી રસ્તાના મુસાફર હોઈએ એ જ હરખની વાત છે ને...! ગાંધી થવાનું તો એમ ક્યાં રેઢું પડ્યું છે ...?

શિક્ષક બનવા માટેનો અભ્યાસ કરવા, ગાંધીવિચારને વરેલી જાણીતી સંસ્થા લોકભારતી-સણોસરામાં અભ્યાસ કરવાનું થયું. નાનાભાઈ ભટ્ટ અને મૂળશંકરભાઈ ભટ્ટ વિષે વાંચવા મળ્યું. સુખ્યાત કેળવણીકાર અને સાહિત્યકાર મનુભાઈ પંચોલી 'દર્શક' અને નટવરલાલ બૂચ જેવા સાદી જીવનશૈલી સાથે મૂલ્યવાન જીવન જીવતા મહાનુભાવોને સાવ નજીકથી માણવા મળ્યા. ત્યાં જુદા જુદા ગાંધી-વિચારો સાથે જીવતા કેટલાક અધ્યાપકોના સંપર્કમાં રહેવાનું બન્યું. ત્યાંના બે વર્ષના સમયગાળા દરમિયાન મારા પચાવેલા વિચારોને પુષ્ટિ મળી અને શ્રદ્ધા પણ દૃઢ બની.

પછી તો નાની ઉંમરમાં જ પ્રાથમિક શાળામાં શિક્ષકની ભૂમિકા ભજવવાની આવી.વાંચનનો નાનપણથી જ શોખ અને ગાંધીજી પ્રત્યેનું આકર્ષણ તો ગોરંભાયેલું હતું જ. એટલે ગાંધીજીનાં લખાયેલાં અને તેમના વિષે લખાયેલાં લખાણો વાંચવાનું વિશેષરૂપે થવા લાગ્યું. દરમિયાન જનકલ્યાણ સામયિકનો પરિચય થયો. ભૂતકાળ-વર્તમાન વિચારકોનાં ગાંધીજી વિશેનાં એમાંના લેખો મારા પ્રિય બની રહેતા. આજે પણ આ સામયિક મારા પ્રિય સામયિકો પૈકીનું એક બની રહ્યું છે. ઓક્ટોબર માસનો તેનો અંક તો ગાંધી અંક જ હોય છે. કથની અને કરણી વચ્ચે ઓછામાં ઓછું અંતર રહે એ જ સાચું જીવન -એ વાત જીવનમાં પણ ઉતારી શક્યો હોઉં તો એમાં મારો આદર્શ ગાંધીજી રહ્યા છે. એમણે લખ્યું છે : 'રામનું નામ લેવું ને રાવણનું કામ કરવું, એ ખરાબમાં ખરાબ વસ્તુ છે. આપણે આપણી જાતને છેતરી શકીએ, જગતને છેતરી શકીએ, પણ રામને છેતરી નહિ શકીએ.' (હરીજન બંધુ ૨૩.૦૬.૧૯૪૬) મારા પરની બાપુની અસરને સમજાવવા માટે મારે એકાદ-બે નિજી પ્રસંગો રજૂ કરવા પડશે.

શરૂઆતના વર્ષોમાં હું જે શાળામાં નોકરી કરતો હતો તે જ ગામમાં ભાડાના મકાનમાં રહેતો હતો. ત્યારે ઈલેક્ટ્રિક કનેકશનનાં મીટર ખુલ્લાં રહેતા. ગામડામાં લોકો વધારે બીલ ન આવે એટલે જાતજાતના સરળ ઉપાયો કરતાં. વાયરની અંગ્રેજીના 'યુ' આકારની એક આંકડી બનાવી તેનો ઉપયોગ કરવાથી તેના મીટરને ફરવામાં રાહત રહેતી પરિણામે માલિકને વીજબીલમાં રાહત રહેતી ! પણ મારે ઘેર આ બીલ ખાસ્સું આવે. ગામના મિત્રો વારંવાર ટકોર કરે કે- સાહેબ, લાવો હું મારા હાથે ઉપાય કરી દઉં...તમે ક્યાં તમારા હાથે ખોટું કરો છો. ગામમાં તમારા જેટલું બીલ કોઈને નથી આવતું.' પણ એમની સાથે અળખામણા થઈનેય મારો નનૈયો ચાલુ રહેતો. અરે એક વખત તો ખુદ મીટર રીડીંગ લેવા આવનાર જી.ઇ.બી. કર્મચારીએ પણ આડકતરી ટકોર કરી કે, 'શું તમે પણ સાહેબ...' મને પણ ક્યારેક એમ થઇ જતું કે લાવોને સૌની સાથે ભળી જાઉં. આમેય યુનિટના દર તો પાવરના ખરેખર વપરાશ પ્રમાણે જ નક્કી થાય છે ને. પણ મારી મુશ્કેલી એ હતી કે વિદ્યાર્થીઓ શાળાની ચાવી લેવા માટે દરરોજ આવે ત્યારે બારી ખોલે કે તરત તેને મારું મીટર જ દેખાય. મને આ બાળકોની શરમ લગતી. મને થતું- આ છોકરાઓ મારા વિષે શું વિચારશે ? હું શાળામાં તો તેને સારા—સાચા આચરણની વાત કરું છું. મારે જ તે વાતને નહિ પાળવાની...? એ તો પોથીમાંનાં રીંગણા જ ને ! અને મેં એમ કરવાનું કાયમી માંડી વાળ્યું. આ છે ગાંધીના એક વિચારનું મારું સાફલ્ય...

એવો જ એક બીજો પ્રસંગ છે : એક નિઃસંતાન દંપતીની સાથે અમારે ઘરોબો. મને એમના તરફી પૂરો કરુણાસભર સદભાવ. ડૉક્ટરોની મદદથી દવાઓ લેવાનું ચાલુ કરાવવામાં મેં સારો એવો રસ લીધેલો. 'અતિ પરિચયાત અવજ્ઞા..'-એ રીતે કોણ જાણે પણ એમણે અમારાથી થોડું અંતર રાખવાનું શરુ કર્યું. દેખીતો કોઈ પ્રશ્ન

નહિ, કે નહિ કશી જ ચર્ચા. પણ ધીરે ધીરે એ તિરાડ મોટી થઇ. છતાં મારો એકતરફી સદભાવ એમના તરફ ચાલુ રહ્યો. એ બે માંથી ત્રણ થાય એવી મારી હૃદયની લગની અને લાગણી. દવાઓ દ્વારા સારા સમાચાર આવે અને થોડા દિવસમાં નિષ્ફળતા... અને થાકી –હારી એમણે એ પ્રયત્ન આર્થિકતાનો વિચાર કરીને છોડી દીધો.

મને વિચાર સતાવે કે, 'એમની જગાએ હું હોત અને મારે પણ આવી જ આર્થિક સ્થિતિનો વિચાર કરવો પડ્યો હોત તો...! તેઓને મારી સાથે ભલે અણગમો છે, તે તો ક્યારેક દૂર થશે...પણ પછી તો સમય વહી ગયો હશે. મારા એમની સાથેના લાંબા નૈકટય અને સદભાવનો અર્થ શો...? હું એમના વિષે હવે વિચારવાનું છોડી દઉં એ વાત મારો આત્મા કબુલી શક્યો નહિ.'

પણ ઈશ્વરે રસ્તો કાઢી આપ્યો. અમારા બંને પ્રત્યે સદભાવ ધરાવનારાં એક બહેનને મેં આ વાત સમજાવી. તેમને મેં દસ હજાર રૂપિયા આપ્યા અને તેમણે ત્યાં જઈ શી વાત કરવી એ પણ કહ્યું. 'એક વ્યક્તિ દવાખાનામાં સૌને સહાય કરે છે એમના તરફથી આ રકમ છે' એમ માની એમણે તે સ્વીકારી. ફરી દવા ચાલુ થઇ...એ બહેને બીજી વાર પોતાના રૂપિયા દસ હજાર આપ્યા. અને...આજે તેઓ ત્રણ જણ થયાં...મને અતિશય આનંદ થયો. હજી સુધી એ દંપતીને રકમ વિશેની કશી જ ખબર નથી. પણ આવા સારા કાર્યમાં જોડાઈ શકાયાનો મને પરમ સંતોષ થયો. આવાં કામો ભલે કદાચ મારો નિજી સ્વભાવ હશે...પણ તેને પુષ્ટિ તો ગાંધી-પરિચયથી જ મળી છે.

ગાંધીજીની મારા પરની અસરને નીરુપવા માટેય આખરે તો આત્મશ્લાઘાનો રસ્તો જ લેવો પડ્યો એ બહુ મને ગમ્યું નથી...પણ જો એમ ન કરું તો એની અસરનું પ્રતિબિંબ મારી દૃષ્ટિએ ઝાંખું પડે એમ હતું, એટલે છૂટકો નહોતો. બાપુનીય આ તકે માફી માગી લઉં છું.

ગુજરાતી ભાષામાં અને ચાર ભાગનાં ૨૨૦૦ પાનામાં જીવનકથા લખનારા નારાયણ દેસાઈ તેમના સૌથી અંતિમ પ્રકરણમાં લખે છે :

"ગાંધીજી આપણને કહે છે કે દુનિયામાં વધુમાં વધુ વ્યાવહારિક વાત કોઈ હોય તો તે બીજાની રાહ ન જોતાં પોતે જ શરુ કરવાની છે. પોતાથી શરુ કરવામાં પણ બહાર ભણી ન જોતાં મોં અંતર ભણી વાળવું એ જ વધુ વ્યાવહારિક છે. કારણ એ આપણા હાથની વાત છે...ગાંધીએ ભૂલ કબુલ કરવામાં કદી ઢીલ નથી કરી. સત્યને માર્ગે ચાલનાર આજે જો મન મોકળું રાખી પોતાનું સતત મૂલ્યાંકન કરી, ભૂલ થઇ હોય ત્યાં તે કબુલ કરી, તે ફરી ન કરવા સંકલ્પ કરે તો એને અવશ્ય નવા નવા રસ્તાઓ સૂઝી આવશે. એવી ખાતરી આપણને ગાંધીજીનું જીવન કરાવે છે... તેમના પુરુષાર્થમાં નિષ્ઠા અને કાર્યક્ષમતા બંનેનો સમન્વય હતો. કાર્યક્ષમતા વિનાની નિષ્ઠા લૂલી હોય છે અને નિષ્ઠા વિનાની કાર્યક્ષમતા આંધળી હોય છે..." (મારું જીવન એ જ મારી વાણી ભાગ ૪)

આવા પવિત્ર અને મહાન યુગપુરુષનું જીવન તેના સંપર્કીઓ અને હૃદયપૂર્વક અભ્યાસકર્તાઓને હચમચાવી ન જાય તો જ નવાઈ કહેવાય. અને જો એમ ન બને તો એમાં વાંક ગાંધીનો નહિ પણ એનાં અભ્યાસુઓનો જ હોય એ સત્યને કોઈનાથી અવગણી ન શકાય. 'સાકેત' રચનામાં હિન્દી સાહિત્યકાર મૈથીલીશરણ ગુપ્ત લખે છે,

"રામ તુમ્હારા ચરિત સ્વયં હી કાવ્ય હૈ,
કોઈ કવિ બન જાય સહજ સંભાવ્ય હૈ."

આવા પૂજ્ય ગાંધીબાપુ વિષે વાંચવું અને શક્ય એટલું આચરવું એવો મારો પ્રામાણિક પ્રયત્ન હંમેશા રહ્યો છે. મારા વર્તન –વ્યવહારમાં જયારે જયારે, જે દિવસે એ જીવતા થાય છે તે દિવસને હું મારો ધન્ય દિવસ ગણું છું. આવા દિવસો મારા જીવનમાં જેટલાં વધારે આવશે તેટલો હું મારી જાતને ભાગ્યશાળી ગણતો રહીશ.

ઉમાશંકર જોશીની પંક્તિ જ બાંયધરી આપે છે કે,
...આમાંનું કંઈક બને,
ગાંધીજયંતી તે દિને...

## ૧૩. સંસ્થા સમાચાર (ફેબ્રુઆરી, ૨૦૨૩)

**સંકલન : પ્રશાંત મહેતા**

---

**લોકભારતી સમાચાર**

- તા.૧થી ૧૫ના સમયગાળા દરમ્યાન લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ ગુજરાતની વિવિધ સંસ્થાઓ, કંપનીઓ, એન.જી.ઓ., ડેરી, વગેરે સ્થળોએ કેન્દ્રનિવાસ માટે ગયેલ તેની મુલાકાત માટે કાર્યકરો જઈ આવ્યા.
- તા.૦૩ના રોજ સાયં પ્રાર્થના પછી તરત જ સ્ટારલિંક નીકળવાની હતી તેની જાહેરાત કરવામાં આવેલી તેથી ધ્યાનમંત્ર ચોકમાં સૌ પરિવારજનોએ ઘણી તેજસ્વી સ્ટારલિંક નિહાળી અને હર્ષ વ્યક્ત કર્યો.
- તા. ૪ના રોજ અધ્યાપન મંદિરમાં શ્રી પ્રશાંતભાઈ મંડીએ ગાણિતિય મોડેલ વિષે તાલીમાર્થીઓને અવગત કર્યા.
- તા.૬ના રોજ નંદકુંવરબા મહિલા કૉલેજ ભાવનગર ખાતે બી.એ. અને એમ.એ.ના અંગ્રેજી વિષયના વિદ્યાર્થીઓને અરુંધતી રોયની બે નવલ The God of Small Things અન The Ministry of Utmost Happiness ઉપર મહેમાન તજજ્ઞ વ્યાખ્યાન માટે શ્રી વિશાલભાઈ જોશી જઈ આવ્યા.
- તા.૭ના રોજ અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓએ ચિત્રકલાની અનોખી પરીક્ષા અન્વયે રાજેન્દ્ર હિલ પર જઈને પ્રકૃતિના સાનિધ્યમાં ચિત્રોમાં રંગો પૂર્યા.
- તા.૦૮ના રોજ પૂર્વવિદ્યાર્થિની શ્રી ભાનુબહેન ડોબરિયા તેમના પરિવાર સાથે લોકભારતીની મુલાકાતે આવી ગયાં.
- લોકભારતી સંસ્થા પ્રદર્શન અંગે માર્ગદર્શન આપવા જાણીતા સંગ્રહસ્થાનના જાણકાર અને અમદાવાદની 'વિશાલા'ના માલિક શ્રી સુરેન્દ્રભાઈ પટેલને લઈને શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી તા.૦૮ના રોજ આવી ગયા.
- તા. ૯ના રોજ અધ્યાપન મંદિરમાં રમતોત્સવ યોજાઈ ગયો. ડાયેટ ભાવનગરના પૂર્વ વ્યાખ્યાતા શ્રી શરદભાઈ બારૈયાએ મુખ્ય મહેમાન તરીકે હાજર રહી પ્રાસંગિક વાત કરી. બંને વર્ષના તાલીમાર્થીઓએ યોગ, ડમ્બેલ્સ અને લેઝીમ પર કૃતિઓ રજૂ કરી તેમજ વિવિધ રમતોમાં ભાગ લીધો.
- ભાવનગરની શામળદાસ કૉલેજનો એન.એસ.એસ. કેમ્પના વિદ્યાર્થીઓ તા.૦૯ના રોજ એક દિવસ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગયા.
- પંચાયત રાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૯ના રોજ ગ્રામ પંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૧ નો વર્ગ પ્રારંભ થયો જેમાં ભાવનગર, સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, મોરબી, અને અમરેલી એમ કુલ છ જિલ્લાના ૩૪ તાલીમાર્થીઓ હાજર થયેલ છે. જેનો તા.૧૦ના રોજ શ્રી હસમુખભાઇ દેવમુરારિએ પ્રેરક પ્રવચન દ્વારા વર્ગને ખુલ્લો મુક્યો.
- તા. ૯ના રોજ શામળદાસ આર્ટ્સ કૉલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા યોજાયેલી ખાસ વાર્ષિક શિબિર દરમિયાન "જીવવાનો સાચો આનંદઃ પ્રત્યક્ષ અવલોકન" વિષય ઉપર વ્યાખ્યાન આપવા માટે શ્રી વિશાલભાઈ જોશી

જઈ આવ્યા.

- તા.૧૧મીના રોજ શ્રી શ્રીધરભાઈ ગજ્જર, શ્રી ડાહ્યાભાઈ સેંધવ અને શ્રી જગદીશભાઈ સરવૈયા લોકભારતીના અરણેજ કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા.
- તા.૧૧ અને ૧૨ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય ના બી.આર.એસ. અને બી.વૉક.ના વિદ્યાર્થીઓનો આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ખેલયજ્ઞ લોકભારતી મુકામે યોજવામાં આવ્યો. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન શ્રી અરુણભાઈ દવે , શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી હસમુખભાઈ સુથાર દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંકલન શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી કાળુભાઈ ખોખરિયા, શ્રી કિશોરભાઈ હિરાણી દ્વારા કરવામાં આવ્યું. તેમજ અન્ય કાર્યકરો પણ માર્ગદર્શકો તરીકે સહભાગી થયા. સૌ વિદ્યાર્થીઓ અને કાર્યકરોએ ભાગ લેનાર સૌ રમતવીરોને ઉત્સાહ અને ઉમંગ સાથે સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું.
- તા.૧૩મીના રોજ ભાવનગર જિલ્લા કલેક્ટરશ્રી પારેખ સાહેબ અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી પ્રશાંતભાઈ જીલોવા સાહેબ તથા પ્રાંતઅધિકારી શ્રી વાળાસાહેબ લોકભારતીની મુલાકાતે આવી ગયા.
- તા.૧૩મીના રોજ સણોસરા ગામમાં મળેલી જિલ્લા પદાધિકારીશ્રીઓની હાજરીમાં મળેલી ગ્રામસભામાં શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી ડાહ્યાભાઈ સેંધવ જઈ આવ્યા.
- તા. ૧૮ના રોજ અધ્યાપન મંદિરમાં અધ્યાપન મંદિરના વર્ષ ૨૦૦૬-૦૭-૨૦૦૮ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાઈ ગયું.
- તા. ૨૧ વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી અને આર.એમ. ડી.મહિલા કૉલેજ, વાળુકડ ખાતે યોજાયેલ માતૃભાષા કવિ સંમેલનમાં સંચાલન અને કાવ્ય પઠન કરવા માટે શ્રી વિશાલભાઈ જોશી જઈ આવ્યા.
- પંચાયતરાજ તાલીમ કેન્દ્રમાં તા.૨૨ના રોજ ગ્રામપંચાયત મંત્રી ઓપવર્ગ – ૨૪૧ ના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળીએ શુભેચ્છા પ્રવચન આપીને તાલીમાર્થીઓને પ્રમાણપત્ર વિતરણ અને પુસ્તકો આપેલ.
- તા.૨૩ થી ૨૮ના સમયગાળામાં લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓના એન.એસ.એસ. યુનિટથી વંચિત વિસ્તાર અભ્યાસ શિબિર દક્ષિણ ગુજરાતના ટેટબારી તા.ધરમપુર મુકામે યોજાઈ ગઈ. આ શિબિરમાં કાર્યકરો તરીકે શ્રી કુમારભાઈ પુરોહિત, શ્રી અલ્કેશભાઈ ચૌહાણ, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા ,શ્રી કાળુભાઈ ખોખરિયા અને શ્રી જીજ્ઞેશભાઈ જોડાયા. આ શિબિરની અભિમુખતા કાર્યક્રમમાં શ્રી હસમુખભાઈ અને શ્રી કાંતિભાઈ ગોઠીએ વિશેષ માર્ગદર્શન આપ્યું.
- તા.૨૩ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રની ૧૩મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક શ્રી અરુણભાઈ દવેના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એચ.એમ.ગાજીપરા, સહવિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ. એચ.સી. છોડવડીયા, મદદનિશ વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી પીંકીબહેન શર્મા, જિલ્લાના ખેતીવાડી શાખાના અધિકારીશ્રીઓ, બાગાયત વિભાગના અધિકારીશ્રીઓ, પશુપાલન વિભાગના અધિકારીશ્રીઓ ઉપરાંત જિલ્લાના વિવિધ ખેડૂતલક્ષી કામો કરતા એન.જી.ઓ.ના

પ્રતિનિધિઓ તથા પ્રગતિશીલ ખેડૂતો હાજર રહ્યા. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડૉ. નિગમભાઈ શુકલ તથા વિવિધ વિષયોના વિષય નિષ્ણાતો દ્વારા ચાલું વર્ષમાં થયેલ કામગીરી તથા આવતા વર્ષની કામગીરીની સમીક્ષા કરવામાં આવી. આ કાર્યક્રમના કૃષિ વિજ્ઞાન કેન્દ્રના બધા જ કાર્યકરો જોડાયા હતા.

- પીડીલાઇટના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી ભાવિકભાઈ દવે તા.૨૩-૨૪ એમ બે દિવસ માટે લોકભારતીના હિસાબોમાં માર્ગદર્શન અર્થે આવી ગયા.
- પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ-મુંબઈના દસેક ચિફ એક્ઝીક્યૂટીવ્ઝની એક ટીમ શ્રી લવીનાબહેન ફર્નાન્ડીઝના નેતૃત્વ તળે તા.૨૩ અને ૨૪મીના રોજ લોકભારતીની પરિચય મુલાકાતે આવી ગઈ. તેઓ સૌ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રસન્ન થયાં. તેઓ તા.૨૩મીએ સાયં પ્રાર્થનામાં પણ ઉપસ્થિત રહ્યા અને રાત્રે રાજેન્દ્ર ટેકરીએ જઈને આકાશદર્શનનો આનંદ માણ્યો, લોકભારતી પરિસરની પ્રવૃત્તિઓ ઉપરાંત લોકભારતી અને પીડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝના સંયુક્ત ઉપક્રમે ચાલતાં કાર્યો/પ્રોજેક્ટ્સ જોઈને આનંદ વ્યક્ત કર્યો.
- તા.૨૪ અને ૨૫ના સાયલાના રાજસોભાગ આશ્રમના શ્રી ચંદ્રકાંતભાઈ વ્યાસની આગેવાનીમાં તે વિસ્તારના શિક્ષકો અને વિદ્યાર્થીઓની એક શિબિર ગાંધીભારતી કેન્દ્ર, લોકભારતીના માર્ગદર્શન સાથે લોકભારતીમાં યોજાઈ ગઈ.
- લોકભારતી કૃષિ સંશોધન કેન્દ્રના માર્ગદર્શક ડૉ. સી.પી. સિંગ તા.૨૪થી ૨૭ દરમિયાન લોકભારતી અને મણાર કેન્દ્રની મુલાકાતે આવી ગયા.
- ભાવનગરની વિજ્ઞાનનગરી તળે ચાલતી એસ્ટ્રોનોમી ક્લબના આયોજન નીચે તા.૨૬ના રોજ યોજાયેલ ટેલિસ્કોપના વર્કશોપમાં શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને ધરતીબહેન જોગરાણા માર્ગદર્શન અર્થે જઈ આવ્યાં.
- તા.૨૭ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા માનનીય પ્રધાનમંત્રીશ્રીના પી.એમ. કિસાન સમ્માન નિધિ કાર્યક્રમ અંતર્ગત ૧૩માં હપ્તાનું લોંચીગનું લાઈવ વેબકાસ્ટીગ કરવામાં આવ્યું. જેમાં કુલ ૭૫ જેટલા ખેડૂત ભાઈઓ અને વિદ્યાર્થીઓએ ભાગ લીધો.
- તા.૨૮મીના રોજ વલ્લભવિદ્યાનગરના મહિલામંડળની ૨૨ મહિલા સભ્યો લોકભારતી પરિચય મુલાકાતે આવી ગઈ.
- તા. ૨૮ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ખેતીવાડી શાખા, ભાવનગરના સંયુક્ત ઉપક્રમે સારસ્વત ભવન ખાતે તૃણ ધાન્ય પાક પરિસંવાદ તથા પ્રદર્શનનું આયોજન આંતરરાષ્ટ્રીય તૃણધાન્ય વર્ષ -૨૦૨૩ અંતર્ગત કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કુલ ૬૫૦ જેટલા ખેડૂત ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં તૃણધાન્ય પાકો વિશે તજજ્ઞો દ્વારા ખૂબ વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બપોરનું ભોજન પણ તૃણધાન્યોમાંથી બનાવવામાં આવેલ જેનો બધાએ આનંદ માણ્યો.
- તા. ૨૮ના રોજ અધ્યાપન મંદિર તેમજ લોકવિજ્ઞાન કેન્દ્ર અને મોજીલા શિક્ષણના સંયુક્ત ઉપક્રમે તાલીમાર્થીઓએ વિજ્ઞાન દિવસની ઉજવણી સણોસરા, કૃષ્ણપરા, ચોરવડલા, ઝરિયા, સાંઢીડા, વાવડી, પાંચતલાવડા ,લંગાળા, પરવાળા વગેરે ગામોની ૧૩ શાળાઓમાં જઈને વિજ્ઞાન દિવસની ઉજવણી કરી. શાળાઓમાં જઈને અંધશ્રદ્ધા નિવારણ, વૈજ્ઞાનિક રમકડાનું નિદર્શન, વૈજ્ઞાનિકોનો પરિચય, વિજ્ઞાન પ્રદર્શન ,વિજ્ઞાનના પ્રયોગો ,

ગણિતના કોયડા ઉકેલ, ૩ડી ફિલ્મ દર્શન જેવી પ્રવૃત્તિ કરાવી.

- શ્રી અરુણભાઈ દવે તા. ૩જીએ જે.સી. કુમારપ્પા ટ્રસ્ટની બેઠકમાં ગઢડા, તા. ૯મીએ બપાડા ખાતે યોજાએલ ગાંધીમેળામાં અધ્યક્ષીય સંબોધન કરવા અને તા. ૧૫મીએ કળસાર ખાતે યોજાએલ 'રેલી'ના ઉદ્‌ઘાટનમાં જઈ આવ્યા. તા. ૧૯મીએ થોરડી ખાતે યોજાએલ રેલીના સમાપનમાં અને તા. ૨૧મીએ સેંટ્રલ સૉલ્ટ રિસર્ચ, ભાવનગર ખાતે વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે વ્યાખ્યાન આપવા જઈ આવ્યા. તા. ૨૪મીએ માઈધાર ખાતે યોજાએલ વિજ્ઞાન સપ્તાહમાં પ્રાસંગિક વ્યાખ્યાન આપવા અને તા. ૨૮મીએ 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિન' સપ્તાહના સમાપનમાં પણ જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૦૫થી ૧૧ સુધી ભાવનગર શામળદાસ આર્ટસ કૉલેજના વિદ્યાર્થીઓનો એન.એસ.એસ. કેમ્પ યોજવામાં આવેલ. ઉદ્‌ઘાટનમાં શ્રી અરુણભાઈ દવે, ભાવ.યુનિ.ના રજીસ્ટ્રાર શ્રી કૌશિકભાઈ ભટ્ટ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી ભરતસિંહ ગોહિલની અધ્યક્ષતામાં યોજાઇ ગયેલ. સમાપનમાં શ્રી ભદ્રાયુભાઇ વચ્છરાજાની અધ્યક્ષતામાં યોજાઈ અતિથિવિશેષમાં શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, એન.એસ.એસ. ભાવ.યુનિ.ના સંયોજકશ્રી ડૉ. સ્ટેન્લી ભણાત, શ્રી સુરસંગભાઈ ચૌહાણ, સામાજિક આગેવાન શ્રી મેહુરભાઈ લવતુકા હાજર રહેલ.
- તા. ૦૭થી ૧૫ સુધી મહારાષ્ટ્રથી શ્રી નરેન્દ્રભાઈ ભારતકી સંતાન કૃતિની તૈયારી કરાવવા માટે આવી ગયેલ.
- તા. ૧૪થી ૧૯ સુધી થોરડી મુકામે સૌરાષ્ટ્ર લોકશાળા સંઘ દ્વારા આયોજિત શિક્ષણ સંગોષ્ઠિ (રેલી) ''કૃત્રિમ બુધ્ધિમતા'' વિષય પર યોજાયેલ. ધો. ૦૯ના ૪૯ વિદ્યાર્થી ભાઈઓ-બહેનો તથા શ્રી વાઘજીભાઇ કરમટિયા, શ્રી નરેન્દ્રભાઈ મકવાણા, શ્રી મહર્ષિભાઈ સોલંકી, શ્રી કૈલાસબહેન ઓળકિયાએ જોડાયા.
- તા. ૧૬ના રોજ રેલીમાં થોરડી મુકામે પૂ.મોરારિબાપુ પધારેલ આ પ્રસંગે ભારતકી સંતાન કૃતિના અનુસંધાને આંબલાના વિદ્યાર્થીઓએ ભારતના અલગ – અલગ રાજયોના વસ્ત્ર પરિધાન કરી પૂ.બાપુનું સ્વાગત કરેલ.
- તા. ૧૫થી ૨૧ના દિવસોમાં ધોરણ-૧૧ના એન.એસ.એસ.ના સ્વયંસેવકની ''રોડ સેફટી'' વિષય પર વાર્ષિક ખાસ શિબિર શિહોર તાલુકાનાં વળાવડ મુકામે યોજાઈ. શ્રી લાલજીભાઈ નાકરાણીના અધ્યક્ષસ્થાને દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરેલ. અતિથિવિશેષ તરીકે ગામના સરપંચ શ્રી સુરાભાઈ કરમટીયા, વળાવડ કન્યા વિધાલયના આચાર્ય શ્રી અમિનભાઈ ચૌહાણ, વળાવડ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી પદમાબહેન તથા દાતાશ્રી વિનુભાઈ મહેતા અને શ્રી બાબાભાઈ મહેતાની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર શિબિર શ્રી વાઘજીભાઈ કરમટીયા અને એન.એસ.એ.ના સંયોજક શ્રી ગૌરાંગભાઈ વોરાના માર્ગદર્શનમાં યોજેલ.
- તા.૧૭ના રોજ વળાવડ મુકામે એન.એસ.એસ. તથા મોજીલા શિક્ષણ પ્રોજેકટના સંયુક્ત ઉપક્રમે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજેલ. તેમાં પ્રાથમિક શાળાના બાળકોએ મોટી સંખ્યામાં લાભ લીધો અને વિજ્ઞાનના પ્રયોગો કરેલ.
- તા. ૨૫ના રોજ પ્રસિધ્ધ ટી.વી. શ્રેણી 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના કલાકાર શ્રી નીતિનભાઈ દેસાઈ સંસ્થામાં શુભેચ્છા મુલાકાતે આવેલ અને

તેઓએ વિદ્યાર્થીઓ સાથે પોતાની આગવી હાસ્ય શેલીમાં એક કલાક વાતો કરેલ.

- તા. ૨૮ના રોજ આપણી લોકશાળામાં ગુણોત્સવનું આયોજન શ્રી જિજ્ઞેશભાઈ વ્યાસના નેતૃત્વમાં યોજાયું.
- તા. ૨૮ના રોજ મોજીલા શિક્ષણ પ્રોજેક્ટ દ્વારા બડેલી પ્રાથમિક શાળામાં વિજ્ઞાનદિનની ઉજવણી કરેલ. તેમાં શ્રી કેતનભાઈ મકવાણાએ વિદ્યાર્થીઓને વિજ્ઞાનના પ્રયોગો કરાવેલ.
- તા. ૨૮ના રોજ લોકભારતી ખાતે આચાર્ય સંઘની મિટિંગમાં આચાર્ય શ્રી વાઘજીભાઈ જઈ આવ્યા.

**મણાર સમાચાર**

- તા.૦૯ના રોજ ધોરણ-૧૧ વિદ્યાર્થિની બહેનો તથા નિયામકશ્રી, આચાર્યશ્રી અને કેટલાક કર્મચારીઓ ગાંધીમેળામાં બપાડા મુકામે જઈ આવ્યા.
- શિક્ષણ સજ્જતા સંગોષ્ઠી ૫૭મી રેલીનો કાર્યક્રમ ધોરણ-૯ ના વિદ્યાર્થી સાથે વિષય તજજ્ઞ શિક્ષકો શ્રી પૃથ્વીરાજસિંહ તથા શ્રી વિપુલભાઈ સરવૈયા તેમજ સંગીત શિક્ષક શ્રી મહેન્દ્રભાઈ ડાભી અને શ્રી ધુનાબહેન થોરડી મુકામે પાંચ દિવસના કાર્યક્રમ જઈ આવ્યા.
- તા.૨૧ના રોજ શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી તેમજ ઉપરોક્ત વિષય અંતર્ગત બાયસેગ પર સવારે ૯ કલાકથી જીવંત પ્રસારણ વિદ્યાર્થીઓ સાથે નિહાળ્યું.
- "બેગ લેસ ડે" અંતર્ગત ફૂલસરની ગૌતમ બુદ્ધ પ્રાથમિક શાળાનાં ધોરણ-૮ના ૬૫ બાળકોએ એક દિવસ પ્રેક્ટીકલ કાર્ય જોયું અને માણ્યું (NEP-૨૦૨૦ અંતર્ગત) બંને સ્કૂલના વિદ્યાર્થીઓની સભા યોજાઈ —એકબીજાની પ્રવૃત્તિનું આદાન-પ્રદાન થયું.
- તા. ૨૫ના રોજ રાજસ્થાનથી શ્રી સોહનલાલ અને તેમના પત્ની શ્રીમતિ સુમિત્રાદેવીજી તથા પાલીતાણાથી શ્રી ઘનશ્યામભાઈ ચભાડિયા લોકશાળા મણારની મુલાકાતે આવી ગયા. પાણીના પરબ માટે ૧,૫૧,૦૦૦/-(એક લાખ એકાવન હજાર) રૂપિયાનું દાન અર્પણ કરી ઉમદાકાર્યના ભાગીદાર બન્યા તેમજ તમામ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને કપડાનું વિતરણ કર્યું. પરબનું ભૂમિપૂજન પણ તેમના વરદહસ્તે કરવામાં આવ્યું.
- તા.૨૭ના રોજ શાળામાં "સ્વયં પાક"ની ઉજવણી કરવામાં આવી. ચાર ટુકડીમાં સંખ્યા વહેંચીને સવારના નાસ્તાથી માંડીને બપોરનું તેમજ સાંજનું ભોજન પણ વિદ્યાર્થીઓએ બજેટ પ્રમાણે સ્વયં બનાવ્યું. તમામ કાર્યકરગણનું માર્ગદર્શન પણ મળ્યું. અન્ય રાજયની વાનગીઓ પણ બનાવવામાં આવી.
- તા.૨૮ના રોજ તળાજાથી આઈ.ટી.આઈ ઈન્ટ્રકટર સાહેબોએ આવીને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ના વિદ્યાર્થી ભાઈઓ અને બહેનોને કારકીર્દીનું માર્ગદર્શન આપ્યું.

**માઈધાર સમાચાર**

- તા.૩ના રોજ શ્રી મમતાબહેન ચૌહાણ સાથે કંચન ફાઉન્ડેશન અમદાવાદથી શ્રી રાજેશભાઈ, શ્રી સ્મિતાબહેન અને શ્રી ચંદ્રકાંતભાઈ(અમેરિકા) સંસ્થા મુલાકાતે આવી ગયાં, વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી રાજીપો વ્યક્ત કર્યો.
- તા.૦૫ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ પરિવાર સાથે સંસ્થા મુલાકાતે આવી ગયાં.
- તા.૦૯ના રોજ શ્રી મંદાકિનીબહેન પુરોહિત અને બાબાપુર સંસ્થાના કાર્યકર-વિદ્યાર્થીઓ સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૦૯ના રોજ બપાડા ગાંધીમેળામાં આવિષ્કાર

વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણના કાર્યકરો પ્રદર્શન-નિદર્શનમાં જોડાયા, ધોરણ-૧૧નાં વિદ્યાર્થીઓ ગાંધી મેળાની મુલાકાતે ગયા સાથે શ્રી નિર્મળભાઈ અને શ્રી વિજયભાઈ જોડાયા.

- તા.૦૯ના રોજ રોટરી ક્લબ પાલીતાણાના મહેમાનોએ વિદ્યાર્થીની બહેનો સાથે સંવાદ કર્યો.
- તા.૧૦ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાનદિન ઉજવણી અનુસંધાને શિક્ષક તાલીમ યોજાઈ જેમાં શ્રી અરુણભાઈ દવેએ 'વિજ્ઞાન દિન શા માટે ઉજવીએ છીએ?' તેની રસપ્રદ વાતો કરી. ૨૮મી તારીખે કરવાના કાર્યક્રમોનું આયોજન થયું- આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, મોજીલું શિક્ષણના કાર્યકરો તથા શ્રી એભલભાઈ, શ્રી પાતુભાઈ અને શ્રી ભાવનાબહેન દ્વારા માર્ગદર્શન થયું.
- તા. ૧૪થી ૧૯ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો કળસાર રેલી-શિક્ષણગોષ્ઠિમાં જોડાયા. વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ કરાવી.
- તા.૧૫ના રોજ કૃષિ વિકાસ કેન્દ્ર દ્વારા પશુપાલનમાં ઘાસચારો એ વિષય પર ખેડૂત શિબિરનું આયોજન થયું જેમાં પટેલ સીડસ ભાવનગરથી શ્રી અનિલભાઈ તેમજ શ્રી આદર્શભાઈ મિશ્રાએ ઘાસચારામાં થયેલા સંશોધનો વિશે વાતો કરી, તેમજ શ્રી અરુણભાઈએ કૃષિક્ષેત્રે આવેલ પરિવર્તનો વિષે રસપ્રદ વાતો કરી. કૃષિ વિકાસ કેન્દ્રના સંયોજક શ્રી મહિપાલભાઈ અને શ્રી સાગરભાઈના સંકલન સાથે સમગ્ર કાર્યકર ટીમ જોડાઈ.
- તા. ૧૭ના રોજ કળસાર રેલી- શિક્ષણ ગોષ્ઠિમાં ધોરણ-૯ ના વિદ્યાર્થીઓ જોડાયા. શ્રી જગદીશભાઈ, શ્રી પ્રતિક્ષાબહેન, શ્રી સંજયભાઈ અને શ્રી વિજયભાઈ સાથે જોડાયા.
- તા.૧૯ના રોજ શ્રી મનસુખભાઈ માંડવિયા દ્વારા લેવાયેલ આદર્શ ગામ – માઈધારના આયોજન બાબતે શ્રી નિરવભાઈ દવે સાથે પંચાયત સભ્યોની એક મિટિંગ યોજાઈ ગઈ.
- તા.૨૧ના રોજ માતૃભાષા દિનની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થી-અભિવ્યક્તિ સાથે કાર્યકરગણ તેમજ શ્રી શબ્બીરભાઈ અને શ્રી પાતુભાઈએ માતૃભાષા મહિમા વિષે વાતો કરી.
- તા.૨૨થી ૨૮ રાષ્ટ્રીય વિજ્ઞાનદિન નિમિત્તે શ્રી ભાવનાબહેન પાઠકના સક્રિય માર્ગદર્શનથી વિજ્ઞાન સપ્તાહનું આયોજન સુપેરે સંપન્ન થયું. જેમાં તા.૨૩ના રોજ હનુમંત હોસ્પિટલના ડૉકટરો દ્વારા નિદાનયજ્ઞનું આયોજન થયું. વિદ્યાર્થીઓએ ડૉકટરો સાથે આરોગ્ય વિષયક પ્રશ્નોત્તરી કરી. તા. ૨૪ના રોજ શ્રી અરુણભાઈ દવે અને શ્રી કાંતિભાઈ ગોઠી સાથે સંવાદ, તા. ૨૫ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણી સાથે AI અને માનવજીવન વિશેનો સંવાદ, તા.૨૬ના રોજ વિદ્યાર્થી અભિવ્યક્તિ, તા. ૨૭ના રોજ વિજ્ઞાન મેળાની પૂર્વ તૈયારી અને તા. ૨૮ના રોજ વિજ્ઞાન મેળો યોજાયો. આસપાસની ૪૧ શાળાના ૨૯૭૭ બાળકો અને શિક્ષકો જોડાયા. ૧૦ કાર્યશાળામાં વિજ્ઞાનગીતો, વિજ્ઞાન રમતો, ક્વિઝ, પ્રશ્નમંચ, ગણિત ગમ્મત, પઝલ્સ, છૈં પ્રદર્શન, શેરી નાટક,૩ડી ફિલ્મ જેવી રસપ્રદ પ્રવૃત્તિમાં સૌએ મજા માણી. શ્રી બિપીનભાઈ શાહ સાથે વિદ્યાર્થીઓએ રસપ્રદ પ્રશ્નો પૂછ્યા, શ્રી ભરતભાઈ દવે દ્વારા વિજ્ઞાનગીતો રજૂ થયા. લોકભારતી અધ્યાપન મંદિરના બહેનોએ અને ભાવનગર પી.જે નર્સિંગ કૉલેજના બહેનોએ કાર્યશાળામાં તજજ્ઞ તરીકે નોંધપાત્ર ભાગીદારી કરી. શ્રી અરુણભાઈ દવેની પ્રેરક ઉપસ્થિતિમાં પંડિત સુખલાલજી લોકવિદ્યાલય– માઈધારની સમગ્ર કાર્યકરોની ટીમ આયોજન અને અમલમાં જોડાઈ.

# ૫૭મી શિક્ષણ- સંગોષ્ઠિ 'રેલી' કાર્યક્રમ : થોરડી


















TO.

From :


**Registered** *BVR/151/2021-2023, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2023*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-